# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 75 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 March 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૯ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# રાજકોટના ભાજપના ઉમેદવાર રૂપાલા સામે સંકટ વધ્યું: વિરુદ્ધમાં મતદાનની ક્ષત્રિય સમાજની હાકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં ક્ષત્રિય સમાજની મહાબેઠકમાં ક્ષત્રિય સમાજે જણાવ્યું છે કે દરેક જિલ્લામાં રૂપાલાના પૂતળાનું દહન કરાશે. ક્ષત્રિય સમાજ ભાજપનો વિરોધ કરતું નથી.

પુરુષોત્તમ રૂપાલાને ઉમેદવારપદેથી દૂર કરવા માગ કરાઇ છે. તેમજ જણાવ્યું છે કે અમે રૂપાલા સામે એક તરફી મતદાન કરીશું. રૂપાલાને ઉમેદવાર બનાવશે તો વિરોધમાં મત આપીશુ. સમાજ સામે આવીને માફી માગે તેવી માગ છે. અમારા સમાજનું અપમાન સહન ન કરી શકાય. રૂપાલા વ્હાલા હોય તો પરિણામ ભોગવવા તૈયાર રહો. રાજકોટ બેઠક પર જ અમે રૂપાલાના વિરોધમાં છીએ. રૂપાલાએ યોગ્ય માફી માગી નથી.

સમાજના અગ્રણીઓએ જણાવ્યું છે કે રૂપાલાએ કહ્યું રાજપૂત સમાજને દુઃખ થયું હોય તો માફી માગું છું. તમામ સમાજનું ૨ લાખનું વિશાળ સંમેલન રાજકોટમાં યોજાશે. તેમજ કાયદાકીય લડત માટે હાઈ કોર્ટમાં રીટ દાખલ કરાશે. ૯૦ થી વધારે સંસ્થાનાં હોદ્દેદાર આવ્યા છે. રાજકોટમાં પુરુષોત્તમ રૂપાલા સમાજને સાથે રાખીને ચાલવાના બદલે ઘર્ષણ ઊભું કરવાનું કામ કર્યું છે. તમામ વડાઓ આક્રોશ સાથે વખોડે છે જેના પડઘા ગુજરાતમાં પડ્યા છે. લોકસભા બેઠકમાં તેમનું નામ કમી થાય તે અમારી માંગ છે. ■

# ગાંધીનગર મનપાના કૉંગ્રેસના બન્ને નગરસેવકનાં રાજીનામા: ભાજપમાં જોડાશે

અમદાવાદ: ગુજરાતમાં લોકસભા ચૂંટણી-૨૦૨૪ અને ૫ બેઠક પર વિધાનસભા પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. એ પહેલા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જ કૉંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. ગાંધીનગર મનપા કૉંગ્રેસ મૂક્ત થઈ છે. કૉંગ્રેસ પાસે ગાંધીનગર મનપામાં સમ ખાવા પૂરતા બે કોર્પોરેટર હતા, ગુરુવારે બંનેએ રાજીનામા આપી દેતા ગાંધીનગર મનપામાં કૉંગ્રેસનો સફાયો થઈ ગયો છે. ગાંધીનગર મનપામાં કૉંગ્રેસના કોર્પોરેટર તેમજ વિપક્ષ નેતા અંકિત અશ્વિનકુમાર બારોટ અને કોર્પોરેટર ગજેન્દ્રસિંહ કનુભા વાઘેલાએ કોર્પોરેટર કૉંગ્રેસના પ્રાથમિક સભ્યપદથી રાજીનામાં આપ્યાં હતાં તેમજ તમામ જવાબદારીમાંથી પોતાને મુક્ત કરી દીધા છે. બંનેએ પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલને રાજીનામાં લખીને મોકલાવી દીધાં હતાં. ગાંધીનગર મનપામાં કુલ ૪૪ કોર્પોરેટર છે, જેમાં ૪૧ ભાજપના, બે કૉંગ્રેસના અને એક આમ આદમી પાર્ટીનો કોર્પોરેટર છે. હવે બે કૉંગ્રેસ કોર્પોરેટરે રાજીનામા આપતા વિપક્ષમાં આમ આદમી પાર્ટીનો એક જ કોર્પોરેટર બચ્યો છે, હવે એ રાજીનામું આપે તો ગાંધીનગર મનપામાં ઇતિહાસ સર્જાશે અને ગાંધીનગર મનપા વિપક્ષમુક્ત થઈ જશે.જો આવું થશે તો કદાચ ગાંધીનગર મનપા દેશમાં પહેલી એવી મનપા બનશે જેમાં વિપક્ષનું અસ્તિત્વ જ નહીં હોય. ■

સુરત મનપામાં સિક્યુરિટી કૌભાંડ

# ગાર્ડના ડ્યૂટી અવરમાં ગોલમાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત મનપાની દસ જેટલી સિક્યુરિટી એજન્સીનું કૌભાંડ બહાર આવ્યું છે જેમાં એક જ સિક્યોરિટી ગાર્ડ પાસેથી ડબલ કામ લઈ મનપાને આર્થિક નુકસાન પહોંચાડવામાં આવતું હતું. એજન્સીના સિક્યોરિટી ગાર્ડ મનપાની કચેરી સહિતના સ્થળો પર તો ફરજ બજાવતા જ હતા, પરંતુ તેની સાથે અન્ય સ્થળો પર પણ ફરજ બજાવતા હોવાનું મનપાની તપાસમાં બહાર આવ્યું છે. કૌભાંડ ખૂલતા જ કસૂરવાર દસ જેટલી સિક્યોરિટી એજન્સીને નોટિસ પાઠવી પાંચ લાખથી વધુના દંડની વસૂલાત કરવામાં આવી હતી. મનપાની તપાસમાં આવતા ૧૪૨ સિક્યોરિટી ગાર્ડ અન્યત્ર સ્થળે ફરજ બજાવતા હોવાનું બહાર આવતા કસૂરવાર અધિકારીઓ સામે પણ કાર્યવાહીની ચીમકી મેયરે આપી હતી. સિક્યોરિટી ગાર્ડનું શોષણ, ઓછું વેતન આપી વધારે કામ લેવાતું સુરત મનપાની મુખ્ય કચેરી, ગાર્ડન સહિત બીઆરટીએસ રૂટ પર ફરજ બજાવતા સિક્યોરિટી ગાર્ડનું કૌભાંડ બહાર આવ્યું છે. છેલ્લા અઢી મહિનાથી મનપા દ્વારા કરવામાં આવી રહેલી તપાસ દરમ્યાન આ કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું હતું, જેમાં ૧૦ જેટલી સિક્યુરિટી એજન્સીના સુરક્ષા કર્મીઓ મનપામાં ડબલ શિફ્ટમાં ફરજ બજાવતા હોવાની સાથે અન્યત્ર સ્થળે પણ ફરજ બજાવતા આવા ૧૪૨ સુરક્ષાકર્મીઓ મનપાની તપાસમાં મળી આવ્યા છે. જેના પગલે સુરત મનપા દ્વારા આવી ૧૦ જેટલી સિક્યુરિટી એજન્સીને નોટિસ પાઠવી ૫.૭૮ લાખની પેનલ્ટિ ફટકારવામાં આવી હતી. આ એજન્સીઓ દ્વારા સુરક્ષા કર્મીઓ પાસે ડબલ શિફ્ટમાં કામ લેવામાં આવતું હતું. જ્યાં ઓન પેપર ત્રણ શિફ્ટ બતાવવામાં આવતી હતી. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ મળી આવી હતી. જેમાં એક જ સિક્યોરિટી ગાર્ડ પાસે વધારાનું કામ લઈ વેતન ઓછું આપવામાં આવતું હતું. જે સુરક્ષાકર્મીઓ અન્ય સ્થળે પણ સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. ■

# ભાજપના કાર્યકરો સોશિયલ મીડિયામાં વધુ સક્રિય થાય: સી. આર. પાટીલ

અમદાવાદ: રાજકોટના કાલાવ રોડ આવેલી વીવીપી એન્જિનિયરિંગ કોલેજ ખાતે ગુરુવારે સૌરાષ્ટ્ર સોશિયલ મીડિયા મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ મીટમાં મોરબી, ગીર સોમનાથ, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર અને જામનગરના ભાજપના કાર્યકરો સોશિયલ મીડિયા સાથે સંકળાયેલા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રદેશ પ્રમુખ દ્વારા કાર્યકરોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી અને સોશિયલ મીડિયામાં કઈ રીતે કામ કરવું તે માહિતગાર કર્યા હતા. ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર પાટીલે ટકોર કરતાં જણાવ્યું હતું. ગુડ મોર્નિંગ સહિતના મેસેજમાં સમયનો વેડફાટ ન કરવા ટકોર કરી હતી. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પાસે ઘણું કામ છે. સહકાર, સંગઠન અને સરકારનાં ઘણાં કામો છે. સરકારની ઘણી યોજનાઓ અંગે માહિતી પહોંચાડવાના કામ છે. સરકારી યોજના પાછળનો હેતુ શું છે તે લોકો સુધી પહોંચાડવા જોઈએ. મોદી સરકારે ચાર કરોડથી વધુ લોકોને પોતાનું પાકું ઘર અપાવ્યું છે. પ્રદેશ પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, ૩.૫ વર્ષથી કહેતો આવું છું. વડા પ્રધાન, કેન્દ્રીય ગૃહ પ્રધાન, રાષ્ટ્રીય અધ્યક્ષ, રાજ્યના મુખ્ય પ્રધાન, પ્રધાન, ધારાસભ્યના ટ્વીટને રી ટ્વીટ કરો ચૂંટણી આવીને ઊભી છે અત્યારે સોશિયલ મીડિયાની તાકાતનો ઉપયોગ નહીં કરો તો ક્યારે કરશો? નરેન્દ્ર મોદી જે પ્રકારે કામ કરી રહ્યા છે તે જોતાં એવું લાગે છે કે આગામી સમયમાં આપણને આ પ્રકારનો નેતા નહિ મળે નરેન્દ્ર મોદીના સમયમાં કામ કરવું આપણા માટે સૌભાગ્યની વાત છે. ■

# અમદાવાદમાં ત્રણ મહિનામાં કમળાના ૩૭૫, કોલેરાના ૧૮ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં પૂર્વ વિસ્તાર પાણીજન્ય રોગચાળાના સકંજામાં આવી ગયો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં કોલેરા, કમળા અને ટાઈફોઈડ જેવા રોગનો આતંક જોવા મળી રહયો છે. શહેરમાં પ્રદૂષિત પાણી અને પાણીજન્ય રોગચાળાના કેસ સતત વધી રહ્યા છે શહેરમાં ચાલુ વર્ષના ત્રણ મહિના દરમિયાન કમળાના ૩૭૫, કોલેરા-૧૮, ટાઈફોઈડ-૭૨૭ અને ઝાડા-ઊલટીના ૧૪૪૦ કેસ નોંધાયા છે. શહેરના વટવા વિસ્તારમાં કોલેરાના ૦૫, લાંભા-૧૦ તેમજ રામોલ-હાથીજણમાં -૦૩ અને અમરાઈવાડીમાં ૦૩ કેસ કન્ફર્મ થયા છે. શહેરના દાણીલીમડા, બહેરામપુરા, સરસપુર, રખિયાલ, ગોમતીપુર, અમરાઈવાડી જેવા વિસ્તારોમાં કોલેરા, કમળો અને ઝાડા-ઊલટીના કેસ બહાર આવી રહ્યાં છે. ■

# ઉનાળામાં લોકોને ઠંડો વિસામો મળશે: બપોરે પણ અમદાવાદના તમામ બગીચાઓ ખુલ્લા મુકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આ વખતે ઉનાળો આકરો જવાનો છે. માર્ચ મહિનામાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી ગયો છે અને તેની પાર જવા માટે પણ આતુર બન્યો છે તેને જોતાં અમદાવાદીઓએ બપોરના સુમારે કામવગર બહાર નીકળવાનું ટાળવું પડશે. હવામન વિભાગે શહેરમાં ગરમીનો એપ્રિલ અને મે મહિનામાં ગરમીનો પારો ૪૫-૪૭ ડિગ્રીની વચ્ચે રહેવાની આગાહી કરી છે. આવા સંજોગોમાં મનપાના સત્તાવાળાઓ નાગરિકોની વહારે આવ્યા છે. લોકોને ભારે ગરમી દરમિયાન લૂ લાગવાથી બચાવવા માટે તંત્રએ હીટ એક્શન પ્લાનથી ગરમી સામે રક્ષણ મેળવવા માટેના વિવિધ ઉપાયોને તંત્રએ કાં તો અમલમાં મૂકી દીધા છે અથવા તો તેને મૂકવા જઈ રહ્યું છે.

અમદાવાદ મનપાના એક અધિકારીના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૦ના મે મહિનામાં ગરમીના કારણે શહેરમાં મૃત્યુઆંક ભયજનક હદે વધ્યો હતો, જેના કારણે વર્ષ ૨૦૧૩માં તંત્રએ બાળકો, મહિલા અને શ્રમિકોની સલામતી માટે એક હીટ એક્શન પ્લાન બનાવ્યો હતો, ભારે ગરમીને લગતા યલો, ઓરેન્જ અને રેડ એલર્ટ એ મનપાની દેન છે. હીટ એક્શન પ્લાનમાં ૪૫ ડિગ્રી ઉપર તાપમાન જાય ત્યારે મોત થાય છે અને ઓરેન્જ એલર્ટડમાં મોત ઘટે છે. જો કે યલો એલર્ટથી લોકો ટેવાયેલા છે. અમદાવાદમાં વધતી જતી ગરમીને લઈને આગામી દિવસોમાં ટ્રાફિક પોલીસ વિભાગ સાથે સંકલન કરીને તંત્ર ૧૨૦થી વધારે ટ્રાફિક સિગ્નલ પર તેનો સમય ઘટાડવાની વ્યવસ્થા કરશે. અમુક ટ્રાફિક સિગ્નલને બપોરના ૧૨.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધી બંધ રાખવામાં આવશે. આ માટે આગામી ૧૦ એપ્રિલથી ટ્રાફિક પોલીસ દ્વારા જાહેરાત કરવામાં આવે તેવી શકયતા છે. મનપા દ્વારા ટ્રાફિક પોલીસને ૫૦,૦૦૦ ઓઆરએસનાં પેકેટ પણ અપાયાં છે. મનપાના સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરોમાં પણ લૂ લાગવાના કેસ આવે તો દર્દીને તાત્કાલિક સારવાર આપી આઈસપેક અને ગ્લુકોઝની બોટલ ચડાવી આપવા માટે પણ તંત્ર સજજ બન્યું છે. શહેરના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે હીટસ્ટ્રોકના દર્દીઓ માટે પાંચથી છ પથારીની વ્યવસ્થા પણઉભી કરાવવામાં આવશે. શહેરીજનોને કાળઝાળ ગરમીમાં રાહત મળે તે માટે મનપા તંત્રના કુલ ૨૮૩ જેટલા બગીચા બપોરના સમયગાળામાં પણ નાગરિકો માટે ખુલ્લા રહેશે. શહેરીજનો આકરા તાપથી બચવા માટે તેનો આશ્રય લઈ શકશે. આ બગીચા રાતના ૧૧.૦૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. સફાઈ કામદારોનો સમય બપોરે ત્રણ વાગ્યાની જગ્યાએ સાંજના ૪.૩૦ વાગ્યાનો કરાશે તેમ જણાવ્યું હતું. ■

કચ્છ સોપારીકાંડનું પ્રકરણ

# શિપિંગ કંપનીનો પરવાનો રદ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:પૂર્વ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ શહેર ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્ર (કાસેઝ)માંથી બે વર્ષ અગાઉ બહાર આવેલાં કાળાં-સફેદ મરી તેમજ કરોડોના સોપારીકાંડમાં લુધિયાણા અને ગાંધીધામની ડી.આર.આઇએ કાર્યવાહી કર્યા બાદ કાસેઝમાં કાર્યરત એક શિપિંગ કંપનીને રૂ.૫૦ હજારના દંડ સાથે તેનો પરવાનો જ રદ કરી દેતાં શિપિંગ વર્તુળમાં ચકચાર પ્રસરી જવા પામી છે.

આ અંગે જાણવા મળેલી વિગતો અનુસાર,વર્ષ ૨૦૨૨માં લુધિયાણા અને બાદમાં ગાંધીધામની ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ બ્યુરોએ પૂર્વ બાતમીના આધારે કાસેઝના સેક્ટર-૧માં આવેલા એક વેરહાઉસમાં કાર્યવાહી કરી હતી જેમાં ૧૭૯૨ મેટ્રિકટન કાળાં મરી તથા સોપારી વગેરે વિદેશથી આયાત કરી,તેમાં રૂ.૬૬.૧૦ કરોડની કસ્ટમ ડ્યૂટીની ચોરી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. આ પ્રકરણમાં તપાસ એજન્સીએ ક્રિષ્ના શિપિંગ એન્ડ અલાઇડ સર્વિસીસના પંકજ કરશન ઠક્કર વિરુદ્ધ કસ્ટમની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

અફઘાનિસ્તાન સહિતના દેશોમાંથી મગાવેલા આ માલને કાગળિયા પર બાંગલાદેશ નિકાસ બતાવાયો હતો, જ્યારે જે-તે સમયે આસામ વગેરેમાં તપાસ કરાતાં માલ તે બાજુ ન આવ્યો હોવાનું તથા લુધિયાણા બાજુ સગેવગે કરાયો હોવાનું બહાર આવ્યું હતું. આયાત-નિકાસના આ પ્રકરણમાં આદિત્ય એક્સપોર્ટ થકી દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમ્યાન ક્રિષ્ના શિપિંગના બેંક એકાઉન્ટન્ટ તથા અન્ય શિપિંગ લાઇનના સંચાલકોનાં નિવેદનો પણ લેવામાં આવ્યાં હતાં.આદિત્ય એક્સપોર્ટના ભાગીદાર નૈમિષ હિંમતલાલ સોઢા તથા મેહુલ પૂજારાએ જે-તે વખતે પોતે માત્ર હાથા હોવાનું સ્વીકાર્યું હતું અને ખરેખર સમગ્ર વ્યવસાય પંકજ ઠક્કર દ્વારા સંચાલિત થતો હતો, આ પેઢીને માત્ર ભાડું ચૂકવવામાં આવતું હતું. ■

# ભચાઉ નજીક ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:ભાતીગળ પ્રદેશ કચ્છને તારાજ કરનારા મહાભૂકંપની વરવી યાદો લોકોના માનસપટ પર વારંવાર જીવંત કરી સતત ધ્રુજાવી રહેલા આફ્ટરશોક્સની વણથંભી વણઝાર વચ્ચે ગુરુવારની વહેલી પરોઢે ૩ અને ૨૫ મિનિટે ભચાઉ તાલુકાના કડોલ પાસેના રણકાંઠે ૨.૮ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.

આ અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ૨૮મી માર્ચની પરોઢે ૩ અને ૨૫ મિનિટે ભચાઉના કડોલ પાસે કેન્દ્રબિંદુ પર ૨.૮ની તીવ્રતાનું કંપન જમીનથી માત્ર ૧૨ કિલોમીટરની ઊંડાઇએથી ઉદભવ્યું હતું.

આ આંચકાની અનુભૂતિ કેન્દ્રબિંદુ નજીક આવેલા પ્રવાસન સ્થળ ધોળાવીરા વિલેજ ખાતે રોકાવા આવેલા પ્રવાસીઓએ પણ કરી હતી અને આગ ઓકતી ગરમી વચ્ચે પોતપોતાના રૂમમાંથી બહાર દોટ લગાવી હતી.

દરમિયાન ઈશુના વર્ષ ૨૦૨૪ના શરૂઆતી માસમાં ૩થી લઇ ૪.૨ની તીવ્રતા ધરાવતા પાંચથી વધુ આંચકા નોંધાઈ ચુક્યા છે અને મુંદરા, માંડવી અને ભચાઉ તાલુકામાં ક્યારેક થતા ભેદી ધડાકા પણ લોકોને સતત ડરાવી રહ્યા છે. ■

# ફ્લાઈટમાં સીટ પર બેસીને બીડી પીતા પેસેન્જરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઈટમાં ચાલુ ફ્લાઇટે સીટ પર બેસી બીડી પીતા પેસેન્જરને ક્રુ મેમ્બરે રંગેહાથ ઝડપી લીધો હતો. પેસેન્જર બીડી પીને ગલ પોતાની પાસેની દહીંની ખાલી ડબ્બીમાં નાખતો હતો. એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ધરપકડ કરાયેલો ૬૦ વર્ષીય પેસેન્જર મૂળ નવસારીનો છે અને તે જેદ્દાહથી ઇન્ડિગો એરલાઇન્સમાં અમદાવાદ આવી રહ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના નાના ચિલોડા ખાતે રહેતો વિનય પરષોત્તમદાસ તેજવાણી (ઉં.વ.૩૦) ઇન્ડિગો એરલાઇન્સમાં સિનિયર એક્ઝિક્યુટિવ સિક્યુરિટી તરીકે છેલ્લા સાત વર્ષથી નોકરી કરે છે. વિનય પોતાની ફરજ ડોમેસ્ટિક એરપોર્ટ ટર્મિનલ-૧ પર હાજર હતો તે દરમિયાન આસિ. સિક્યુરિટી મેનેજેર પ્રકાશ મકવાણાએ ફોન કરી જણાવ્યું હતું કે, ઇન્ડિગો ફ્લાઇટ જેદ્દાહથી ૨૭ માર્ચે સવારે ૨ વાગ્યે ડિપાર્ચર થયેલી ફ્લાઇટ ૯ વાગ્યે અહીં લેન્ડ થઇ તેમાં ૬.૧૦ વાગ્યે ક્રુ મેમ્બરને સ્મોકની સ્મેલ આવતા તેઓ સીટ ૧૯ એફ પર બેઠેલા પેસેન્જર પાસે ગયા ત્યારે તે પેસેન્જર સ્મોક કરતો હતો. તમે સ્મોક કરો છો તેવું ક્રૂ મેમ્બરે પૂછતા પેસેન્જરે હા પાડી હતી. બીજા ક્રૂ મેમ્બરને જાણ કરતા તેઓ ત્યાં આવી ગયા હતા ત્યારે પેસેન્જર બીડી પી રહ્યો હતો અને બીડીની રાખ દહીંની ડબ્બીમાં નાખી હતી. જેથી ક્રૂ મેમ્બરે પાણી વડે બીડી ભૂજાવી નાંખી હતી અને એક બેગમાં મૂકી દીધી હતી. ઉપરાંત તેની પાસેથી માચીસ બોક્સ મળ્યું હતું તે પણ કબજે લીધું હતું. ત્યારબાદ પેસેન્જરનું લિસ્ટ ચેક કરતા ગફર અબ્દુલ રહીમ અબ્દુલ રહીમ મેમણ હોવાની જાણ થઇ હતી. જેથી વિનય સહિત સિક્યુરિટી કર્મચારીઓએ ફ્લાઇટમાં પહોંચીને ગફરની અટકાયત કરી એરપોર્ટ પોલીસને જાણ કરતા પોલીસ પણ ત્યાં આવી ગઇ હતી. પોલીસે ૬૦ વર્ષિય ગફર અબ્દુલ રહીમ અબ્દુલરહીમ મેમણ (રહે. ભાગ્યોદય એપાર્ટમેન્ટ, નવસારી) વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. ■

# ગાંધીનગરની મામલતદાર કચેરીમાં નાયબ મામલતદારનું હૃદય રોગના હુમલાથી મોત

અમદાવાદ: ગાંધીનગરમાં ચાલુ નોકરીએ નાયબ મામલતદારને કચેરીમાં હાર્ટ એટેક આવતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જેના પગલે કચેરીમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા મનીષ કડીયા (ઉં.વ.૪૨) નિત્યક્રમ મુજબ તેઓ ઓફિસ આવ્યા હતા અને બપોરના સમયે અચાનક છાતીમાં દુઃખાવા જેવું લાગ્યું હતું. જેથી તાકીદે તેમને સારવાર માટે સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાને પગલે જિલ્લા મામલતદાર કચેરીમાં શોકનો માહોલ વ્યાપી ગયો હતો. ■

# અમદાવાદમાં ટોળાને ડરાવવા હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કરનારા બે પકડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના બોપલમાં રહેતા એક બિલ્ડર બુધવારે રાત્રે બનેવી સાથે કન્સ્ટ્રક્શન સાઇટ પર જઇ રહ્યા હતા. તે દરમિયાન દસેક લોકોનું ટોળું ધસી આવીને હથિયારો સાથે તૂટી પડ્યું હતું.

ટોળામાંથી કેટલાક લોકોએ પચ્છમ ખાતે વિજયસિંહ ભુવાજીના ત્યાં કેમ આવતો નથી તેમ કહીને ઝપાઝપી કરીને હથિયારોથી જીવલેણ હુમલો કર્યો હતો, જેના જવાબમાં સ્વબચાવમાં બિલ્ડરે હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કરતા તમામ લોકો ત્યાંથી ઊભી પૂછડીએ ભાગ્યા હતા. બિલ્ડરે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બે લોકોની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ધંધુકાના ઉપેન્દ્રસિંહ ચાવડા બોપલના શાશ્વત એપાર્ટમેન્ટમાં રહે છે અને કન્સ્ટ્રકશનનો વેપાર કરે છે. બે વર્ષથી તેઓ દાદા બાપુધામ પચ્છમ ખાતે દર્શન કરવા જતા હોવાથી ત્યાંના વિજયસિંહ સોલંકી ઉર્ફે ભુવાજી સાથે મિત્રતા થઈ હતી.

જો કે તેઓ ઉપેન્દ્રસિંહ અને તેમના પરિવાર પર ખોટા આક્ષેપો કરતા હોવાથી ઉપેન્દ્રસિંહે ત્યાં જવાનું બંધ કરી દીધું હતું.

બાદમાં ૨૬ તારીખે રાત્રે ઉપેન્દ્રસિંહ, તેમના ભાઈ, બનેવી તથા વિજયસિંહ સોલંકી સહિતના આગેવાનો બગોદરા અંબર હોટલ ખાતે સમાધાન માટે ભેગા થયા હતા. ત્યારબાદ ઉપેન્દ્રસિંહ રાત્રે તેમના બનેવી પ્રવિણસિંહ ડોડિયા સાથે ઘુમા ખાતે ચાલતી કન્સ્ટ્રક્શન સાઈટ પર ગયા હતા. તે સમયે મેરીગોલ્ડ સર્કલ પાસે રાજેન્દ્રસિંહ તથા બોપલ ખાતે રહેતા અનિલસિંહ સહિત દસેક લોકો ત્યાં ઊભા હતા અને ઉપેન્દ્રસિંહને જોઈને લાકડીઓ અને દંડા લઈને દોડ્યા હતા. જેથી ઉપેન્દ્રસિંહે તેમની પાસે રહેલી લાયસન્સવાળી રિવોલ્વરથી સ્વબચાવમાં હવામાં ચારેક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. તેમ છતાં આ તમામ લોકોએ લાકડીઓ અને પાઈપો તથા પથ્થરો વડે હુમલો કરી કારમાં તોડફોડ કરી હતી.

એટલું જ નહીં વિજયસિંહ ભુવાજીના ત્યાં કેમ આવતો નથી તેમ કહીને ઝપાઝપી કરી ધમકી આપીને તમામ લોકો ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી રાજેન્દ્રસિંહ સોલંકી અને બોપલના અનિલસિંહ પરમારની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# અમદાવાદમાં દુકાનમાં જાહેરમાં એમડી ડ્રગ્સનું વેચાણ: એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલી એક દુકાનમાંથી પોલીસે એમડી ડ્રગ્સ આઠ લાખના જથ્થા સાથે એક પેડલરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસને બાતમી મળી હતી કે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલ બાપુનગરના અજિત મિલ નજીક આવેલ સુમેલ કોમ્પ્લેક્ષની એક દુકાનમાં એમડી ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે. પોલીસ ટીમ તૈયાર કરીને રેડ કરવામાં આવી હતી. જેમાં રેડ કરતા દુકાનમાંથી ૮૫ ગ્રામ ૨૫૦ મિલિગ્રામ એમ.ડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત અંદાજે આઠ લાખ અને ૨૨ હજાર થવા પામી હતી અને દુકાનમાં એમડી ડ્રગ્સનું વેચાણ કરતો શખ્સ સલીમ શેખની પણ ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ એમડી ડ્રગ્સનો જથ્થો રાજસ્થાનના ભરત નામની વ્યક્તિ પાસેથી મેળવ્યો હતો અને અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નાની નાની પડીકી કરીને વેચાણ કરતો હતો. આ ડ્રગ્સનો જથ્થો છેલ્લા છ માસથી વેચી રહ્યો હોવાનું જણાવ્યું હતું. આવ્યું છે. પોલીસે ગુનો નોંધી ભરત નામના શખ્સની શોધખોળ હાથ ધરી હતી. ■

# સુરતના માથાભારે સજજુની ₹ ૪.૨૯ કરોડની ૩૧ મિલકત ઈડીએ ટાંચમાં લીધી

અમદાવાદ: સુરતમાં માથાભારે સાજિદ ઉર્ફે સજજુ કોઠારી ગુલામ મોહમ્મદ કોઠારી, અલ્લારખા ગુલામ મુસ્તફા શેખ અને તેના પરિવારની અંદાજે રૂપિયા ૪.૨૯ કરોડની સંપત્તિ ઈડીએ ટાંચમાં લીધી હતી. ઈડીએ મની લોન્ડરીંગ હેઠળ કાર્યવાહી કરી છે. સુરત પોલીસે સજજ કોઠારી વિરુદ્ધ ખંડણી, હત્યા, અપહરણ, રમખાણો, લૂંટ, જુગાર છ કેસ નોંધ્યા હતા. બે વર્ષ પહેલાં તેની લેન્ડગ્રેબિંગ એક્ટ મુજબ ધરપકડ કરી અને પાછળથી ગુજસીટોક હેઠળ પણ ગુનો દાખલ કરાયો હતો. આ કેસોના આધારે ઈડીએ સજજુ કોઠારી વિરુદ્ધ તપાસ હાથ ધરી હતી.

ઈડીની તપાસમાં બહાર આવ્યું હતું કે, ગુનાખોરીથી સજજુએ ૪.૨૯ કરોડની મિલકત ભેગી કરી હતી. સજજુએ પોતાના તથા પોતાના પરિવારના સભ્યોના નામ પર ૩૧ સ્થાવર મિલકત ઉભી કરી હતી. આ તમામ મિલકતો ઈડી દ્વારા જપ્ત કરવામાં આવી છે. વધુ તપાસ ચાલી રહી છે. માથાભારે સજ્જુ કોઠારીનો સુરતમાં ખૂબ આતંક હતો. તે પોલીસના ઉચ્ચ અધિકારીઓને પણ મારવાની ધમકી આપતો હતો. બે વર્ષ પહેલાં ૨૬ માર્ચ ૨૦૨૨ના રોજ સજજુ કોઠારીને તેના જ ઘરમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. કોઠારીએ નાનપુરાના જમરૂખ ગલીના ઘરમાં સિક્રેટ રૂમ બનાવ્યો હતો. પોલીસ પકડવા ગઈ ત્યારે તે તેમાં છૂપાઈ ગયો હતો, તે રૂમને તોડીને પોલીસે તેને પકડ્યો હતો. કુખ્યાત આરોપી સજજુ કોઠારીએ સરકારી જમીન પર ગેરકાયદે દબાણ કરી પાકું બાંધકામ કરી લોખંડનો તોતિંગ ગેટ બનાવી દીધો હતો. સજજુએ ૭૫૨૦ ચો.મીટર જેટલી સરકારી જમીન પર દબાણ કર્યુ હતું. રસ્તા પર પણ દબાણ કરીને તેણે બારાહજારી મહોલ્લા તરફનો ગેટ કાયમ માટે બંધ કરી દીધો હતો અને જમરૂખ ગલીના ગેટ તરફ સિક્યુરિટી ગાર્ડ બેસાડી દીધા હતા. આ બાબતે કલેક્ટરમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદની તપાસ બાદ સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટે ક્રાઇમબ્રાંચમાં ફરિયાદ આપતાં લેન્ડગ્રેબિંગ અને પાછળથી ગુજસીટોક હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં સતત બીજા દિવસે ગરમીનો પારો ૪૧ ડિગ્રી ઉપર: સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ પવન ફૂંકાશે

અમદાવાદ: ગુજરાતમાં ઉનાળાની શરૂઆતની ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રાજયમાં આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં સૌથી વધુ ભુજમાં ૪૧.૬ ડિગ્રી તાપમાન રહ્યું છે. રાજ્યના હવામાન વિભાગે આગામી ચાર દિવસ ગરમીનું જોર રહેશે. તેમ જ હીટવેવની આગાહી કરવામાં આવી છે આકરી ગરમીની અસર લોકોના જનજીવન પર પડી રહી છે. અમદાવાદમાં ૪૦ ડિગ્રી, ડીસામાં ૩૯.૧, ગાંધીનગરમાં ૩૯.૬, વલ્લભ વિદ્યાનગરમાં ૩૯.૩, વડોદરામાં ૩૯.૬, સુરતમાં ૩૭.૬, વલસાડમાં ૩૫, ભુજમાં ૩૯.૨, નલિયામાં ૩૪, કંડલા પોર્ટમાં ૩૩.૯, અમરેલીમાં ૪૦.૮, ભાવનગરમાં ૩૮.૨, દ્વારકામાં ૨૯.૧, ઓખામાં ૩૧.૬, પોરબંદરમાં ૩૬, રાજકોટમાં ૩૯.૮, વેરાવળમાં ૩૦.૬, સુરેન્દ્રનગરમાં ૪૦, મહુવામાં ૩૭.૮ અને કેશોદમાં ૩૮.૯ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં ગરમીથી બચવા લોકો ઠંડાં પીણાં, લીંબુ પાણી, છાશ, શેરડીના રસનું સેવન કરી રહ્યાં છે. તેમ જ લોકોએ બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે. ■

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 75 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 March 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૯ માર્ચ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# નાણાકીય વર્ષના છેલ્લા દિવસે શૅરબજારમાં જોરદાર તેજી

## સેન્સેક્સ ૧૨૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૪,૦૦૦ વટાવી પાછો ફર્યો, માર્કેટ કેપમાં ₹ ૧૨૭.૭૭ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના સકારાત્મક સંકેત સાથે સ્થાનિક સ્તરે સાર્વત્રિક લાવલાવનો માહોલ જામતા, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના છેલ્લા સત્રમાં શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી હતી.

બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સ ઉછાળા સાથે બંધ થયા છે. મિડકેપ શેરમાં પણ લેવાલી જોવા મળી છે. પાવર, મેટલ ઓટો અને ફાર્મા શેરોમાં સારી લેવાલી અને આગેકૂચ જોવા મળી છે. આ ઉછાળા સાથે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૨૮.૭૭ લાખ કરોડનો ઉમેરો થયો છે.

સત્રને અંતે ત્રીસ શેરવાળો સેન્સેક્સ ૬૫૫.૦૪ પોઈન્ટ્સ અથવા ૦.૯૦ ટકા વધીને ૭૩,૬૫૧.૩૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે અને નિફ્ટી ઇન્ડેક્સ ૨૦૩.૨૦ પોઈન્ટ્સ અથવા ૦.૯૨ ટકા વધીને ૨૨,૩૨૬.૯૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો છે.

સત્ર દરમિયાન એક તબક્કે સેન્સેક્સ લગભગ ૧૨૦૦ પોઈન્ટ ઉછળીને ૭૪,૧૯૦ પોઈન્ટની સપાટીએ પહોંચી ગયો હતો, જ્યારે નિફ્ટીમાં પણ ૪૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાવતો ૨૨,૫૧૬ પોઈન્ટ્સ પર પહોંચી ગયો હતો.

આ ઉછાળા વચ્ચે બીએસઇ પર તમામ લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪.૭૮ લાખ કરોડ વધીને રૂ. ૩૮૮.૪ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું જે અંતે રૂ. ૩૮૬.૯૩ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું હતું. આ રીતે રૂ. ૧૨૮.૭૭ લાખ કરોડનો ઉમેરો થયો હતો. સાપ્તાહિક ધોરણે બીએસઇ બેન્ચમાર્ક ૮૧૯.૪૧ પોઇન્ટ અથવા તો ૧.૧૨ ટકા ઊછળ્યો

(જુઓ પાનું ૨) ▶▶


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


બેંગલૂરુ ધડાકાનો મુખ્ય કાવતરાખોર પકડાયો ૨

## ટીપ્લસઝીરો ટ્રેડ સેટલમેન્ટ શરૂ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર નિયામક સેબીએ ટ્રેડિંગ સેટલમેન્ટને લઇ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સેબીએ શેરબજારમાં ૨૮ માર્ચથી ઓપ્શનલ ટી+૦ ટ્રેડ સેટલમેન્ટ સિસ્ટમ કરવાની જાહેરાત કરી છે અને એ માટે પ્રાથમિકત ધોરણે ૨૫ શેરની પસંદગી કરવામાં આવી છે.

શેરબજાર નિયામક સેબીએ માર્ચ મહિનાની શરૂઆતમાં ઓપ્શનલ ટીપ્લસઝીરો સેટલમેન્ટ સિસ્ટમ શરૂ કરવાની ઘોષણા કરી હતી. જે અંતર્ગત બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) દ્વારા ૨૮ માર્ચથી આ પદ્ધતિ અંતર્ગત ટ્રેડિંગ માટે ૨૫ શેરની યાદી જાહેર કરી હતી.

આ શેરોમાં અંબુજા સિમેન્ટ, અશોક લેલેન્ડ, બજાજા ઓટો, બૅન્ક ઓફ બરોડા, બીપીસીએલ, બિરલાસોફ્ટ લિમિટેડ, સિપ્લા લિમિટેડ, કોફોર્જ લિમિટેડ, ડિવિસ લેબોરેટરીઝ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડિયન હોટેલ્સ, જેએસડબ્લ્યુ સ્ટીલ, એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, એલટીઆઈમાઈન્ડટ્રી લિમિટેડ, એમઆરએફ લિમિટેડ, નેસ્લે ઈન્ડિયા, એનએમડીસી લિમિટેડ, ઓએનજીસી, પેટ્રોનેટ એલએનજી, સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ, સ્ટેટ બૅન્ક

(જુઓ પાનું ૨) ▶▶


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 62,550/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## 'હીરો નંબર વન'ની રાજકારણમાં સેકન્ડ ઈનિંગ

### ૧૪ વર્ષનો વનવાસ પૂરો કરી શિંદે સેનામાં જોડાયો ગોવિંદા

મુંબઈઃ ૯૦ના દાયકાના સ્ટાર અભિનેતા ગોવિંદાએ રાજકારણમાં પોતાની બીજી ઇનિંગની શરૂઆત આશરે ૧૪ વર્ષ બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જૂથની શિવસેનામાં જોડાઇને કરી છે.

ગોવિંદા આ પૂર્વે કોંગ્રેસ પક્ષ તરફથી સાંસદ રહી ચૂક્યા છે. ગોવિંદા ઉત્તર મુંબઈ બેઠક ઉપર ભાજપના દિગ્ગજ નેતા ગણાતા રામ નાઇકને હરાવ્યા હતા અને સાંસદ બન્યા હતા. પહેલી જ વખત રાજકારણમાં એન્ટ્રી કરીને ભાજપના દિગ્ગજ નેતા રામ નાઇકને હરાવીને ગોવિંદાએ મોટો અપસેટ સર્જ્યો હતો.

પોતે ફરી રાજકારણમાં પ્રવેશવાનું ક્યારેય વિચાર્યું ન હોવાનું કહેતા ગોવિંદાએ જણાવ્યું હતું કે હું ૧૪ વર્ષના લાંબા વનવાસ બાદ ફરીથી રાજકારણમાં આવ્યો છું. આ દરમિયાન તેમણે એકનાથ શિંદેની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶



**રાજાજી કે રાજાબાબુઃ** ગુરુવારે મુંબઈમાં શિવસેના (શિંદે જૂથ)માં જોડાયા બાદ ફિલ્મ અભિનેતા ગોવિંદાએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે પત્રકાર પરિષદને સંબોધી હતી. (એજન્સી)

## ગુજરાતમાં ત્રણ મહિનામાં સ્વાઇન ફ્લૂના ૬30 કેસઃ ૧૫નાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્વાઈન ફ્લૂએ કાળો કેર વર્તાવવાનું શરૂ કર્યું છે. રાજ્યમાં બે મહિનાને ૨૫ દિવસના અરસામાં જ સ્વાઈન ફ્લૂના ૬૩૦ જેટલા કેસ નોંધાયા છે. જેમાંથી ૧૫ દર્દીનાં મોત થયાં હતાં. ગત વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં માંડ ત્રણ દર્દીનાં મોત થયાં હતાં. છેલ્લા ૨૫થી ૨૬ દિવસના અરસામાં જ ગુજરાતમાં ૩૮૦ જેટલા નવા કેસ નોંધાયા છે.

રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર માર્ચ મહિનામાં જ ગુજરાતમાં ૩૮૦ જેટલા નવા સ્વાઈન ફ્લૂના કેસ આવ્યા છે. જે પૈકી છ દર્દીએ સારવાર દરમિયાન દમ તોડયો છે. અમદાવાદ શહેરમાં કેસની સંખ્યા વધારે છે. હોસ્પિટલોમાં અત્યારે ૧૩૫ જેટલા દર્દી સારવાર લઈ રહ્યા છે. જેમાં ૫૯ જેટલા એકલા અમદાવાદમાં જ છે.

## કેજરીવાલની કસ્ટડી પહેલી એપ્રિલ સુધી લંબાવાઈ

નવી દિલ્હીઃ એક્સાઈઝ પોલિસી કેસને મામલે દિલ્હી કોર્ટે મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ઈડી કસ્ટડી ગુરુવારે પહેલી એપ્રિલ સુધી લંબાવી હતી. ઈડીએ કેજરીવાલની સાત દિવસની કસ્ટડીની માગણી કરી હતી, પરંતુ કોર્ટે કેજરીવાલને પહેલી એપ્રિલે સવારે ૧૧:૦૦ વાગ્યે કોર્ટમાં રજૂ કરવા જણાવ્યું હતું.

કેજરીવાલની કસ્ટડી ગુરુવારે પુરી થવાની હોવા વચ્ચે ઈડીએ તેમને રૉઝ ઍવેન્યુ કોર્ટના વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજા સમક્ષ ઉપસ્થિત કર્યા હતા.

ઈડીએ નવેસરથી દાખલ કરેલી રિમાન્ડ અરજીમાં જણાવ્યું હતું કે તપાસ દરમિયાન પાંચ દિવસ કેજરીવાલના નિવેદન નોંધવામાં આવ્યા હતા, પરંતુ તેમણે ઉડાઉ જવાબ આપ્યા હતા. કેજરીવાલના રિમાન્ડ દરમિયાન અન્ય ત્રણ વ્યક્તિના નિવેદન પણ નોંધવામાં આવ્યા હોવાનું ઈડીએ કહ્યું હતું.

દરમિયાન, સુનાવણી દરમિયાન કેજરીવાલે

(જુઓ પાનું ૨) ▶▶

**કેજરીવાલની મુસીબત વધીઃ** એક્સાઈઝ પોલિસી સંબંધિત મનીલૉન્ડરિંગ કેસની ગુરુવારે થયેલી સુનાવણી બાદ રૉઝ એવેન્યુ કોર્ટમાંથી બહાર જઈ રહેલા દિલ્હીના મુખ્ય પ્રધાન અને 'આપ'ના સંયોજક અરવિંદ કેજરીવાલ. (એજન્સી)



## સરહદ પરની તંગદિલી ઘટાડવા ભારત-ચીન સહમત

નવી દિલ્હીઃ ભારત અને ચીનના રાજદ્વારીઓએ પૂર્વ લદાખ સહિતની સરહદને લગતા વિવાદને ઉકેલવા નવેસરથી મંત્રણા કરી હતી. બન્ને દેશ નિયમિત રાજદ્વારી અને લશ્કરી સંપર્ક જાળવી રાખવા તેમ જ સરહદ પરની તંગદિલી ઘટાડવા માટે સહમત થયા હતા.

બન્ને દેશે સરહદ પરની નિયંત્રણ રેખા (લાઇન ઑફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ) ખાતેથી બધા સૈનિકોને પાછા બોલાવી લેવા માટે પણ વિગતથી ચર્ચાવિચારણા કરી હતી. વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે ઇન્ડિયા - ચાઇના બૉર્ડર અફેર્સની સંકલન અને સલાહમસલત માટેની યંત્રણાની ૨૯મી બેઠકમાં બન્ને દેશ સરહદ પરની તંગદિલી ઘટાડવા માટે સહમત થયા હતા. આ બેઠક બીજિંગમાં ૨૭ માર્ચે યોજાઇ હતી. વિદેશ

(જુઓ પાનું ૨) ▶▶

### ભારતની સરહદો સંપૂર્ણપણે સુરક્ષિત છેઃ રાજનાથ સિંહ

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું હતું કે ભારત અને તેની સરહદો ''સંપૂર્ણ રીતે સુરક્ષિત'' છે અને દેશના લોકોને સશસ્ત્ર દળોમાં સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.

અહીં ટાઈમ્સ નાઉ સમિટના સમાપન દિવસે ફાયરસાઇડ ચેટ દરમિયાન, અગ્નિવીર યોજનાની ટીકા અંગેના પ્રશ્નના જવાબમાં, એમણે કહ્યું કે આવા પ્રશ્નો અર્થહીન છે અને રેખાંકિત કર્યું હતું કે દરેક વ્યક્તિ સ્વીકારશે કે સશસ્ત્ર દળો પાસે એક યુવાન પ્રોફાઇલ હોવું જોઈએ.

કાર્યક્રમ દરમિયાન, એમણે તેમની લગભગ ૫૦ વર્ષની લાંબી રાજકીય સફરના ટુચકાઓ

(જુઓ પાનું ૨) ▶▶

## ૬૦૦થી વધુ લોકો સાથે ₹ ૩૮૦ કરોડની છેતરપિંડી

### મુંબઈ પોલીસે ઉત્તરાખંડથી આરોપીને પકડ્યો

મુંબઈઃ શેરબજારમાં રોકાણ સામે એક્સ્ટ્રા રિટર્ન આપવાની લાલચ આપી ૬૦૦થી વધુ લોકો સાથે લગભગ ૩૮૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરનારાની મુંબઈ પોલીસે ઉત્તરાખંડમાંથી ધરપકડ કરી હતી. ૬૦૦ કરતાં વધુ લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરીને ફરાર થયેલા આરોપી અંબર રમેશચંદ્ર દલાલ (સીએ)ને મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (ઇઓડબલ્યુ)ની એક ટીમે ઉત્તરાખંડના તપોવનથી ધરપકડ કરી હતી.

શેરબજારમાં રોકાણના નામે લોકો સાથે ઠગાઇ કરવાના કિસ્સાઓમાં વધારાની સાથે પોલીસ પણ આ લૂંટારાઓને પકડવા કડક પગલાં લઈ રહી છે. તાજેતરમાં આ જ પ્રકારે લોકો પાસેથી પૈસા લઈને લોકોને વધુ રિટર્નની લાલચ આપી તેમની સાથે છેતરપિંડી કરનાર ૫૯ વર્ષની વ્યક્તિની અટક કરવામાં આવી હતી.

આરોપી તેની કંપની ખાનગી કન્સલ્ટન્સી સર્વિસીસના નામે લોકોને રોકાણ કરવા સામે મહિને ૧.૬થી ૧.૮ ટકા રિટર્નની ગેરન્ટી આપી તેમના પૈસા લઈને ફરાર થઈ જતો હતો. આ સાથે તે લોકોને કોમોડિટી માર્કેટમાં પણ રોકાણ કરી તેમની પાસેથી કરોડો રૂપિયા પડાવી લેતો હતો. આરોપી લોકો પાસેથી પૈસા લઈને તેમને થોડા સમય સુધી રિટર્ન મોકલાવતો અને થોડા

(જુઓ પાનું ૨) ▶▶

## ભરૂચની બેઠક પર ચૈતર સામે હવે ચતુષ્કોણિય મોરચો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરુચ લોકસભાની ચૂંટણીમાં નવા ઉમેદવારોની એન્ટ્રી થતાં રાજકારણમાં વધુ ગરમાવો જોવા મળી થયો છે. ભરુચ બેઠક લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીમાં ગુજરાતની પ્રથમ એવી બેઠક બની છે, જેમાં ચતુષ્કોણીય જંગ જોવા મળવાનો છે.અત્યાર સુધી ભરુચ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા અને ઈન્ડિયા ગઠબંધનાં આપનાં ઉમેદવાર ચૈતર વસાવા બે વચ્ચે જંગ જામ્યો હતો, પરંતુ હવે એઆઈએમઆઈએમ અને છોટુ વસાવા પણ મેદાનમાં આવ્યા છે.

લોકસભાની ચૂંટણીની તારીખો નજીક આવતા છોટુભાઈ વસાવાએ પણ પોતાની નવી પાર્ટીનો ઉમેદવાર મૂકશે અને હવે એઆઈએમઆઈએમ પણ પોતાનો ઉમેદવાર મેદાનમાં ઉતારવાની જાહેરાતને લઈને ભરુચ બેઠક પર ચાર ઉમેદવારો થયા છે. હવે ભરુચ બેઠક પર બીજા અપક્ષ કેટલા આવે છે એ જોવું રહ્યું. જોકે સાંસદ મનસુખ વસાવા એ આવી ગમે તેટલી પાર્ટીઓ આવે, પરંતુ ભાજપની ગાદી મજબૂત છે. મોદી સરકાર નું કામ બોલે છે. અંતરિયાળ ગામોમાં પણ અમે કામ કર્યું છે એવી વાત કરી આપ અને એઆઈએમઆઈએમ પર પ્રહાર કર્યો છે. બીજી બાજુ

(જુઓ પાનું ૨) ▶▶

## તમિળનાડુમાં આત્મહત્યાનો પ્રયાસ કરનાર ઈરોડના સાંસદનું નિધન

ઇરોડઃ તમિળનાડુના ઇરોડના સાંસદ એ ગણેશમૂર્તિનું ગુરુવારે સવારે કોઇમ્બતુરની હૉસ્પિટલમાં નિધન થયું હતું. ગણેશમૂર્તિએ તાજેતરમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેમના નિધનના સમાચાર તેમની પાર્ટી એમડીએમકે અને પોલીસ સૂત્રોએ આપ્યા હતા.

તેમના નિધન પર દુઃખ અને શોક વ્યક્ત કરતા તમિલનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને જણાવ્યું હતું કે ગણેશમૂર્તિએ તેમની રાજકીય સફર દ્રવિડ મુનેત્ર કઝગમ(ડીએમકે)માં શરૂ કરી હતી અને જિલ્લા સચિવ પદ સહિત વિવિધ ક્ષમતાઓમાં તેમની જવાબદારીઓને અસરકારક રીતે નિભાવી હતી. બાદમાં તેઓ વાઇકો(એમડીએમકે ચીફ) સાથે રાજકીય માર્ગ પર આગળ વધ્યા હતા. સ્ટાલિને એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમની ખોટ એક અવિશ્વસનીય દુઃખ આપે છે. તેઓ એક મહેનતુ રાજદ્વારી હતા. હું ડીએમકે,

(જુઓ પાનું ૨) ▶▶

## બાલ્ટીમોર દુર્ઘટનાઃ ભારતીયો સાથે એલચી કચેરી સંપર્કમાં

નવી દિલ્હીઃ અમેરિકાના બાલ્ટીમોરમાં જે માલવાહક જહાજની પુલ સાથે અથડાવાની દુર્ઘટના થઇ હતી, તે જહાજ પરના ૨૦ ભારતીય સાથે ત્યાંની ભારતીય એલચી કચેરી સંપર્કમાં છે.



બાલ્ટીમોરની નદી પરના ચાર માર્ગવાળા ૨.૬ કિલોમીટર લાંબા ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ સાથે ૯૮૪ ફૂટનું 'દાલી' નામનું જહાજ મંગળવારે રાતે અથડાયું હતું અને તેને લીધે પુલ તૂટી ગયો હતો અને અનેક વાહન નદીમાં પડ્યા હતા. આ દુર્ઘટનામાં છ જણ માર્યા ગયા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે જહાજ પરના ૨૧ કર્મચારીમાંના

(જુઓ પાનું ૨) ▶▶

## અરુણાચલ, નાગાલેન્ડમાં સશસ્ત્ર દળોની ખાસ સત્તા ચાલુ રખાશે

નવી દિલ્હીઃ સશસ્ત્ર દળોને ખાસ સત્તા આપતા કાયદાને અરુણાચલ પ્રદેશના ઓછામાં ઓછા ત્રણ જિલ્લા અને તેની આસપાસના વિસ્તારોમાં તેમ જ નાગાલેન્ડના આઠ જિલ્લા અને અન્ય કેટલાક વિસ્તારમાં વધુ છ મહિના માટે ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

ઇશાન ભારતના આ બે રાજ્યમાંની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લેવાયો હતો.

સશસ્ત્ર દળો ખાસ સત્તા આપતા કાયદાની જોગવાઇ મુજબ 'કાયદો અને વ્યવસ્થા'ને જાળવવા માટે જો જરૂર જણાય તો ગોળીબાર કરી શકે છે, ધરપકડ કરી શકે છે અને તપાસ હાથ ધરી શકે છે. કેન્દ્રના ગૃહ મંત્રાલયના જાહેરનામામાં જણાવાયું હતું કે અરુણાચલ પ્રદેશના તિરાપ, ચાંગલાંગ અને લોંગડિંગ જિલ્લા તેમ જ નામસાઇ જિલ્લાના નામસાઇ, મહાદેવપુર અને ચોવખામ પોલીસ સ્ટેશનના

(જુઓ પાનું ૨) ▶▶




એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલની ધરપકડ સાથે અમેરિકા-જર્મનીને શું લેવાદેવા?

**દિલ્હીના** મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને લગતી બે મહત્ત્વની ઘટના ગુરુવારે બની. લિકર એક્સાઈઝ કેસમાં જેલભેગા કરી દેવાયા છે ત્યારે કેજરીવાલે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું ધરી દેવું જોઈએ એવી જાહેર હિતની અરજી થયેલી પણ હાઈ કોર્ટે એ અરજી ફગાવી દીધી. બીજી ઘટનામાં કેજરીવાલના ઈડીના રિમાન્ડ પૂરા થતાં બીજા ચાર દિવસના રિમાન્ડ આપી દેવાયા.

આ બંને ઘટના મહત્ત્વની છે પણ આજે વાત બીજી બે મહત્ત્વની ઘટનાની કરવાની છે કે જેની સાથે અમેરિકા સંકળાયેલું છે. પહેલી ઘટનામાં યુ.એસ. સ્ટેટ ડિપાર્ટમેન્ટ એટલે કે વિદેશ મંત્રાલયના પ્રવક્તા મેથ્યુ મિલરે નિવેદન આપ્યું કે, અમારી સરકાર કેજરીવાલની ધરપકડના મામલામાં નજર રાખીને બેઠી છે અને અમે આશા રાખીએ છીએ કે આ કેસમાં ન્યાયી અને પારદર્શક કાનૂની પ્રક્રિયા હાથ ધરાશે. કેજરીવાલના જેલવાસના સમયગાળા દરમિયાન કાયદા અને લોકશાહીનાં મૂલ્યોનું પાલન કરવામાં આવશે.

અમેરિકા કેજરીવાલની ધરપકડ અંગે નિવેદન આપનારો પશ્ચિમનો બીજો દેશ છે. આ પહેલાં કેજરીવાલની ૨૧ માર્ચે લિકર સ્કેમ કેસમાં તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી પછી ૨૩ માર્ચે જર્મનીના વિદેશ મંત્રાલયે પણ કેજરીવાલની ધરપકડના પગલે ડહાપણ ડહોળીને કહેલું કે, કેજરીવાલ સામેનો કેસ ન્યાયી અને યોગ્ય રીતે ચાલવો જોઈએ અને કેજરીવાલની ધરપકડ પર અમે નજર રાખીને બેઠા છીએ. ભારત લોકશાહી દેશ છે અને અમને આશા છે કે અહીંની કોર્ટ સ્વતંત્ર રીતે કામ કરશે. કેજરીવાલના કેસમાં લોકશાહીના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવશે. કેજરીવાલને કોઈ પણ અવરોધ વિના કાયદાકીય મદદ મળશે અને કોઈ વ્યક્તિ જ્યાં સુધી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ ગણવાના કાયદાકીય સિદ્ધાંતનું પાલન કરાશે.

બીજી ઘટનામાં અમેરિકામાં રહીને ભારત સામે આતંકવાદ ફેલાવી રહેલા આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ) ના ચીફ ગુરપતવંત સિંહ પન્નુને કેજરીવાલ પર જેલમાં હુમલો કરવાની ધમકી આપી છે. સાથે સાથે પન્નુને દાવો કર્યો છે કે ખાલિસ્તાન સમર્થકોએ ૨૦૧૪માં અરવિંદ કેજરીવાલને ૧૩૪ કરોડ રૂપિયા આપ્યા હતા અને એ વખતે કેજરીવાલે ખાલિસ્તાનવાદી આતંકવાદીઓને મદદ કરવાની ખાતરી આપી હતી પણ હવે કેજરીવાલ ફરી ગયા છે.

પન્નુનો દાવો છે કે, કેજરીવાલ ૨૦૧૪માં ન્યૂયોર્કના રિચમંડ હિલ્સ ગુરુદ્વારામાં તેમને મળ્યા ત્યારે ૧૯૯૩ના દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં ફાંસીની સજા પામેલા ખાલિસ્તાનવાદી આતંકવાદી દેવિન્દર પાલ સિંહ ભુલ્લરને જેલમાંથી મુક્ત કરાવવાનું વચન આપ્યું હતું પણ કેજરીવાલ પોતાના વચનમાંથી ફરી ગયા છે. કેજરીવાલે અમને મદદ તો ના કરી પણ પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર આવી પછી ઘણા ખાલિસ્તાનીઓને ગેંગસ્ટર ગણાવીને મારી નાખ્યા છે. પન્નુએ વીડિયો મેસેજમાં ધમકી આપી છે કે, કેજરીવાલને જેલમાં મોકલવામાં આવશે પછી જેલમાં ખાલિસ્તાની સમર્થક કેદીઓ તેમની બરાબર ખબર લેશે.

અમેરિકાએ કેજરીવાલ અંગે આપેલા નિવેદનથી છંછેડાયેલી મોદી સરકારના આદેશના પગલે વિદેશ મંત્રાલયે અમેરિકાના ડેપ્યુટી ચીફ ઓફ મિશનને બોલાવીને ખખડાવ્યા છે અને ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી નહીં કરવાની ચેતવણી પણ આપી દીધી છે. વિદેશ મંત્રાલયે અમેરિકાને સાફ શબ્દોમાં કહી દીધું છે કે, ભારતમાં કાનૂની કાર્યવાહી અંગે અમેરિકાએ ડહાપણ ડહોળવાની જરૂર નથી. ભારતમાં કાનૂની પ્રક્રિયા સ્વતંત્ર છે અને તેની નિંદા કરવી કે તેની સામે સવાલો કરાય એ જરાય ચલાવી નહીં લેવાય.

ભારતે આ જ વાત જર્મનીને પણ સમજાવી હતી. ભારતે જર્મનીના દૂતાવાસના ડેપ્યુટી હેડને બોલાવીને સાફ શબ્દોમાં ચીમકી આપેલી કે, જર્મનીએ ભારતના આંતરિક મામલામાં દખલ કરવાની જરૂર નથી અને ભારત આવાં નિવેદનોને પોતાની ન્યાયિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ માને છે. આ પ્રકારનાં નિવેદનો ભારતના ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને સ્વતંત્રતા સામે સવાલો ઊભાં કરે છે તેથી આ બધું નહીં ચલાવી લેવાય. ભારત એક શક્તિશાળી લોકશાહી છે અને ભારતમાં ચુસ્ત રીતે કાયદાનું પાલન થાય છે. બીજા કેસોની જેમ કેજરીવાલના કેસમાં પણ કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેથી કોઈ પણ પ્રકારનાં મનઘડંત અનુમાન લગાવીને નિવેદનો કરવાની જરૂર નથી.

વિદેશ મંત્રાલયનું વલણ બિલકુલ યોગ્ય છે કેમ કે કેજરીવાલનું શું કરવું એ નક્કી કરવા આ દેશમાં અદાલત બેઠેલી જ છે. ભારતમાં રાજકારણીઓ સત્તાનો દુરુપયોગ કરે છે અને સત્તાનો ઉપયોગ પોતાના હરિફોને પરેશાન કરવા કરે છે તેમાં બેમત નથી. કેજરીવાલની ધરપકડ પણ આ માનસિકતાનો ભાગ હોઈ શકે છે. ભાજપ સરકારે કેજરીવાલને પોતાના રાજકીય ફાયદા માટે જેલભેગા કર્યા એવું માની શકાય પણ કેજરીવાલ ખરેખર દોષિત છે કે નહીં એ ભાજપ સરકાર નક્કી નથી કરવાની. એ કોર્ટ નક્કી કરવાની છે અને કોર્ટ કાયદા પ્રમાણે વર્તે છે.

અમેરિકા અને જર્મની સહિતના દેશો કેજરીવાલ મુદ્દે જે બકવાસ કરી રહ્યા છે એ ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ આપે એવી છે. આ દેશો પોતાને ત્યાં ચાલતા લોલંલોલની વાત કરતા નથી ને બીજા દેશોને જ્ઞાન પિરસે છે. અમેરિકા સહિતના પશ્ચિમના દેશોમાં બધું કાયદા પ્રમાણે જ નથી થતું ને તેની ચિંતા એ લોકોએ કરવાની જરૂર છે, ભારતની નહીં.

હવે વાત પન્નુને કરેલા લવારાની કરી લઈએ.

કેજરીવાલની ખાલિસ્તાનવાદીઓ સાથે સાંઠગાંઠની વાત નવી નથી. કેજરીવાલના એક સમયના સમર્થક કવિ કુમાર વિશ્વાસે તો કેજરીવાલ ભારતથી અલગ ખાલિસ્તાન બનાવીને ખાલિસ્તાનના વડા પ્રધાન બનવાનાં સપનાં જોતા હતા એવો આક્ષેપ પણ કરેલો. કેજરીવાલની ખાલિસ્તાનવાદીઓ સાથે મિલિભગત છે એવા આક્ષેપો તો ભાજપવાળા લાંબા સમયથી કરે છે ને ગુરપતવંત સિંહ પન્નુને પણ એ જ વાત કરી છે પણ ખાલી આક્ષેપ કરવાથી કશું સાબિત થતું નથી. એ સાબિત કરવા માટે પુરાવા મૂકવા જોઈએ અને પન્નુને કોઈ પુરાવા મૂક્યા નથી. પન્નુન પોતે જ છાપેલું કાટલું છે ત્યારે પુરાવા વિનાની તેની વાત પર કેટલો ભરોસો કરી શકાય ?

પન્નુનની વાત સાચી હોવાનો દાવો કરનારાંનું કહેવું છે કે, ૨૦૧૪માં અરવિંદ કેજરીવાલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પત્ર લખીને દિલ્હી બોમ્બ બ્લાસ્ટના દોષિત દેવિંદર પાલ સિંહ ભુલ્લરને માફ કરીને છોડી મૂકવાની માગ કરી હતી. કેજરીવાલે ભુલ્લરને છોડવાની માગ કરી એ યોગ્ય ના કહેવાય પણ એમ તો અકાલી દળના પ્રકાશસિંહ બાદલ અને સુખબીરસિંહ બાદલે પણ ભુલ્લરને છોડવાની માગ કરેલી તો બંને ખાલિસ્તાનવાદી અને દેશદ્રોહી થઈ ગયા? અકાલી દળ એ વખતે ભાજપની નરેન્દ્ર મોદી સરકારમાં ભાગીદાર હતો પણ ભાજપે આ મુદ્દે અકાલી દળ સાથેના સંબંધો તોડ્યા નહોતા તો ભાજપ પણ આ દેશદ્રોહના કામમાં ભાગીદાર થઈ ગયો?

પન્નુન પુરાવા આપે પછી કેજરીવાલ સામે ચોક્કસ કેસ કરી શકાય પણ ખાલી આક્ષેપોનો મતલબ નથી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શુક્રવાર, તા. ૨૯-૩-૨૦૨૪
ગુડ ફ્રાઈડે, વિંછુડો પ્રારંભ

- ભારતીય દિનાંક ૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૨૦-૩૫ સુધી, પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં બપોરે ક. ૧૪-૦૮ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક.૧૫-૦૫,મધ્યરાત્રિ પછી ક.૦૨-૩૭(તા.૩૦)
- ઓટઃ સવારેક.૦૮-૦૯,રાત્રે ક.૨૦-૪૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - ચતુર્થી. ગુડ ફ્રાઈડે, વિંછુડો પ્રારંભ બપોરે ક. ૧૪-૦૯. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન-કથા વાંચન. તુલસી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રીસુક્ત-પુરુષસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, નવાં વસ્ત્રો આભૂષણ સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિશેષ રૂપે ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્ર, અગ્નિ પૂજા, નિત્ય થતાં પશુ લે-વેચનાં કામકાજ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અચોક્કસ વિચારોનાં, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ. સંગીતપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર.

# પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટને એનડીપીએસ કેસમાં ૨૦ વર્ષની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પૂર્વ આઇપીએસ અધિકારી સંજીવ ભટ્ટને એનડીપીએસ અંતર્ગત ૨૦ વર્ષની સજા અને રૂ.૨ લાખનો દંડ કોર્ટે ફટકાર્યો હતો. દંડ નહીં ભરવાના સંજોગોમાં એક વર્ષ સાદી જેલ, જ્યારે કુલ ૧૧ કલમો અંતર્ગત સજાઓ ફટકારવામાં આવી હતી. એક ગુનાની સજા પૂર્ણ થતા અન્ય ગુનાની સજા ભોગવવા હુકમ કરાયો હતો. સાથે જ તે જેલમાં સંજીવ ભટ્ટને પરત મોકલાશે. સંજીવ ભટ્ટના વકીલે આરોપીને પાલનપુર જેલમાં રાખવા અપીલ કરી હતી.

આ કેસની વિગત મુજબ પૂર્વ આઇપીએસ અધિકારી સંજીવ ભટ્ટે નોંધેલા ખોટા નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક કેસ મુદ્દે પાલનપુર બીજી એડી. સેશન્સ કોર્ટે દોષિત જાહેર કર્યા હતા. સંજીવ ભટ્ટ પાલનપુર જેલમાં સીધા જ પાલનપુરના સેસન્સ કોર્ટમાં બીજા એડીશનલ ડિસ્ટિકટ એન્ડ સેન્સ જજની કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યારે ગુરુવારે સજા સંભળાવવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંજીવ ભટ્ટ પર ૧૯૯૬માં પાલનપુરની હોટેલમાં રાજસ્થાનના વકીલની રૂમમાં ખોટી રીતે ડ્રગ્સ પ્લાન્ટ કરી, દુકાન ખાલી કરવા ધમકી આપી વકીલને ફસાવવાનો આરોપ લાગ્યો હતો.

તા.૫મી સપ્ટેમ્બર ૨૦૧૮માં સંજીવ ભટ્ટની ધરપકડ થઈ હતી. આ મામલે ૨૦૧૮માં સંજીવ ભટ્ટની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી હતી. પાલનપુરની એક હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી. ઉપરાંત સીઆઈડી ક્રાઈમે પાલનપુરના તત્કાલીન પીઆઈ વ્યાસની પણ ધરપકડ કરી હતી.

તા.૩૦મી એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવનાર છે તેવી બાતમીના પગલે પોલીસે રેડ કરી એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું.

# બેંગલૂરુ ધડાકાનો મુખ્ય કાવતરાખોર પકડાયો

નવી દિલ્હીઃ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ) દ્વારા બેંગલૂરુના રામેશ્વરમ કૅફેમાંના ધડાકાના મુખ્ય કાવતરાખોરને પકડવામાં આવ્યો હતો.

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ કર્ણાટકમાં ૧૨, તમિળનાડુમાં પાંચ અને ઉત્તર પ્રદેશમાં એક મળીને કુલ ૧૮ જગ્યાએ દરોડા પાડીને મુઝામ્મીલ શરીફ અને અન્ય સહ-કાવતરાખોરને પકડવામાં આવ્યા હતા.

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ બેંગલૂરુના ધડાકાની તપાસ ત્રીજી માર્ચે પોતાના હાથમાં લીધી હતી. આ ધડાકો મુસ્સાવીર શાહઝીબ હુસૈને કર્યો હોવાનું કહેવાય છે. આ પ્રકરણમાં અબ્દુલ માથીન તાહા પણ સંડોવાયો હોવાનું મનાય છે. આ બન્ને જણ નાસતા ફરે છે.

મુઝામ્મીલ શરીફે આ કેસના અન્ય બે આરોપીને લૉજિસ્ટિક સપોર્ટ આપ્યો હતો. તેણે બેંગલૂરુના બ્રુકફિલ્ડ વિસ્તારના આઇટીપીએલ રોડ પર આવેલી કૅફેમાં વિસ્ફોટક પદાર્થ પહોંચાડવામાં પણ મદદ કરી હતી. આ ધડાકામાં હૉટેલના કર્મચારીઓ અને ગ્રાહકો ઘાયલ થયા હતા તેમ જ હૉટેલને ભારે નુકસાન થયું હતું.

ત્રણે આરોપીના ઘરે દરોડા પડાયા હતા અને અનેક ડિજિટલ સાધનો અને રોકડ રકમ જપ્ત કરાઇ હતી. (એજન્સી)

# કેજરીવાલને મુખ્ય પ્રધાનપદેથી હટાવવાની માગણી કરતી જનહિતની અરજી દિલ્હી હાઈ કોર્ટે નકારી

નવી દિલ્હીઃ એક્સાઈઝ પોલિસી સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ધરપકડ કરવામાં આવ્યા બાદ કેજરીવાલને મુખ્ય પ્રધાનપદેથી હટાવવાની માગણી કરતી જનહિતની અરજી દિલ્હી હાઈ કોર્ટે ગુરુવારે નકારી કાઢી હતી.

ધરપકડ બાદ કેજરીવાલને સરકાર ચલાવવાથી રોકતી તેમ જ ન્યાયતંત્રની દખલગીરીની જરૂરિયાત દર્શાવતી અને બંધારણીય નિષ્ફળતાના સંજોગોમાં વહીવટી અધિકારીઓ કેસને મામલે કાર્યવાહી કરે એવી કાયદાની કોઈ પણ જોગવાઈ અરજકર્તાએ ટાંકી ન હોવાનું કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ મનમોહનના વડપણ હેઠળની ખંડપીઠે કહ્યું હતું.

ન્યાયાધીશ મનમીત, પી. એસ. અરોરાનો પણ સમાવેશ કરતી ખંડપીઠે કહ્યું હતું કે જેલમાં રહીને સરકાર ચલાવવી મુશ્કેલ છે. વ્યવહારુ રીતે એ ખૂબ જ મુશ્કેલ કામ છે અમે તે સ્વીકારીએ છીએ પરંતુ આ મુદ્દે ન્યાયતંત્ર દખલગીરી કરી શકે એવી કોઈ શક્યતા છે?

આ મુદ્દે અમારે દખલગીરી કરવી પડે એવી કોઈ જરૂરિયાત ન હોવાનું કોર્ટનું માનવું છે, એમ તેમણે કહ્યું હતું. તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે આ મામલે કાયદાને સુસંગત પગલાં લઈ શકાય કે નહીં તેની ચકાસણી કરવાનું કામ સરકારના અન્ય વિભાગનું છે. (એજન્સી)

# આ એક રાજકીય કાવતરું છેઃ કેજરીવાલ

નવી દિલ્હીઃ દિલ્હીના ઉપરાજ્યપાલે કહ્યું છે કે શહેરની સરકાર જેલમાંથી નહીં ચલાવવા દેવાય તેના એક દિવસ પછી, મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે ગુરુવારે તેને ''રાજકીય કાવતરું'' ગણાવ્યું હતું અને કહ્યું હતું કે લોકો જવાબ આપશે.

ગુરુવારે શહેરની કોર્ટમાં રજૂ કરવામાં આવે તેની થોડી મિનિટો પહેલાં, કેજરીવાલને સક્સેનાના નિવેદન વિશે પૂછવામાં આવ્યું હતું. તેના જવાબમાં એણે કહ્યું કે, ''આ એક રાજકીય ષડયંત્ર છે, જનતા જડબાતોડ જવાબ આપશે.''

કેજરીવાલને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૨૧ માર્ચે દિલ્હી એક્સાઇઝ પોલિસી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ અહીંની કોર્ટ દ્વારા ૨૮ માર્ચ સુધી એજન્સીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### નાણાકીય વર્ષના

છે, જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક ૨૩૦.૧૫ પોઇન્ટ અથવા તો ૧.૦૪ ટકા વધ્યો છે. એ બાબત નોંધવી રહી કે, ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં, સેન્સેક્સ ૧૪,૬૫૯.૮૩ પોઈન્ટ અથવા ૨૪.૮૫ ટકા ઉછળ્યો હતો અને નિફ્ટી ૪,૯૬૭.૧૫ પોઈન્ટ અથવા ૨૮.૬૧ ટકા ઉછળ્યો હતો.

બજારના સાધનો અનુસાર હાલ બજારને અટકાવી શકે એવી મંદીના કોઇ સંકેત જણાતાં નથી. બજારમાં ભરપૂર પ્રવાહિતા છે અને તેને આધારે જ બજાર આગળ વધી રહ્યું છે. આ નાણાકીય વર્ષના અંતિમ સત્રમાં જ જોઇએ તો તેમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો, વિદેશી ફંડો અને રીટેલ ઇન્વેસ્ટર્સ, એમ તમામ વર્ગની અને સાર્વત્રિક લેવાલી જોવા મળી છે.

### ટીપ્લસઝીરો ટ્રેડ

ઓફ ઈન્ડિયા, ટાટા કોમ્યુનિકેશન્સ, ટ્રેન્ટ લિમિટેડ, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને વેદાંત લિમિટેડનો સમાવેશ છે.

સેબી ભારતીય શેરબજારમાં ટ્રેડ સેટલમેન્ટની સાઇકલના દિવસ ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે. હાલ ભારતીય શેરબજારમાં ટીપ્લસવન સેટલમેન્ટ સિસ્ટમ અમલમાં છે, એટલે કે શેર વેચ્યાના એક દિવસ બાદ તેનું પેમેન્ટ શેર વેચનારના એકાઉન્ટમાં જમા થાય છે. તેવી જ રીતે શેર ખરીદ્યાના એક દિવસ બાદ કસ્ટમરના પોર્ટફોલિયોમાં શેર દેખાય છે.

ટીપ્લસઝીરો સેટલમેન્ટ સિસ્ટમ એટલે કે શેરના ખરીદ અને વેચાણનું સેટલમેન્ટ એક જ દિવસમાં થશે. આ રીતે ભારત ટીપ્લસઝીરો સેટલમેન્ટ સિસ્ટમ લાગુ કરનાર બીજો દેશ બનશે. સેબીએ પાછલા વર્ષે ડિસેમ્બરમાં જણાવ્યુ હતુ કે, ટીપ્લસઝીરો સેટલમેન્ટ સિસ્ટમ બે તબક્કામાં લાગુ કરવાની યોજના છે. પ્રથમ તબક્કામાં શેર ટ્રેડિંગ દરમિયાન બપોર ૧.૩૦ વાગે સુધી થયેલા ટ્રેડ માટે ટીપ્લસઝીરો સાઇકલને લાગુ કરવામાં આવશે. ત્યારબાદ ફંડ્સ અને સિક્યોરિટીઝનું સેટલમેન્ટ સાંજે ૪.૩૦ વાગ્યા સુધી પૂર્ણ થઇ જશે.

બીજા તબક્કામાં ફંડ અને સિક્યોરિટીઝ બંને માટે ઓપ્શનલ ઇન્સ્ટન્ટ સેટલમેન્ટ લાગુ થશે. તેમાં ટ્રેડિંગ ૩.૩૦ વાગે સુધી થશે. બીજ તબક્કાની ઓપ્શનલ ઇન્સ્ટન્ટ સેટલમેન્ટ સિસ્ટમ લાગુ થયા બાદ પ્રથમ તબક્કાની ઓપ્શનલ ટીપ્લસઝીરો સિસ્ટમ બંધ થઇ જશે.

### 'હીરો નંબર વન'

એકનાથ શિંદે મુખ્ય પ્રધાન બન્યા ત્યાર બાદ મુંબઈ વધુ સુંદર અને વિકસિત દેખાઇ રહ્યું છે. જો મને મોકો મળશે તો હું કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં કામ કરવા ઇચ્છુક છું. ગોવિંદાએ વડા પ્રધાન મોદીના પણ વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે ભારતમાં વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ ભારતનો થયેલો વિકાસ અવિશ્વસ્નીય છે.

મુખ્ય પ્રધાન શિંદેએ પણ ગોવિંદા વિશે વાત કરતા જણાવ્યું હતું કે ગોવિંદા વિકાસ માટે ઊભા રહ્યા છે. તે મોદીજીની વિકાસની નીતિઓથી પ્રભાવિત છે અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીના વિકાસ તેમ જ કલ્યાણ માટે કંઇક કરવા માટે તત્પર છે. મને ખાતરી છે કે તે ફિલ્મ ઉદ્યોગ અને સરકાર વચ્ચે એક મહત્ત્વપૂર્ણ કડી બનશે. તે કોઇપણ જાતની શરત વગર અમારી સાથે જોડાયા છે.

### કેજરીવાલની કસ્ટડી

કોર્ટમાં કહ્યું હતું કે દેશ સમક્ષ 'આપ' ભ્રષ્ટ હોવાની ધુંધળી છબી ઊભી કરવામાં આવી રહી છે. હું ઈડીની તપાસનો સામનો કરવા તૈયાર છું, એમ તેમણે કહ્યું હતું. એક્સાઈઝ પોલિસી સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ઈડીએ ૨૧ માર્ચે કેજરીવાલની ધરપકડ કરી હતી અને ત્યાર બાદ કોર્ટે તેમને ૨૮ માર્ચ સુધીને ઈડી કસ્ટડી આપી હતી. (એજન્સી)

### ભારતની સરહદો

પણ શેર કર્યા હતા. ભારત-ચીન સરહદ મુદ્દે વિપક્ષના સભ્યો સહિત ઘણા લોકો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો પર તેમણે કેવી પ્રતિક્રિયા આપી તે અંગે પૂછવામાં આવતા સિંહે કહ્યું કે તેઓએ તેમને ક્યારેય અસ્વસ્થ નથી કર્યા.

દેશના હિતોને ધ્યાનમાં રાખીને, હું તેમને (વિપક્ષને) જે કરી શકું તે કહું છું, પરંતુ સંરક્ષણમાં, એવી ઘણી વસ્તુઓ છે જેનું વ્યૂહાત્મક મહત્ત્વ છે અને અમે તેને જાહેરમાં કહી શકતા નથી. અમે તે વસ્તુઓ કહેવાથી દૂર રહેવાનો પ્રયાસ કરીએ છીએ, પછી ભલે તે ઉત્તરીય, પશ્ચિમી અથવા પૂર્વીય ક્ષેત્ર વિશે હોય.

સિંહે કહ્યું કે ''હું દેશના લોકોને આશ્વાસન આપવા માંગુ છું કે તેઓને આપણી સેના અને સુરક્ષા જવાનોમાં સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.''

તેમણે ઉમેર્યું હતું કે ''પાંચ વર્ષ સુધી રક્ષા પ્રધાન અને તે પહેલા ગૃહ પ્રધાન રહીને, મેં જે જોયું, સમજ્યું અને મૂલ્યાંકન કર્યું તેના આધારે હું દેશના લોકોને ખાતરી આપવા માંગુ છું કે આપણી સરહદો અને આપણો દેશ સંપૂર્ણપણે સુરક્ષિત છે.''

### સરહદ પરની તંગદિલી

મંત્રાલયમાંના પૂર્વ એશિયા માટેના સંયુક્ત સચિવે આ દ્વિપક્ષી મંત્રણામાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. દરમિયાન, ચીનના વિદેશ મંત્રલયે ગુરુવારે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અમે ભારતીય પ્રતિનિધિમંડળની સાથે સરહદ પર શાંતિ જાળવવા માટે કરેલી મંત્રણા ફળદાયી રહી હતી. બન્ને દેશ નિયમિત રાજદ્વારી અને લશ્કરી સંપર્ક ચાલુ રાખવા માટે સહમત થયા હતા. બન્ને દેશના વિદેશ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, ઇમિગ્રેશન અને અન્ય અન્ય વિભાગના પ્રતિનિધિઓએ બીજિંગમાં યોજાયેલી આ બેઠકમાં ભાગ લીધો હતો. અગાઉ આવી દ્વિપક્ષી મંત્રણા ગયા વર્ષે ૩૦ નવેમ્બરે યોજાઇ હતી. (એજન્સી)

### અરુણાચલ, નાગાલેન્ડમાં

વિસ્તારોમાં સશસ્ત્ર દળોને વધુ છ મહિના માટે ખાસ સત્તા અપાઇ છે. આસામની સરહદ પાસેના અરુણાચલ પ્રદેશના અનેક વિસ્તારમાં હજી તંગદિલી છે. ગૃહ મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે નાગાલૅન્ડના દિમાપુર, નિઉલૅન્ડ, ચુમૌકેદિમા, મોન, કિફિરે, નોકલાક, ફેક અને પેરેન જિલ્લામાં સશસ્ત્ર દળોને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વધારે છ મહિના ખાસ સત્તા અપાઇ છે.

અગાઉ, કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે સશસ્ત્ર દળોને અપાયેલી ખાસ સત્તા ઇશાન ભારતના ૭૦ ટકા વિસ્તારમાંથી હટાવી લેવાઇ છે, પરંતુ જમ્મુ અને કાશ્મીરમાં ચાલુ રખાઇ છે. (એજન્સી)

### ભરૂચની બેઠક પર

આપના ઉમેદવાર ચૈતર વસાવાએ પણ ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યું કે, એઆઈએમઆઈએમ અમને મત તોડવાના પ્રયાસે ઉમેદવાર મૂકે છે, અને એ ભાજપની સી પાર્ટી છે. પણ અમે એમની સાથે વાત કરી કહીશું કે ગઠબંધનમાં એઆઈએમઆઈએમ છે અને અહીં કોઈ હલ કાઢીશું. અહીં વિધાનસભા આગળ હોવાથી મનસુખભાઇની સરસાઈ મળે તેમ નથી, અમે યુવા છે, એમનું વર્ચસ્વ હવે પાર્ટી નક્કી કરે છે અને અમેજ જીતીશું. આમ ભરૂચ લોકસભા બેઠક પર હાલ ખરાખરી જંગ જામશે એ વાત પાકી છે. ગુજરાતમાં હવે એઆઈએમઆઈએમ લોકસભા ચૂંટણી લડશે તેવી જાહેરાત કરી હતી. ગુજરાતની બે બેઠક પર એઆઈએમઆઈએમ ચૂંટણીમાં ઉમેદવાર ઉતારશે. જેમાં ભરૂચ અને ગાંધીનગર બેઠક પર ચૂંટણી લડશે. આમ, બે બેઠકથી ઓવૈસીની પાર્ટી ગુજરાત લોકસભાના મેદાનમાં ઉતરશે. બીજી તરફ, દીકરો ભાજપમાં જોડાઇ જતા છોટુભાઈએ નવા સંગઠનની જાહેરાત કરી છે. તેઓ ભરૂચથી ચૂંટણી લડે તેવા એંધાણ છે. છોટુ વસાવા દ્વારા ભારત આદિવાસી સેના નામના નવા સંગઠનની સ્થાપના કરાઈ છે. જેમાં આગામી દિવસોમાં હોદ્દેદારોની વરણી કરાશે.

### ૬૦૦થી વધુ લોકો

સમય બાદ તેણે રિટર્નની રકમ પણ આપવાની બંધ કરતાં અનેક લોકોએ તેની સામે ફરિયાદ નોંધાવી હતી.

છેતરપિંડીના ભોગ બનેલા ૫૬ રોકાણકારે આ બાબતે મુંબઈના પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી તેમની સાથે લગભગ ૩૮૦ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની માહિતી પોલીસને આપી હતી. આ કેસમાં ઓશિવરા પોલીસ દ્વારા ફરિયાદ નોંધી આ કેસમાં વધુ તપાસ માટે ઇઓડબલ્યુને સોપવામાં આવ્યો હતો અને તે બાદ તપાસ દરમિયાન આરોપીની ઉત્તરાખંડથી અટકાયત કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આ મામલે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. એક અધિકારીએ કહ્યું હતું કે આરોપી વ્યક્તિ પોતાને એક રોકાણ કંપનીનો દલાલ હોવાનું લોકોને કહીને તેમની પાસેથી કરોડો રૂપિયા પડાવી લેતો હતો. આ આરોપીની ધરપકડ કરી તેને મુંબઈની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેને અદાલતે પહેલી એપ્રિલ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો.

### તમિળનાડુમાં આત્મહત્યાનો

એમડીએમકે, તેમના પરિવાર અને મિત્રો પ્રત્યે મારી ઊંડી સંવેદના અને સહાનુભૂતિ વ્યક્ત કરું છું. પોલીસના જણાવ્યા અનુસાર ૭૭ વર્ષીય ગણેશમૂર્તિએ ૨૪ માર્ચે પોતાના ઘરે ઝેરી ગોળીઓ ખાઇને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમને તાત્કાલિક અહીંની હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા અને બાદમાં કોઇમ્બતુરની અન્ય ખાનગી સંસ્થામાં રિફર કરવામાં આવ્યા હતા. ઇરોડ ટાઉન પોલીસે આત્મહત્યાના પ્રયાસનો કેસ નોંધ્યો છે. જે હવે આત્મહત્યા દ્વારા મૃત્યુના કેસમાં પરિણમશે એમ પોલીસે જણાવ્યું હતું. ગણેશમૂર્તિ ૨૦૧૯માં ડીએમકેના ઉગતા સૂર્યના પ્રતીક પર સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેઓ અગાઉ ૧૯૯૮માં પલાની અને ૨૦૦૯માં ઇરોડમાંથી લોકસભાની ચૂંટણી જીત્યા હતા.

### બાલ્ટીમોર દુર્ઘટના

૨૦ જણ ભારતીય છે. તેઓ બધા ખડેધડે અને કડેધડે છે. તેઓમાંના એક જણને થોડી ઇજા થઇ હતી અને ટાંકા આવ્યા હતા, પરંતુ તે સારવાર બાદ તુરત જહાજ પર કામે ચઢ્યો હતો.

અગાઉ, અમેરિકાના પ્રમુખ જો બાઇડન અને સ્થાનિક મેયર તેમ જ સત્તાવાળાઓએ જહાજ પરના ભારતીય કર્મચારીઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આ લોકોએ તુરત ચેતવણી આપી ન હોત, તો અનેક લોકો જાન ગુમાવત. (એજન્સી)

# મલાડમાં કમર્શિયલ બિલ્ડિંગના પાંચમા અને છઠ્ઠા માળે આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડ (પૂર્વ)માં દફતરી રોડ પર આવેલી ગ્રાઉન્ડ પ્લસ આઠ માળની કમર્શિયલ બિલ્ડિંગના પાંચમા અને છઠ્ઠા માળા પર ગુરુવારે સવારના આગ ફાટી નીકળી હતી. આગ એટલી ભીષણ હતી કે દૂર દૂર સુધી ધુમાડા દેખાતા હતા. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

મલાડ (પૂર્વ)ના દિંડોશીમાં શિવાજી નગરમાં દફતરી રોડ પર ગ્રાઉન્ડ પ્લસ આઠ માળના કર્મશિયલ બિલ્ડિગ સેન્ટ્રલ પ્લાઝા કૉમ્પ્લેક્સ આવેલું છે, તેના પાંચમા અને છઠ્ઠા માળા પર આવેલી વર્ધમાન ગાર્મેન્ટ શોપમાં સવારના ૧૧.૨૬ વાગે ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના છ ફાયર એન્જિન, છ જંબો ટેન્કર, બે ફાયર ટેન્કર, એક ક્વિક રિસ્પોન્સ વેહિકલ, ત્રણ મેકેનાઈસ્ડ લેડર સહિત પહોંચી ગયા હતા.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ આગ ઝડપભેર પાંચમા અને છઠ્ઠા માળા સુધી ફેલાઈ ગઈ હતી અને તેને લીધે પૂરી બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. આગ લાગી ત્યારે ઈમારતમાં અનેક લોકો હાજર હતા, તેઓ સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. લગભગ ૧.૩૦ વાગે આગને બે નંબરની જાહેર કરવામાં આવી હતી.

ભારે જહેમત બાદ બપોરના લગભગ ૮.૩૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલુ હતું. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# ઘર ખરીદનારાઓની નુકસાન ભરપાઈની મહારેરાની ૧૪ મહિનામાં ₹ ૧૨૫ કરોડની વસૂલી

મુંબઈઃ ઘર ખરીદનારાઓ માટે નુકસાન ભરપાઈ અંતર્ગત ૧૪ મહિનામાં ૧૨૫ કરોડ રૂપિયા વસૂલ કરવામાં મહારેરાને સફળતા મળી છે. સમગ્ર દેશમાં સ્થાવર મિલકત નિયમન સંસ્થામાં આવી વિક્રમી વસૂલી કરનાર મહારેરા એકમાત્ર નિયમન સંસ્થા છે. મહારેરાએ અત્યાર સુધીમાં ૧૬૦ કરોડ રૂપિયા વસૂલ કર્યા છે. આ વસૂલી વધુ અસરકારક રીતે થાય એ માટે હવે પછી જારી કરવામાં આવનારા પ્રત્યેક વોરંટમાં સંબંધિત ડેવલપરના બૅન્કના એકાઉન્ટ નંબરની જાણ કરવાનું મહારેરાએ નક્કી કર્યું છે. આમ કરવાથી જરૂર પડે તો વસૂલી માટે મહેસૂલ વિભાગ સંબંધિત ડેવલપરના બૅન્ક એકાઉન્ટ પર ટાંચ મારી શકશે.

મહારેરાએ ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં ઘર ખરીદનારા લોકોને નુકસાન ભરપાઈ માટે વધારાના જિલ્લા કલેકટર (નિવૃત્ત)ની નિયુક્તિ કરી હતી. આ અધિકારી સતત સર્વ સંબંધિત જિલ્લા અધિકારી તેમજ અન્ય સંબંધિત અધિકારીઓના સંપર્કમાં રહે છે. મહારેરાએ વસૂલીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું હોવાથી દરેક મિટિંગમાં એની સમીક્ષા કરવામાં આવે છે. એ દરમિયાન જરૂર લાગે ત્યાં નુકસાન ભરપાઈ માટે વસૂલી કરવાની કોશિશ હંમેશા થાય છે. આ પ્રયત્નોને કારણે અત્યાર સુધીમાં ૧૧૭ પ્રોજેક્ટની ૨૩૭ ફરિયાદમાં ૧૫૯.૧ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. ■

# સીએસએમટી નજીક અંડરપાસના સમારકામને લીધે પ્રવાસીઓની હાલાકી

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) સ્ટેશનની બહાર આવેલા અંડરપાસ (સબવે)ના ચારમાંથી એક પ્રવેશદ્વારના સમારકામનું કામકાજ મુંબઈ મહાપાલિકા (બીએમસી)એ હાથ ધર્યું છે. આ કામકાજને લીધે અંડરપાસ બંધ રહેતા પ્રવાસીઓની હાલાકી થઈ રહી છે.

મુંબઈનું સીએસએમટી સ્ટેશનની બહાર ભીડને ઓછી કરવા અને પ્રવાસીઓની સગવડ માટે બીએમસી દ્વારા સબવે બાંધવામાં આવ્યા હતા. આ સબવેની અંદર અને બહાર જવા માટે ચાર ગેટ નિર્માણ કરવામાં આવ્યા છે, જેમાંથી એક ગેટનું કામકાજ શરૂ કરવા માટે તેને તોડી પાડવામાં આવ્યું છે.

સીએસએમટી ખાતેના સબવેમાંથી રોજ હજારો લોકો મુસાફરી કરે છે. આ સબવેના એક તરફના ભાગને તોડી પાડવામાં આવતા હજારો લોકોને સમસ્યા નિર્માણ થઈ છે. આ સબવેના સમારકામ માટે સબવેના દાદરાને તોડી પાડવામાં આવ્યા છે જેથી બીજો લાંબા માર્ગનો ઉપયોગ કરવો પડે છે, એવું એક પ્રવાસીએ કહ્યું હતું.સીએસએમટી રેલવે સ્ટેશન નજીક આવેલા આ અંડરપાસની આસપાસ બીએમસી હેડક્વાર્ટર સાથે અનેક શાળા અને કોલેજ પણ આવેલી છે જેથી આ અંડરપાસમાંથી હજારો લોકો મુસાફરી કરે છે. આ બાબતે બીએમસીના અધિકારીએ જણાવ્યું હતું કે આ અંડરપાસનું સમારકામ કરવામાં આવી રહ્યું છે, જેના માટે અંડરપાસના દાદરા અને સીલિંગને તોડી તેને ફરીથી બનાવવામાં આવશે. આ કામને ચોમાસા પહેલા પૂર્ણ કરવાનો લક્ષ્યાંક બીએમસીએ રાખ્યો છે. ■

# નીરવ મોદીની પ્રોપર્ટી વેચવા લંડન કોર્ટની મંજૂરી

મુંબઈઃ નીરવ મોદી પરિવારના ટ્રસ્ટ હસ્તગત એક મોકાની પ્રોપર્ટી વેચવાની પરવાનગી લંડનની હાઈ કોર્ટે બુધવારે આપી હતી. આ પ્રોપર્ટી ૫૨.૫૦ લાખ પાઉન્ડ (આશરે ૫૫ કરોડ રૂપિયા)થી ઓછી રકમે નહીં વેચવા જણાવવામાં આવ્યું છે. મોટી મૂડી ધરાવતી વ્યક્તિઓ ચકાસણી અને ટેક્સથી બચવા ટ્રસ્ટના નિયમોમાં જે છીંડાં શોધતી હોય છે એના તાણાવાણા સાંધ્યા પછી આ આદેશ અદાલતે આપ્યો હતો. લંડન સ્થિત થેમસાઇડ જેલમાં કારાવાસ ભોગવી રહેલો નીરવ મોદી વીડિયો કોન્ફરસીંગની મદદથી સુનાવણી વખતે ઉપસ્થિત રહ્યો હતો.

સંબંધિત પ્રોપર્ટી ડિસેમ્બર ૨૦૧૭માં ૬૨.૫૦ લાખ પાઉન્ડ (આશરે ૬૦ કરોડ રૂપિયા)માં ટ્રાઇડન્ટ ટ્રસ્ટ કંપની (સિંગાપોર) દ્વારા ખરીદવામાં આવી હતી. અલબત્ત એના લાભાર્થી નીરવ મોદી પરિવારના સભ્યો જ હતા. પ્રોપર્ટીનું વેચાણ થયા પછી એ પૈસા નીરવ મોદીના લેણદારોને આપવામાં આવશે. આ પ્રોપર્ટી ૪૦૭૯ ચોરસ ફૂટનો ડુપ્લેક્સ એપાર્ટમેન્ટ છે. ■




# રોકાણ પર સારા વળતરની લાલચે છેતરપિંડીઃ મીરા રોડથી યુવક પકડાયો

થાણેઃ શેર ટ્રેડિંગમાં રોકાણ પર સારા વળતરની લાલચે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં નવી મુંબઇ સાયબર પોલીસે મીરા રોડથી યુવકની ધરપકડ કરી હતી.

સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર ગજાનન કદમે જણાવ્યું હતું કે તેમણે સાત મોબાઇલ, પંદર સિમ કાર્ડ, વિવિધ બેન્કોના નવ એટીએમ કાર્ડ, બે ચેકબૂક, બે પેનકાર્ડ અને ચાર રબર સ્ટેમ્પ જપ્ત કરવામાં આવ્યાં હતાં.

એક વ્યક્તિએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે શેર ટ્રેડિંગ સ્કીમમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપીને ૧૮ જાન્યુઆરીથી ૨૯ ફેબ્રુઆરી દરમિયાન તેની સાથે ૨૯ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

આ ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને સાયબર પોલીસે તપાસ આદરી હતી અને બાદમાં ૨૩ માર્ચે મીરા રોડથી પીયૂષ જવારીલાલ લોઢા (૨૯)ની ધરપકડ કરી હતી. પૂછપરછમાં આરોપી પીયૂષે ગુનાની કબૂલાત કરી હતી. (પીટીઆઇ) ■

મનન અભ્યાસ મંડળ જાહેર આમંત્રણ

અધ્યયન વર્ગ મુંબઈ



| વાર /તારીખ | સમય | વિષય | સ્થળ |
|---|---|---|---|
| રવિવાર ૩૧-૩-૨૪ | પ્રાતઃ ૮.૩૦ થી ૯.૩૦ | શ્રીમદ્ ભગવદ્ગીતા | સેરીમોનીયલ હૉલ, આર્ય સમાજ ભિમાણી સ્ટ્રીટ, નપુ ગાર્ડન સામે. માટુંગા (સે.રે.) |
| રવિવાર ૩૧-૩-૨૪ | સવારે ૧૦.૧૫ થી ૧૧.૩૦ | શ્રીમદ્ ભાગવત મહાપુરાણ | શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ, ૧૦ મો રસ્તો, જુહુ સ્કીમ, વિલેપાર્લા-(પશ્ચિમ), મુંબઈ |
| સોમવાર ૧-૪-૨૪ | પ્રાતઃ ૭ થી ૮ | શ્રીમદ્ ભગવદ્ગીતા | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| સોમવાર ૧-૪-૨૪ | સાંજે ૭ થી ૮ | પંચદશી (પ્ર.૬) ચિત્રદીપ | કે.ઈ.એસ.ઈન્ટરનેશનલ સ્કૂલ, હેમૂ કલાની ક્રોસ રોડ-૪, કાંદિવલી (પ.), મુંબઈ-૬૭ |
| મંગળવાર ૨-૪-૨૪ | પ્રાતઃ ૭ થી ૮ | પંચદશી (પ્ર.૯) ધ્યાનદીપ | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| મંગળવાર ૨-૪-૨૪ | મધ્યાહ્ન ૩.૩૦ થી ૪.૩૦ | ભજગોવિંદમ્ | બ્રાહ્મણ સમાજ હૉલ.જોશી લેન, ઘાટકોપર (પૂર્વ).મુંબઈ-૭૭. |
| બુધવાર ૩-૪-૨૪ | પ્રાતઃ ૭ થી ૮ | યોગવશિષ્ઠ મહારામાયણ | પરમ કેશવ બાગ, નવરોજી લેન, દેરાસર પાસે, ઘાટકોપર-(પશ્ચિમ). |
| બુધવાર ૩-૪-૨૪ | સાંજેઃ ૪.૦૦ થી ૫.૩૦ | શ્રીમદ્ ભગવદ્ગીતા સંસ્કૃત વર્ગ | પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ, ચૌપાટી, મલબાર હિલ, મુંબઈ- ૪૦૦ ૦૦૭ |

પ્રવક્તાઃ પરમ પૂજ્ય માતાજી તન્મયાનંદ સરસ્વતી

આપ સૌ સાધક ભાઇ બહેનોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે

સંપર્કઃ તરુણ ત્રાલસાવાલાઃ ૯૩૨૦૦૦૬૪૨૩ • વિજય મહેતાઃ ૯૮૨૧૦૮૬૧૪૫



# દેશમાં બેરોજગારોમાં ૮૩ ટકા યુવાનો

## છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન નિરક્ષરો કરતાં સુશિક્ષિતોનું પ્રમાણ વધુ છે

મુંબઈઃ ત્રણ દિવસ પહેલાં એટલે કે મંગળવારે નવી દિલ્હીમાં ભારતના મુખ્ય આર્થિક સલાહકાર અનંત નાગેશ્વરનના હસ્તે ‘ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ, ૨૦૨૪’ શીર્ષક હેઠળ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રના ‘આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈએલઓ)’ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ હ્યુમન ડેવલપમેન્ટે (આઈએચડી) સંયુક્ત રીતે તૈયાર કરેલા અહેવાલે ભારતમાં બેરોજગારોમાં યુવાનોનું પ્રમાણ આશરે ૮૩ ટકા જેટલું હોવાનું રેખાંકિત કર્યું છે. ૨૦૦૦થી ૨૦૧૯ દરમિયાન યુવકોમાં બેરોજગારીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ત્યાર બાદ કોરોના મહામારીનાં બે વર્ષમાં એમાં થોડો ઘટાડો થયો હોવાનાં ચિહ્નો દેખાયાં હતાં. જોકે આ પ્રમાણ સુશિક્ષિતોમાં નહીં પણ નિરક્ષરોમાં જોવા મળ્યું હતું. બીજી બાજુ લોકડાઉનને કારણે ઈકોનોમિક સાઈકલ જ થંભી ગઇ હોવાથી સુશિક્ષિત યુવકોએ આ સમયમાં બેરોજગારીની સમસ્યા ઉચ્ચ કક્ષાએ પહોંચી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. એટલે કે શહેરોમાં નાના-મોટા રોજગાર કરતા નાના વેતનવાળા મજૂરો પોતાના ગામમાં પાછા ફર્યા. તેઓ પોતાના ગામમાં ખેતી તેમ જ રોજગાર ગેરંટીના કામમાં જોતરાઇ ગયા. આવા સમયમાં જોવાયેલાં ભયાનક ચિત્ર જ આંકડા સ્વરૂપનો અહેવાલ દાખવે છે. માધ્યમિક શાળાનું શિક્ષણ લેનારા ઓછામાં ઓછા ૩૫.૨ ટકા સુશિક્ષિત યુવાનો ૨૦૦૦ના વર્ષમાં નોકરી વિના હતા.

### ૯૦ ટકા અસંગઠિત કામગાર

દેશમાં હાલ જેમતેમ રૂ. ૫૦ કરોડનું કંઇ ને કંઇ વળતર મળી રહે એવાં કામ છે. એમાં પણ ૯૦ ટકાને વેતન, સેવાની શરતો, સામાજિક સુરક્ષાની કોઇ પણ ખાતરી ન હોય એવા અસંગઠિત, કોન્ટ્રેક્ટના ક્ષેત્રે કામ કરવું પડે છે. આમાં મોટા ભાગનાને દિવસે રૂ. ૧૭૮ અથવા અમુક વધારાના કામ પર નભવું પડે છે. રાષ્ટ્રીય લઘુતમ વેતનની આ મર્યાદા ૨૦૧૭થી એ જ સ્તર પર થીજી ગઇ છે. ગંભીર વાત તો એ છે કે કાયદો હોવા છતાં દેશમાં અનેક રાજ્યોમાં શ્રમિકોના માસિક પગાર રૂ. ૫૩૪૦ અથવા દિવસના રૂ. ૧૭૮ જેટલા પગારની પણ ખાતરી નથી આપવામાં આવતી. આ પૈકી યુવકોમાં એટલે કે ૧૫થી ૨૯ વયજૂથના નોકરીપાત્ર લોકોમાં ૨૦૦૦ના વર્ષથી બેરોજગારીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ચિંતાની વાત તો એ છે કે ૨૦૨૨માં ૧૦મા અને ૧૨મા ધોરણ પાસ તેમ જ ડિગ્રીધારકોને અનુક્રમે નિરક્ષર કરતાં છ કે નવ ગણું વધુ બેરોજગારી હોવાનું જણાયું હતું.

### યુવકોમાં કૌશલ્ય અને લાયકતનો અભાવ?

દેશમાં પછાત અને ગરીબ રાજ્યોમાં માધ્યમિક શિક્ષણ પછી ગળતરનું પ્રમાણ આજે પણ ઘણું છે. ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશ લેનારાઓની સંખ્યા વધી ગઇ હોઇ શાળા અને માધ્યમિક સ્તરે શિક્ષણની ગુણવત્તાનો અભાવ પણ અહેવાલ અનુસાર ચિંતાનો વિષય છે.

શિક્ષણનો દરજ્જો સુધારવો અને ઓછામાં ઓછી પાયાભૂત સુવિધા એટલે કે ચાર દીવાલ સહિત છાપરું હોય એવી શાળા, ચોક-બોર્ડનો અભાવ, જ્યારે અમુક ઠેકાણે તો શિક્ષક જ ન હોવા તો અમુક ઠેકાણે તાલીમ લીધી ન હોય એવા શિક્ષકોની ભરતી એ કમનસીબી છે. બિહાર, ઉત્તર પ્રદેશ, ઓડિસા, મધ્ય પ્રદેશ, ઝારખંડ અને છત્તીસગઢ જેવાં રાજ્યોમાં આ શિક્ષણ-તાલીમનું ચિત્ર છે. આ જ એવાં રાજ્યો છે જે રોજગારી ઊભી કરવાનાં પ્રમાણમાં પણ પાછળ છે. જોકે આ રાજ્યોએ બેરોજગારી માટે ઉઠાવેલાં પગલાં સાવ નાનાસૂના છે, એવું અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

## દક્ષિણ મુંબઇમાં ₹ છ કરોડનું મેફેડ્રોન ડ્રગ્સ પકડાયુંઃ ચારની ધરપકડ

મુંબઈઃ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) દક્ષિણ મુંબઈમાં જે. જે. માર્ગ અને મહાલક્ષ્મી વિસ્તારમાંથી રૂ. છ કરોડની કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડ્યું હતું. આ પ્રકરણે ચાર જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એએનસીના બાંદ્રા યુનિટનો સ્ટાફ બુધવારે જે. જે. માર્ગ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે તેમની નજર બે શખસ પર પડી હતી, જેમની હિલચાલ શંકાસ્પદ જણાઇ આવતાં પોલીસની ટીમે બંનેને તાબામાં લીધા હતા. બંને આરોપીની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું.

તેમણે આ ડ્રગ્સ મહાલક્ષ્મી ધોબીઘાટ ખાતેથી મેળવ્યું હોવાનું પૂછપરછમાં જાણવા મળતાં પોલીસ ટીમે ત્યાં જઇને બીજા બે આરોપીને પકડી પાડ્યા હતા. ચારેય આરોપી પાસેથી પોલીસે છ કરોડની કિંમતનું ત્રણ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

### ઉરણવાલા સ્ટ્રીટ

અડચણો આઘી કરવા માટે અંદાજે ૩૬૦ વર્ગ ફૂટ જમીન પાલિકાને લીઝમાં આપવા સંબંધની મંજૂરીને પાછી લઇ લીધી હતી. આને કારણે આ બંને માર્ગના જંક્શનથી જોડાયેલી સમસ્યાને દૂર કરવાનું લગભગ અસંભવ થઇ ગયું હતું. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જંક્શનના દક્ષિણ તરફના જોડાયેલા માર્ગ એટલા સાંકડા (૬થી ૬.૧૫ મીટર) છે કે અહીં એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવાં ઈમરજન્સી વાહનોને નીકળવામાં ભારે તકલીફ થતી હતી.

આ અરજીકર્તાઓને બંધારણની ૨૧ કલમ હેઠળ મળેલા સુરક્ષિત જીવનના અધિકારનું ઉલ્લંઘન કરે છે. સુનાવણી બાદ જસ્ટિસ ગૌતમ પટેલ અને કમલ ખાતાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે બંધારણની કલમ અનુસાર નાગરિકોનો અધિકાર મહત્ત્વનો છે. એ સમજવામાં પૂરી રીતે નિષ્ફળ છીએ કે રેલવેની એન્જિનિયરિંગથી જોડાયેલી કલમ હેઠળ મળેલા અધિકારને કેવી રીતે હરાવી શકે? ખાસ કરીને ત્યારે જ્યારે પાલિકા સમાધાનને લઇને પૂરી રીતે ખાતરી આપે છે. આ મામલે રેલવેનો રવૈયો અતાર્કિક અને મનમાનીભર્યો છે. પાલિકા સમુદ્રની ઉપર અને તેની નીચે વિશાળ રસ્તાઓ બનાવવામાં સક્ષમ છે ત્યારે પાલિકાના એન્જિનિયરિંગ કૌશલ પર શંકા કરવાનું કોઇ કારણ નથી દેખાતું.

રેલવેની ગ્રાંટ રોડ સ્ટેશન અને તેની પાસેની વોટર ટેન્ક તેમ જ પાઈપલાઈનથી જોડાયેલી ચિંતા સાવ નજીવી છે. સુનાવણી દરમિયાન રેલવેના વકીલે અરજીનો વિરોધ કર્યો હતો. તેમણે એવું કહ્યું હતું કે રેલવેની પાર્સલ ઓફિસનું કામકાજ અને વોટર પાઈપલાઈનને અસર થશે.

### રામટેકથી કૃપાલુ

ત્યાંના શિવસૈનિકો ઉદ્ધવ ઠાકરે જૂથ તરફ વળ્યા હતા. જેના કારણે તેમની મુશ્કેલીઓ વધી હતી. રામટેક બેઠક શિવસેનાનો ગઢ મનાય છે. સાંસદ કૃપાલ તુમાને આ બેઠક ઉપરથી બે વખત સાંસદ રહ્યા છે. અહીંથી શિંદે જૂથ દ્વારા રાજૂ પારવેને ઉમેદવારી આપવામાં આવે છે. રાજૂ પારવે ઉમરેડના વિધાનસભ્ય છે અને થોડા દિવસ પહેલા જ શિવસેનામાં જોડાયા હતા.

### ‘ચાય પે ચર્ચા’

શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ પારંપારિક ઓફિસ સ્પેસ, કોઇના નિવાસસ્થાન કે બંધ બારણે લેવાતા ઇન્ટરવ્યૂને બદલે કેફે, ગાર્ડન જેવી જગ્યાઓએ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર ધરાવતા કોફી મગને વિશેષ રૂપે સામેલ કરવામાં આવશે અને આ મગમાં કોફીની ચૂસ્કી લેતા સમાજ ઉપરાંત દેશના મુદ્દે તેમ જ અન્ય બાબતો વિશે ચર્ચા કરવામાં આવશે.

આ વિશે વધુ માહિતી આપતા મહારાષ્ટ્ર ભાજપના જનરલ સેક્રેટરી વિક્રાંત પાટીલે જણાવ્યું હતું કે અમે મતદારો સાથે જોડાવા માટે ખાસ સમયપત્રક તૈયાર કર્યું છે અને તેની સાથે ચર્ચા માટે વિશેષ તૈયારી કરી છે, જેથી તેમની સાથે વધુમાં વધુ સંવાદ સાધી શકાય.

**૨૦૧૪માં શરૂ થયો હતો ‘ચાય પે ચર્ચા’નો કાર્યક્રમઃ** ઉલ્લેખનીય છે કે આવો જ કાર્યક્રમ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા વડા પ્રધાન મોદી દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો અને દેશના ૧,૦૦૦ કરતાં વધુ ટી-સ્ટૉલ ઉપર નચાય પે ચર્ચાથનું આયોજન કરવામાં આવ્યું હતું.

**યુવાનો સાથે સીધો સંવાદઃ** ‘કોફી વિથ યુથ’ કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા ભારતીય યુવા મોરચાની હશે અને તે આ કાર્યક્રમમાં દર વખતે ૧૫૦થી ૨૦૦ યુવાનો જે વિવિધ ક્ષેત્રથી સંબંધિત હોય તેમની સાથે સંવાદ સાધવાનો પ્રયત્ન કરશે અને તેમની સાથે વિવિધ મુદ્દે ચર્ચા હાથ ધરશે. કલાકારો, ઉદ્યોગ સાહસિકો, નોકરિયાત યુવાઓ જેવા દરેક ક્ષેત્રના યુવાનો સાથે સંવાદ સાધવામાં આવશે.

**ગયા મહિને જ શરૂ થયો ‘નમો યુવા ચૌપાલ’:** ગયા મહિને અનેક ગામડાઓમાં નનમો યુવા ચૌપાલથ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં વિશેષ કરીને યુવાનોને સામેલ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગ્રામીણ વિસ્તારોના ભાજપના નેતાઓ અને આગેવાનો ત્યાંના યુવાનો સાથે સંવાદ સાધતા જોવા મળ્યા હતા.

### ડિફોલ્ટરોની યાદી

૧) મેસર્સ એચસીસી-એમએમસી (એફ-ઉત્તર વોર્ડ) રૂ.૯૮,૯૨,૪૧,૨૪૧
૨) મેસર્સ સીઈસી-આઈટીડી (એફ-ઉત્તર વોર્ડ) રૂ. ૯૫,૬૦,૦૭,૪૪૩
૩) મેસર્સ ડોગા સોમા (એફ-ઉત્તર વોર્ડ) રૂ.૯૪,૩૯,૮૧,૭૨૧
૪) મેસર્સ એલ એન્ડ ટી સ્ટેક (એફ-ઉત્તર વોર્ડ) રૂ. ૮૨,૧૨,૮૪,૭૧૪
૫) નિર્મલ લાઈફસ્ટાઈલ (ટી વોર્ડ) રૂ. ૪૦,૬૫,૮૩,૭૮૫
૬) વિધી રિએલિએટર્સ (પી-ઉત્તર વોર્ડ) રૂ.૧૬,૯૫,૦૮,૯૧૯
૭) જે. કુમાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ (પી-ઉત્તર વોર્ડ) ૧૬,૩૦,૨૫,૪૩૨
૮) રોયલ રિએલિએટર્સ (પી-ઉત્તર વોર્ડ) રૂ. ૪,૪૪,૪૮,૧૨૦
૯) મેસર્સ એચસીસી-એમએમસી (એફ-ઉત્તર વોર્ડ) રૂ.૪,૦૭,૬૩,૪૧૯
૧૦) રાધા કન્સ્ટ્રકશન (પી-ઉત્તર વોર્ડ) રૂ. ૨,૯૦,૭૪,૩૮૭

### સૌથી વધુ ટેક્સની વસૂલી કે-પૂર્વ વોર્ડમાંથી

ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી પાલિકા ૨,૨૧૩ હજાર કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરી ચૂકી છે, જેમાં સૌથી વધુ ટેક્સ કે-પૂર્વ વોર્ડમાંથી ૨૦૮ કરોડ રૂપિયા વસૂલ કર્યા છે. ત્યારબાદ કે-પશ્ચિમ વોર્ડમાંથી ૧૭૪.૧૫ કરોડ રૂપિયા, એસ વોર્ડમાંથી ૧૭૦.૭૭ કરોડ રૂપિયા, એચ-પૂર્વ વોર્ડમાંથી ૧૬૮.૩૪ કરોડ રૂપિયા વસૂલ કરી ચૂકી છે.

### ગઢચિરોલીમાં

વિરોધી દળ સી-૬૦ના જવાનો અને સીઆરપીએફ (સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ)ની ક્વિક એક્શન ટીમના જવાનો દ્વારા આ ઑપરેશન હાથ ધરાયું હતું.

ઑપરેશન દરમિયાન નક્સલવાદીઓએ સુરક્ષા દળોની દિશામાં ગોળીબાર કર્યો હતો, જેને લઇ સુરક્ષા દળોએ સ્વબચાવમાં પણ તેમના પર ગોળીબાર કર્યો હતો. બુધવાર રાત સુધી સામસામે ગોળીબાર ચાલુ હતો. પોલીસ દ્વારા દબાણ વધતાં નક્સલવાદીઓ અંધારાનો લાભ લઇને ત્યાંથી નાસી છૂટ્યા હતા.

દરમિયાન સુરક્ષા કર્મચારીઓએ ગુરુવારે સવારે આ વિસ્તારમાં તપાસ આદરી હતી, જેમાં તેમને જિલેટીન સ્ટિક્સ, વાયર, બેટરી, સોલાર પેનલ અને માઓવાદીઓનું સાહિત્ય મળી આવ્યું હતું, એમ નિલોત્પલે જણાવ્યું હતું. (પીટીઆઇ)

### મુંબઈથી પૂણે

અને બ્લુ અને સિલ્વર એસી-ટેક્સીના ભાડાંમાં વધારાની પણ મંજૂરી આપી હતી. મુંબઈથી એસી ટેક્સીમાં મુસાફરી કરતા પ્રવાસીઓને નાશિક માટે ૧૦૦ અને તેથી વધુ શિરડી માટે ૨૦૦ અને તેનાથી વધુ, જ્યારે પુણે માટે એસી અને નોન એસી બન્ને માટે વધારાના ૫૦ રૂપિયા ચૂકવવાના રહેશે, એમ આરટીઓના અધિકારીએ જણાવ્યું હતું. નવા ફેરફાર મુજબ એસી ટેક્સીમાં મુંબઈ-નાશિક અને મુંબઈ શેરડીનું ભાડું હાલના ૪૭૫ અને ૬૨૫ રૂપિયાની જગ્યાએ ૫૭૫ અને ૮૨૫ રૂપિયા હશે. જ્યારે મુંબઈ પુણેના રૂટ પર નોન એસીનું ભાડું ૪૫૦ની જગ્યાએ ૫૦૦ રૂપિયા તેમ જ એસી ટેક્સી માટે ૫૨૫ની જગ્યાએ ૫૭૫ રૂપિયા ભાડું લેવામાં આવશે.

હાલમાં આ ભાડામાં વધારાને લઈ કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી પણ આરટીઓના અંગત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે આગામી મહિનાથી જ આ ભાડાંમાં વધારાનો અમલ થઈ જશે. મુંબઈમાં દાદાર સ્થિત તેમના ટેક્સી સ્ટેન્ડ પર આ ભાડાના ફેરફારને ડિસ્પ્લેમાં મૂકવામાં આવે. મુંબઈ-પુણે ટેક્સી રુટ ૧૫૫ કિમી લાંબો છે, જ્યારે મુંબઈ-નાશિક અને મુંબઈ-શિરડીના રુટ ૧૭૫ કિમી અને ૨૬૫ કિમી લાંબા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### પ્રોપર્ટી ટેક્સ નહીં

હતું. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈમાં હાલ જુદા જુદા ઠેકાણે મેટ્રોના કામ ચાલી રહ્યા છે. કાસ્ટીંગ યાર્ડ પ્લોટનો પ્રોપર્ટી ટેક્સ ભરવાની જવાબદારી કરાર મુજબ સંબંધિત કૉન્ટ્રેક્ટરની છે અને કૉન્ટ્રેક્ટર તરફથી તેમાં વિલંબ થઈ રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. છેવટે મેસર્સ એચસીસી-એમએમસી, મેસર્સ સીઈસી-આઈટીડી, મેસર્સ ડોગા સોમા અને મેસર્સ એલ એન્ડ ટી નામની કંપનીઓને પ્રોપર્ટી ટેક્સ ભરવાની નોટિસ ફટકારવામાં આવી છે. આ અગાઉ માર્ચ, ૨૦૨૨માં પાલિકાએ મુંબઈ મેટ્રો-એકને કામ ચાલુ કર્યું ત્યારથી પ્રોપર્ટી ટેક્સ નહીં ચૂકવવા બદલ તેની ૨૪ મિલકતો અટેચ કરી હતી, જેમાં આઝાદ નગર, વર્સોવા અને ડી.એન. નગર મેટ્રો સ્ટેશનનો સમાવેશ થાય છે. પાલિકાના અસેસમેન્ટ એન્ડ કલેક્શન ડિપાર્ટમેન્ટ તરફથી ૨૦૨૩-૨૪ આ આર્થિક વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સનો લક્ષ્યાંક પૂરો કરવો પડકારજનક સાબિત થઈ ગયું છે. ભારે પ્રયાસ બાદ ૨૮ માર્ચ,૨૦૨૪ના બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ૨,૩૯૮ હજાર કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરી શકી છે.

અસેસમેન્ટ એન્ડ કલેકશન ડિપાર્ટમેન્ટે પોતાનું લક્ષ્યાંક પૂરું કરવા માટે મુંબઈ શહેર અને ઉપનગરના મોટા ડિફોલ્ટરો પર પોતાનું ધ્યાન કેન્દ્રિય કર્યું છે. તેમ જ અગાઉના બાકી રહેલા બિલ વસૂલી માટે પણ પાલિકા પ્રયાસ કરી રહી છે, જેમાં મુંબઈમાં મેટ્રો રેલના કામ કરી રહેલા કૉન્ટ્રેક્ટરોનો પણ સમાવેશ થાય છે. આ દરમિયાન પાલિકાએ ૨૮ માર્ચના પણ પ્રોપટી ટેક્સ નહીં ભરનારા ટોચના ૧૦ પ્રોપટી ટેક્સધારકોની યાદી બહાર પાડીને તેમન તાત્કાલિક ટેક્સ ભરવા માટે કહ્યું હતું.

### એકનાથ શિંદે જૂથના

અડસૂળે પણ રાણાની ઉમેદવારી પ્રત્યે નારાજગી દર્શાવતા સૂર આલાપ્યા છે.

આનંદરાવ અડસૂળેએ આપેલા વિરોધના સૂરોના કારણે મહાયુતિમાં ખાસ કરીને અમરાવતી બેઠકને લઇને સમસ્યા ચાલી રહી હોવાનું ચિત્ર ઊભું થયું છે. કારણ કે પહેલા બચ્ચુ કડુ અને ત્યારબાદ આનંદરાવ અડસૂળ આ બંનેએ નવનીત રાણાને મળેલી ઉમેદવારી પ્રત્યે વિરોધ દર્શાવ્યો છે. બચ્ચુ કડૂએ તો નવનીત રાણાને સમર્થન ન આપવા ઉપરાંત તેમને હરાવવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવશે, તેવું નિવેદન પણ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે અડસૂળ તે નવનીત રાણાના જૂના પ્રતિસ્પર્ધી અને વિરોધી છે અને તેમણે રાણા વિરુદ્ધ જાતિ પ્રમાણ પત્રના મુદ્દે બૉમ્બે હાઇ કોર્ટમાં અરજી પણ દાખલ કરી છે. અડસૂળ ૨૦૦૯ અને ૨૦૧૯માં નવનીત રાણા વિરુદ્ધ ચૂંટણી લડી ચૂક્યા છે, પરંતુ બંને વખત તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. અમરાવતીની બેઠક તે અનામત બેઠક છે અને એ જ મુદ્દે નવનીત રાણાએ દાખલ કરેલા જાતિ પ્રમાણ પત્ર બાબતે અડસૂળે હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં નવનીત રાણાએ નકલી જાતિ પ્રમાણ પત્ર દાખલ કર્યું હતું તેવો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, આ બબાલ બાદ ભાજપ માટે અમરાવતીની બેઠક જીતવી થોડી મુશ્કેલ રહેશે, તેવું અનુમાન છે.

### હવે આઠવલેએ

આઘાડી સાથે સામેલ થવાની ઓફર હતી, પણ મેં તેને નકારી હતી. આઘાડીના અનેક નેતા મારી સાથે સંપર્કમાં છે. મહાયુતિની આજની બેઠકમાં અમારા પક્ષને બે મહામંડળ, એક વિધાનપરિષદની સદસ્યતા, વિધાનસભા ચૂંટણીમાં ૪૦ બેઠક અને લોકસભા ચૂંટણીમાં બે બેઠક આરપીઆઇને આપવી જોઈએ એવો મત અમે રજૂ કર્યો હતો. આ બાબતે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ચંદ્રશેખર બાવનકુલે સાથે ચર્ચા કરીને આગળનો નિર્ણય લઈશું, એવું આઠવલેએ કહ્યું હતું. મહાયુતિ સાથે સીટોનો વહેંચણીને લઈને નારાજ હોવા છતાં આઠવલેએ કહ્યું હતું કે જો સરકાર દ્વારા બંધારણ બદલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે તો હું મારુ પ્રધાન પદ છોડી દઇશ. નરેન્દ્ર મોદીએ આ બાબતે પોતાની ભૂમિકા સ્પષ્ટ રીતે જણાવી હતી. નવા કાયદા બનાવવા એટલે સંવિધાન બદલવું એવું નથી, એવું કહી આઠવલેએ ભાજપને સમર્થન આપ્યું હતું.

### બારામતીનો બબાલ

મુલાકાત કરી ત્યારે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ ત્યાં હાજર હતા. બંને વચ્ચે થયેલી ચર્ચામાં બારામતી બેઠકના મુદ્દે વિસ્તારમાં ચર્ચા કરી હોવાનું જાણવા મળ્યું છે. પુણે તેમ જ પુરંદર વિસ્તારની સમસ્યાઓ અંગે પણ આ બેઠકમાં ચર્ચા થઇ હોવાનું જાણવા મળ્યું હતું. આ સિવાય શિવતારે સાથે થયેલી ચર્ચામાં તેમની સાથેના બધા જ મતભેદો દૂર થયા હોવાનું પણ એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. શિવતારે હવે શું નિર્ણય લેશે તે પત્રકાર પરિષદમાં જાહેર કરશે, એમ નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

બગસરા નિવાસી હાલ દહિસર સ્વ. રમણીકલાલ જેઠાલાલ શાહના ધર્મપત્ની ઇન્દીરાબેન (ઉં. વ. ૮૦) તે ૨૭/૩/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે બિપિન, કલ્પના, ભાવેશના માતુશ્રી. બીના, તૃપ્તિ બિપીનકુમારના સાસુ. હિનલ, અંકિત, રીયાના દાદી. આગમ તથા ઋષભના નાની. મહુવા નિવાસી હાલ દહિસર મણિલાલ સોમચંદ દોશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બી વિંગ,૨૦૫, શાંતિનાથ દર્શન, દહિસર ફાટકની સામે, રણછોડદાસ રોડ, દહિસર વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ધોળા જંકશન નિવાસી હાલ ડોમ્બીવલી સ્વ. હઠીચંદ લલુભાઈ શાહના સુપુત્ર ત્રંબકભાઈ (ઉં. વ. ૮૩) તા. ૨૫- ૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.પુષ્પાબેનના પતિ. તે સંજય, મીલીબેન દેવેન્દ્રકુમાર, કાજલબેન જતીનકુમાર, મેઘાબેન મનીષકુમાર, જુલીબેન વિપુલકુમારના પિતાશ્રી. તે કોમલના સસરા. હેનીલ, સ્વ. રસિકભાઈ, સ્વ.જશુભાઈ, હસુભાઈ, સ્વ. કાન્તાબેન, સ્વ. નિરૂબેન, ચંદ્રાબેનના ભાઈ. તે સ્વસુર પક્ષે સ્વ. અમૃતલાલ લાલચંદભાઈ શાહ પાલીતાણાવાળાના જમાઈ. ભાવયાત્રા તા. ૩૧- ૩ -૨૪ના રવિવારે ૯.૩૦. પીપી ચેમ્બર્સ, સફાયર બેંકવેટ હૉલ ,ત્રીજે માળે, કે.ડી.એમ.સી ઓફિસની બાજુમાં ડોમ્બીવલી ઇસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાકડીયાના કુંવરબેન સતરા (ઉં.વ ૭૪) તા. ૨૫/૩/૨૪ના અવસાન પામેલ છે. દિવાળીબેન કરશન મેપશી સતરાના પુત્રવધૂ. વિનોદના પત્ની. સંજય, અવનીના માતા. લાકડીયા કામલબેન રાણા ગડાના પુત્રી. વીરજી, રાજુ, વર્ષાબેન પ્રવિણ, ગુણવંતી, રશ્મીના બેન. પ્રા. ટાઇમ ૩ થી ૪.૩૦, યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ).

કપાયાના વલ્લભજી હીરજી સંગોઇ (ઉં.વ.૭૭) તા. ૨૭-૩-૨૪ના અવસાન પામેલ છે. હીરબાઇ હીરજીના પુત્ર. કોડાયના મેઘબાઇ ખેતશીના જમાઇ. હેમલતાના પતિ. માવજી, લક્ષ્મીચંદ, શાંતિલાલ, વસંત, જવેરબેન, અમૃતબેન, જયવંતીબેન, મંજુલાબેનના ભાઈ. પ્રાર્થના : શ્રી જીવરાજ ભાણજી સભાગૃહ, અશોક નગર, જે. એન. રોડ, મુલુંડ (વેસ્ટ) ટા. : ૪ થી ૫.૩૦ (ચક્ષુદાન - ત્વચા દાન કરેલ છે)

કુંદરોડીના દક્ષા યોગેશ છેડા (ઉં.વ.૫૭) તા. ૨૩/૩/૨૪ના અવસાન પામેલ છે. સ્વ. મંજુલા જાદવજીના પુત્રવધૂ. યોગેશના પત્ની. લક્ષ્મી હીરજીની પુત્રી. ભરત, દિનેશ, કોડાય લતા ચુનીલાલ, મો. આસંબીયા મીના રજનીકાંત, રામાણીયા પ્રફુલા હરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હીરેન પાસડ, એચ-૧, નેન્સી કોટેજ, જૈન મંદિર રોડ, બોરીવલી (ઇ.).

સમાઘોઘાના શાંતિલાલ લક્ષ્મીબેન પ્રેમજી ગાલા (ઉં. વ.૬૫) તા. ૨૩-૦૩-૨૪ના અવસાન પામેલ છે. નાનબાઈ શવરાજના પૌત્ર. સ્વ. ચુનીલાલ, વિમળા, નવીન, પુષ્પા, દિનેશ, અશ્વિનના ભાઇ. ભુજપુર સુંદરબેન નરશી હિરાના દોહિત્ર. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિમળા સાવલા, ઇ/૩૪, મહાવિદેહ, સીમંધર સિટી, ત્રિમંદિર સંકુલ, અડાલજ - ૩૮૨૪૨૧.

બાડાના ખુશાલચંદ ભાણજી ગાલા (ઉં. વ. ૭૭) તા. ૨૭/૩/૨૪ના અવસાન પામેલ છે. પાનબાઇ લખમશીના પૌત્ર. લક્ષ્મીબેન ભાણજીના પુત્ર. શાંતીલાલ, તનસુખ, જસ્મીનના ભાઇ. મોટા લાયજાના માતુશ્રી રતનબેન રતનશી છેડાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. ખુશાલચંદ ગાલા, ડી/૫, શાંતીનગર, સાને ગુરુજી માર્ગ, સાત રસ્તા, મું. ૧૧.

## હિન્દુ મરણ

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઘાંઘળી નિવાસી હાલ મુંબઈ સ્વ. શાંતાબેન કાંતિલાલ ત્રિવેદીના પુત્ર ડો. શરદભાઈના ધર્મપત્ની ચારુબેન (ઉં.વ. ૭૨) તે હિરેન તથા શિતલના માતુશ્રી. ચંદનકુમાર, મેઘનાના સાસુ. ક્રિષ્નાના નાની. ઉસરડ નિવાસી સ્વ. મંજુલાબેન ભાનુભાઈ બધેકાના પુત્રી તા. ૨૬-૩-૨૪, મંગળવારે કૈલાસવાસી થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગામડીયા દરજી**

ગામ વલસાડ હાલ ભાયંદર સ્વ. બિપીનભાઈ ચુનીલાલ બલસારા (ઉં. વ. ૭૭) તે નીતાબેનના પતિ. ભાવેશ, વૈશાલી, સોનલના પિતા. આરતી, ડેની ચીમન ટેલર, ભાવેશ દલપત દમણીયાના સસરા. સ્વ.અશ્વિનભાઇ, વિજયભાઈ, દિલીપભાઈ, સ્વ.ભરતભાઈના ભાઈ. રાહુલ, ડિમ્પલના દાદા. પ્રિન્સ તથા નીજાન્સીના નાના. ૨૪/૩/૨૪ના દેવલોક પામેલ છે. તેમનું બેસણું ૩૧/૩/૨૪ના ૩ થી ૫. કપોળ વાડી, ગીતા નગર, ફાટક રોડ, આકાર ટાવરની નજીક ભાયંદર વેસ્ટ.

**ગામડિયા દરજી**

વલસાડ (લીલાપુર) નિવાસી હાલ મુંબઈ નાલાસોપારા સ્વ.કાંતિલાલ બલસારા (ઉં. વ. ૮૨) ગં. સ્વ. જયવંતીબેન બલસારાના પતિ. સ્વ. ગોદાવરીબેન છબિલદાસ બલસારાના પુત્ર. અશોક, ધર્મેશ, સ્વ. પરેશ, સ્વ.અજિતના પિતા. સ્વ.ભુલીબેન પ્રભુદાસ ટેલરના જમાઈ. સ્વ.નટવરલાલ, સ્વ. જેન્તીલાલ, સ્વ. અમૃતલાલ, સ્વ.ભગવનદાસના બનેવી. સ્વ. ઈશ્વરભાઈ, સ્વ.મનુભાઈ, સુશીલાબેન, હેમુબેનના ભાઈ. બેસણું તા.૩૦/૩/૨૪ શનિવારના ૪ થી ૬. ગુરુકૃપા હોલ, રેલવે ટિકિટ બારીની પાછળ, નાલાસોપારા (પૂર્વ).

**દશા નીમા વણિક**

બાલાસિનોર નિવાસી હાલ કાંદિવલી નિરંજનભાઈ મુળજીભાઈ દેસાઈના ધર્મપત્ની અ.સૌ. રશ્મિકાબેન દેસાઈ (ઉં. વ. ૭૮) તે પિયરપક્ષે બાલાસિનોરવાળા સ્વ. શાંતાબેન તથા સ્વ. નટવરલાલ પુરષોત્તમ પરીખ (સુબા)ના દીકરી. સંદીપ તથા કાલિન્દીના માતુશ્રી. મિતુલ તથા જીગ્નેશકુમાર મણિકાંત કડકિયાના સાસુ. કૃશા, સાર્થક, આસ્થા, હરિતા, દાક્ષીના બા, તે ૨૭/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૯/૩/૨૪ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ વતન અમરેલી નિવાસી હાલ મલાડ સ્વ. દમયંતીબેન તથા સ્વ. યશવંતરાય પડિયાના પૌત્રી તથા હર્ષાબેન હરેશભાઇ પડિયાંના પુત્રી જાનવી (ઉં. વ. ૨૩) તે ૨૭/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ચૈતન્ય, નીતા દેવેન્દ્ર કિરી, જયશ્રી સુધીર જોગી, આશા દિલીપ જોગી, ભારતી કિશોર સેતા, ક્રિષ્ના ચૈતન્ય પડિયાના ભત્રીજી. સ્વ.કાંતિભાઈ બોસમીયા, સ્વ.રમેશભાઈ બોસમીયા, સ્વ. દિનેશભાઇ બોસમીયાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ગોયલા હાલે પિમ્પળગાવ, નાસિક નિવાસી સ્વ. પૂરબાઈ મુળજીભાઈ કતીરાના પુત્રવધૂ સ્વ. પુષ્પાબેન, (ઉં. વ. ૬૭) તે કરશનભાઇના ધર્મપત્ની. તે યોગેશભાઈ, રોહિતભાઈ, સૌ. મમતાબેન જીગ્નેશ કુમાર ચંદન, સૌ.શીતલબેન હિતેશકુમાર ઠક્કરના માતુશ્રી. તે સૌ. આરતીબેન, સૌ. જીનલબેનના સાસુમા. તે હર્ષ, શિવ, ધાની, આદિતિ, તે પિયાંશ, આંયાંશના દાદીમા-નાનીમા. તે સ્વ. ટોકરશીભાઈ, સ્વ. જયરામભાઈ, નારાયણભાઈ, જેઠમલભાઈ, શંકરભાઈના ભાભી ૨૮/૩/૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા.૨૯/૩/૨૪ના ૪.૩૦ થી ૬. આર. પી. વિદ્યાલય, નિમાણી બસ ડેપોની બાજુમાં, પંચવટી, નાસિક.

**મેઘવાળ-વણકર**

ગામ લાઠી, હાલ મુંબઈ સ્વ. ગોવિંદભાઈ દેસા ગોહિલના ધર્મપત્ની, સ્વ. ખોડીદાસ કેશવ સુમરાના જયેષ્ઠ પુત્રી. ચારણીયાના ભાણેજ, સ્વ. દેવજીભાઈ, મંગળજીભાઈ, સ્વ. રમેશભાઈ, મણીબેનના મોટાબહેન. કંકુબેન, રતનબેન, શામજીભાઈ, દિનેશભાઈના માતૃશ્રી. કુસુમબેન, ભારતીબેન, સ્વ. મનોજભાઈ સોલંકી, દિનેશભાઈ સોલંકીના સાસુ સ્વ. ધુડીબેન ગોવિંદ ગોહિલ (ઉં. વ. ૮૨)નું સોમવાર, તા. ૨૫/ ૦૩/૨૪ના અવસાન થયું છે. તેમના બારમાની વિધિ શનિવાર, તા. ૩૦/૩/૨૪ના ૫.૦૦. બી૧, ૩૦૩, સાંઈ કોમ્પ્લેક્સ, સાંઈ શ્રૃષ્ટિ, મીરા રોડ રેલવે સ્ટેશનની પાસે, મીરા રોડ (પૂર્વ).

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન (નર્મદા) લક્ષ્મીદાસ પ્રેમજી રૂખાણા ગામ કચ્છ તેરા હાલ મુલુન્ડના જયેષ્ઠ પુત્ર દિનેશભાઇ (ઉં. વ. ૭૩) તે સરલાબેનના પતિ. તે ધર્મેશ, પુનિત તથા એકતા જયેશ તન્નાના પિતાશ્રી. તે સ્વ. સુશીલાબેન ગોકલદાસ માણેકના જમાઇ. તે શેરી, એકતા તથા જયેશ તન્નાના સસરા. તે ત્રિવેણી પ્રવીણભાઇ ઠક્કર, જયશ્રી કિશોરભાઇ મજેઠિયા, દમયંતી રમેશભાઇ અનમ, મનોરમા પ્રવીણભાઇ ઠક્કર, જયોત્સના અશ્વિનભાઇ સેજપાલ તથા દિલિપભાઇના મોટાભાઇ.તે મંગળવાર, તા. ૨૬-૩-૨૪ના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૯-૩-૨૪ના ૪થી ૬. ઠે. પરમેશ્વરી સેન્ટર, પહેલે માળે, મદન મોહન માલવિયા ક્રોસ રોડ, (અચીજા હોટેલની બાજુમાં), મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

મૂળ ગામ મોટી ખીલોરી હાલ કાંદિવલી સ્વ. હરજીવનદાસ હમીરભાઇ ધાણકના પુત્ર દિનકરભાઇ (ઉં. વ. ૭૯) તે તા. ૨૬-૩-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રવિણાબેનના પતિ. પંકજભાઇના મોટાભાઇ તથા રાજેન્દ્ર, દિપક, હર્ષાબેન ધર્મેશકુમાર જગડા, વર્ષાબેન ચેતનકુમાર સલ્લા, પ્રતિચિબેન મનોજકુમાર ધકાણના પિતા. રૂપા, જાન્હવીના સસરા. જીતલ, નિકિતા, રિષભ,

## પારસી મરણ

માનેક ગુસ્તાદ રિપોર્ટર તે મરહુમો ગુસ્તાદ તથા મેહેર રિપોર્ટરનાં દીકરી. તે મરહુમો એરચ તથા મેહલ્લીના બહેન. તે મેહેરનોશ તેવસર, શારમીન તથા રિશાદનાં ફૂઇજી. (ઉં. વ. ૯૨) રે. ઠે. બી/૨, નેસ બાગ, નાના ચોક, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૯-૩-૨૪ના એ બપોરના ૩.૪૫ વાગે, વાડીયા બંગલીમાં છેજી. (ડુંગરવાડી-મુંબઇ).

---

વ્યોમના દાદાજી. દર્શના હિરેન જોશી, ખુશબુ કાર્તિક વડિયા, રાજવી, ડિમ્પલ, અભિષેક, માલવિક, આરવના નાનાજી. પ્રાર્થનાસભા તા. ૨૯-૩-૨૪ના શુક્રવારના ૪થી ૬. ઠે. સોની વાડી, શિમ્પોલી, બોરીવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**વિશા ખડાયતા વૈષ્ણવ જંબુસર એકડો**

મૂળ વતન જંબુસર હાલ મલાડ કપિલાબેન શાહ (ઉં. વ. ૭૨) (પિયર સ્વ. નટવરલાલ છગનલાલ શાહ, ગામ જંત્રાલ) તે જયેશકુમાર શાહના ધર્મપત્ની. વિકાસકુમાર જયેશકુમાર શાહ અને નીલમબેન ચિરાગકુમાર શાહના માતા. તે રાજલબેન વિકાસકુમાર શાહ અને ચિરાગકુમાર પ્રફૂલચંદ્ર શાહના સાસુ. તે કુમારી ધૂન વિકાસકુમાર શાહના દાદી. જોયલ ચિરાગકુમાર શાહ તથા નિસર્ગ ચિરાગકુમાર શાહના નાની તા. ૨૩-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું અને તેરમું તા.૪-૪-૨૪ના રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રામાબાઈ ગોકલદાસ ચાન્નાભાઈ ગણાત્રા, કચ્છ ગામ તેરાવાળાના પુત્ર ભરતભાઈ, (ઉં. વ. ૮૧) (હાલે થાણા નિવાસી) તે સ્વ. દમયંતીબેનના પતિ. તે રાકેશના પિતાજી. કવિતાબેનના સસરા. સ્વ. ભવાનજીભાઈ, સ્વ.મથુરાદાસભાઈ, સ્વ. દેવજીભાઈ, સ્વ.વાસંતીબેન, કમળાબેન, લીલાવંતીબેન, પુષ્પાબેનના ભાઈ. સ્વ.વેલબાઈ શિવજીભાઈ ધીરાવાણી ગઢશીસાવાળાના જમાઈ. તા.૨૬-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા તા. ૨૯-૩-૨૪ શુક્રવારના ૫. થી ૬.૩૦ ઠે. ગોપુરમ હોલ, રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા ગુણવંતરાય ત્રીભોવનદાસ ગાંધીના ધર્મપત્ની જયોતીબેન, (ઉં. વ. ૮૯) તા. ૨૭મી માર્ચ ૨૪ના વડોદરા મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે વ્રજલાલ અંદરજી સંઘવીનાં દીકરી. પ્રતિમા જસ્મીન ગાંધીનાં સાસુ. જસ્મીન, મનીષા પ્રદીપ ગોરડીયા તથા મીતા વિપુલ દોશીના માતુશ્રી. નિર્મલ તથા હર્ષનાં દાદી અને સૌ. રીમાના મોટાસાસુ. સર્વ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મહુવા નિવાસી હાલ ભીવંડી ગં.સ્વ.દક્ષાબેન (ઉં. વ. ૭૭), તે સ્વ. મનહરલાલ અંબાલાલ તેતરના ધર્મપત્ની બુધવાર તા. ૨૭-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભરતભાઈ, જાગૃતિબેન, પ્રિતેશભાઈ તથા બિંદુબેનના માતુશ્રી. તે રાજેશભાઈ ગોવિંદજી છાટબાર અને દિવ્યાબેન પ્રિતેશભાઈ તેતરના સાસુ. તે અકોલાવાળા સ્વ.પોપટલાલ કલ્યાણજી પડીયાના દીકરી. સ્વ. દયાગૌરી કૃષ્ણકાંત તેતરના દેરાણી તથા સ્વ.દમયંતીબેન દિનકરભાઈ માંમતોરાના ભાભી. લૌકિક પ્રથા બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગ્યારસે બ્રાહ્મણ**

ધાંધળી નિવાસી હાલ ભાયંદર મહેશકુમાર પંડ્યા તા. ૨૮-૩-૨૪ના કૈલાશવાસી થયેલ છે. (ઉં. વ. ૭૯), તે શોભનાબેનના પતિ. સ્વ.અજવાળીબેન ભગવાનજી પંડ્યાના પુત્ર. સ્વ. સરસ્વતીબેન ઈચ્છાશંકર ત્રીવેદી (વલ્લભીપુર)ના જમાઈ. અ.સૌ. માધવી, આદિત્યના પિતા. અ. સૌ. સંસ્કૃતિ અને ભાર્ગવભાઈ ઘનશ્યામભાઈ પંડ્યાના સસરા. ભૂપતભાઈ, સ્વ.ગુલાબભાઈ, સ્વ. છેલશંકરભાઈ, હસમુખભાઈ, સ્વ.પ્રભાબેન, સ્વ.વિજયાબેન, સ્વ.રમાબેન, સ્વ. શાંતાબેન, સ્વ. જશુબેન, સ્વ.ચંપાબેનના ભાઈ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧-૪-૨૦૨૪, ૪ થી ૭, - રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, કમલાપાર્કની સામે, ભાયંદર-વેસ્ટ.

**હિન્દુ મેઘવાળ**

ગામ-રાળગોન,ભાવનગર (હાલ મુંબઈ)ના સ્વ.ભાણીબેન અને સ્વ.બધાભાઈ માણંદ મારૂના પુત્ર ટાભજીભાઈ (ઉં. વ. ૮૯) તા.૨૩/૩/૨૪ના દેવલોક પામ્યા છે. તેઓ સ્વ.પૂંજીબાઈના પતિ. વિજયભાઈ, સ્વ.સુરેશભાઈ, જયાબેન, સ્વ.લીલાબેન,અમિતાબેનના પિતા. સ્વ.દાનજીભાઈ, દેસાભાઈ, સ્વ. ધુડીબેન ચૌહાણ, સ્વ.જેઠીબેન વેલારી, સ્વ.મણીબેન વાઘના ભાઈ. મંજુલાબેન, નિર્મળાબેન, રમેશભાઈ વાઘ. વિશ્રામ મકવાણા, મહેશ વાઘના સસરા. બારીયાના જમાઈ. તેમના બારમાની વિધિ ૨૯/૩/૨૪ના શુક્રવારે ૪-૦૦. મેઘનગર પટાંગણ, આર્થરરોડ, ચિંચપોકલી ખાતે રાખવામાં આવી છે.

**મિસ્ત્રી**

મુળ બિલીમોરા હાલ કાંદિવલીના જગત ગુલાબભાઇ મિસ્ત્રી તે સ્વ. અં. સૌ. ચંદ્રિકાબેનના પતિ. તે સ્વ. કંચનબેનના પુત્ર. સ્વ. દિનેશભાઇ, સ્વ. નાનુભાઇનાં નાના ભાઇ. જીજ્ઞેશ-રીંકુના પિતાશ્રી. માધવી અને આનંદનાં સસરા. વરુણના દાદા તા. ૨૭-૩-૨૪ના બુધવારે દેવલોક થયો છે. સાદડીઃ ઠે. બી-૫૦૨, બ્લુઓશન બિલ્ડિંગ નં.૨, બ્લુ એમ્પાયર કોમ્પલેક્સ, મહાવીર નગર, એક્ષ્ટેન્શન, એકતા નગર, કાંદિવલી (પશ્ચિમ), શનિવારે તા.૩૦-૩-૨૪ના ૫થી ૭.

**કચ્છી ભાટીયા**

મૂળ વતન માંડવી હાલ મુંબઇ શશીકાંત જેસરાણી (ઉં. વ. ૮૩)તે સ્વ. ચત્રભુજભાઇ તથા સ્વ. કસ્તુરબાના પુત્ર. ગં. સ્વ. સાવિત્રીબેનના પતિ. તે આકોલાવાલા સ્વ. પ્રેમજીભાઇ તથા સ્વ. પ્રેમકુંવરબાઇ ભાટીયાના જમાઇ. તે પ્રિતી, પલ્લવી, જયંતના પિતાશ્રી. મેહુલ સંપટના સસરા. તથા રોહનના નાના તા. ૨૬-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા ૨૯-૩-૨૪ના શુક્રવાર સમય ૫થી ૬.૩૦. ઠે. રવજી જીવરાજ ચાંગડીયાવાલા હોલ, એસ.એન.ડી.ટી. કોલેજ હોલ, ૩૩૮ રફી અહેમદ કીડવાઇ રોડ, માટુંગા (ઇસ્ટ), મુંબઇ-૧૯. લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ભાયખલાના ૧૦૧ વર્ષ જૂના બ્રિજને સ્થાને નવો આઈકોનિક ડિઝાઈનવાળો કેબલ સ્ટે ઓવરબ્રિજ

## ₹૨૮૭ કરોડના ખર્ચે બનનારા બ્રિજનું કામ ફાસ્ટ ટ્રેક પર છે અને સપ્ટેમ્બરમાં ખુલ્લો મુકાય એવી સંભાવના

મુંબઈઃ આર્થિક રાજધાની મુંબઈમાં અનેક દાયકાઓ જૂના અને જર્જરિત રેલવે ઓવરબ્રિજ (આરઓબી)ની જગ્યાએ હવે નવો કેબલ સ્ટે ઓવરબ્રિજ બનવા જઇ રહ્યો છે. મહારાષ્ટ્ર રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (મહારેલ)ના માધ્યમથી આઈકોનિક ડિઝાઇનવાળા બ્રિજનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. આમાં રે રોડ કેબલ સ્ટે આરઓબીનું કામ ફાસ્ટ ટ્રેક પર છે. હાલમાં જ આ પહેલા કેબલ સ્ટે બ્રિજના પાયા ભરવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. બ્રિજને બનાવવા માટે અંદાજે રૂ. ૨૮૭ કરોડનો ખર્ચ થશે.

એમઆઈડીસી દ્વારા ભાયખલાના ૧૦૧ વર્ષ જૂના આરઓબીની નજીક આઈકોનિક ડિઝાઈનવાળો નવો કેબલ સ્ટે બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે મધ્ય રેલવે પર ૧૦૧ વર્ષ જૂનો આરઓબી અંગ્રેજોએ ૧૯૨૨માં બનાવ્યો હતો. ભાયખલા આરઓબી શહેરનો સૌથી વ્યસ્ત પુલોમાંનો એક છે. આ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને સ્ટેશનને પૂર્વથી પશ્ચિમ જોડવાની સાથે સીએસએમટી અને દાદર વચ્ચેની કનેક્ટિવિટી પણ આપે છે.

જગ્યાની અછત અને ટ્રાફિકને જોતાં કેબલ સ્ટે બ્રિજ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અહીં એક શતકથી વધુ જૂના સંત ગાડગે મહારાજ માર્કેટના ૧૨૦થી વધુ શાકભાજી માર્કેટની દુકાનોને પાલિકાના સમન્વયથી બટાવીને આ બ્રિજ બની રહ્યો છે. આ બ્રિજને બનાવવા પાછળ રૂ. ૨૮૭ કરોડનો ખર્ચ થવાનો છે. મહારેલના અધિકારીઓના જણાવ્યા અનુસાર ભાયખલા કેબલ સ્ટે બ્રિજને ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી પૂરો કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. ■



### પાલિકા રૂ. ૧૭૭૫ કરોડના ખર્ચે ૧૨ બ્રિજનું નિર્માણ કરશે

બ્રિટિશકાલીન બ્રિજોને સ્થાને હવે કેબલ બ્રિજ આકાર લઇ રહ્યા છે અને પાલિકાએ શહેરના ૧૨ બ્રિજનું નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે. રોડ બ્રિજને સ્થાને હવે કેબલ આકાર લેશે, એવું પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટના અધિકારીએ જણાવ્યું હતું. આના પર પાલિકા કુલ રૂ. ૧૭૭૫ કરોડનો ખર્ચ થાય એવું અનુમાન લગાવી રહી છે. આ બ્રિજોમાં રે રોડ બ્રિજ, દાદરનો તિલક બ્રિજ, ભાયખલા બ્રિજ, ઘાટકોપર બ્રિજ, મુંબઈ સેન્ટ્રલનો બેલાસિસ બ્રિજ, આર્થર રોડ બ્રિજ, મઝગાંવ સ્થિત સેંટ મેરી બ્રિજ, કરી રોડ બ્રિજ, માટુંગા બ્રિજ, ભાયખલાનો એસ બ્રિજ, લોઅર પરેલનો બ્રિજ અને મહાલક્ષ્મી બ્રિજનો સમાવેશ થાય છે. આ બ્રિજોમાંથી અનેક બ્રિજનાં ટેન્ડરો થઇ ચૂક્યાં છે. આગામી અમુક વર્ષોમાં જૂના બ્રિજોથી થોડા મોટા આધુનિક ટેક્નિકથી બનેલા બ્રિજો મુંબઈગરાઓની અવરજવર માટે ઉપલબ્ધ થશે. ■

### સેલ્ફી પોઈન્ટ પણ હશે

મુંબઈમાં રેલવે અને રોડ નેટવર્ક પર પહેલી વાર એક અત્યાધુનિક ડિઝાઈનવાળો કેબલ સ્ટે બ્રિજ હશે, જ્યાં સેલ્ફી પોઈન્ટ પણ રાખવામાં આવ્યો છે. આ બ્રિજ બાંદ્રા-વરલી સી લિંકની ધરતી પર બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત આ બ્રિજ પર એલઈડી સિગ્નેચર થીમ લાઈટિંગની સુવિધા પણ રાખવામાં આવી છે. ■

### રે રોડનું કામ ૭૦ ટકા પૂરું થયું

મુંબઈ અને ઉપનગરમાં બ્રિટિશકાલીનમાં બનેલા જૂના અને જર્જરિત ઓવરબ્રિજનું પુનઃ નિર્માણનું કામ પાલિકા અને મહારેલને સોંપવામાં આવ્યું છે. કહેવાય છે કે આમાં રે રોડ આરઓબીનું કામ લગભગ ૭૦ ટકા પૂરું થઇ ગયું છે. કેબલ સ્ટે બ્રિજની ખાસિયત એ છે કે અહીં ટ્રાફિકને અસર નથી થતી અને તેનું કામ પણ ઝડપી થઇ રહ્યું છે. મહારેલે કેબલ સ્ટેડ આરઓબીને સીમિત અને ઓછા પીલર્સ સાથે ડિઝાઈન કર્યો છે. રાતના સમયે સુરક્ષા અને વિઝિબિલિટીને સુનિશ્ચિત કરવા માટે બ્રિજ પર રિમોટથી કંટ્રોલ આર્કિટેક્ચરલ એલઈડી લાઈટ લગાવવામાં આવશે. જૂના આરઓબીની નજીક અડીને બનાવવામાં આવી રહેલા રે રોડના નવા કેબલ સ્ટે આરઓબીમાં રાહદારીઓ માટે ફૂટપાથની સાથે ૬ લેન હશે. જૂના બ્રિજનું રિ-ગર્ડનિંગ કરવામાં આવશે. આનાથી અહીંના ટ્રાફિકની સમસ્યાને ઉકેલી શકાશે. બ્રિજના પાયાનું કામ મોટા ભાગે પૂરું થઇ ગયું છે. ■


**જૈન ભોજનાલય ટ્રસ્ટ, જામનગર**

**નમ્ર અપીલ**

મુંબઈમાં વસતા જૈન શ્રેષ્ઠીઓ જોગ, જામનગર મુકામે ૧૦૦ વર્ષથી જૈન ભોજનાલય ચાલે છે જેમાં બપોરનાં ૧૨૫ થી વધુ જૈન લોકો ફક્ત રૂા.30/- માં જમે છે અને જરૂર હોય તેમના માટે ટીફીનની સુવિધા પણ છે. જેમાં જૈન સમાજનાં તમામ ફીરકાના લોકો લાભ લ્યે છે.

આ ભોજનાલય માં નીચે મુજબ અનુદાનની સ્કીમ છે.

♦ ૫,૦૦,૦૦૦/- પેટ્રન સભ્ય ♦ ૧,૨૦,૦૦૦/- ફોટો સ્કીમ (૨૫ વર્ષ માટે)
♦ ૨૦,૦૦૦/- તીથી સ્કીમ (૧૦ વર્ષ માટે)

સાધર્મિક ભકિતના આ શુભ કાર્યમાં બહોળો લાભ લેવા નમ્ર વિનંતી.

શરદભાઈ શેઠ - 99799 69595 | રમણીકલાલ કે. શાહ - 98980 73007
જીતુભાઈ મહેતા - 94082 48218 | મુગટભાઈ સી. શાહ - 88667 26072


# ઈડી અને એનઆઈએની બીકેસીમાં હશે ઓફિસ

મુંબઈઃ નાણાકીય ગુનાઓની તપાસ કરતી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) તેમજ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)ની બીકેસીમાં એક ભવ્ય અને સ્વતંત્ર ઓફીસ ટૂંક સમયમાં શરૂ કરાશે. આ બે એજન્સીઓની ઓફીસ માટે એમએમઆરડીએ દ્વારા બીકેસીના પ્લોટનું વિતરણ કરવામાં આવશે અને ટૂંક સમયમાં જ આ સિસ્ટમોને આ પ્લોટનો કબજો આપવામાં આવશે. બીકેસીમાં ઈડીને ૨,૦૦૦ સ્કે. મીટર અને નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીને ૧,૫૦૦ સ્કે.મીટર પ્લોટ ૮૦ વર્ષની લીઝ પર વહેંચવામાં આવશે. આ પ્લોટ માટે પ્રીમિયમ ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

કામના વધતા વ્યાપને કારણે ઈડી અને નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ એમએમઆરડી પાસે બીકેસીમાં અલગ જગ્યાની માગ કરી હતી. આ માગ અનુસાર, જી બ્લોકમાં પ્લોટ સી૩૫ ઈડીને અને પ્લોટ સી૩૫બી નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બંને પ્લોટ માટે સંબંધિત એજન્સીઓને ૩ લાખ ૪૪ હજાર ૫૦૦ રૂપિયા પ્રતિ સ્કે. મીટરના દરે વિતરણ અંગેની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. આ કરાર મુજબ, બંને એજન્સીઓએ નિયત સમયગાળામાં પ્લોટના ૩૦ ટકા પ્રીમિયમ ચૂકવવાનું જરૂરી હતું. જો કે, આ પ્રીમિયમની ચૂકવણી ન થવાને કારણે, આ બંને એજન્સીઓને હવે પ્રીમિયમ ભરવા માટે એક્સ્ટેંશન આપવામાં આવ્યું છે. જેથી હવે આ બંને સંસ્થાઓ દ્વારા પ્લોટની રકમ ચૂકવીને પ્લોટનો કબજો મેળવીને બીકેસીમાં ઓફિસો શરૂ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. ■

# ડોમ્બિવલી પૂર્વ - પશ્ચિમને જોડતો રાહદારી પુલ પહેલી એપ્રિલથી બંધ

ડોમ્બિવલીઃ ડોમ્બિવલી પૂર્વ - પશ્ચિમને જોડતો નહેરુ માર્ગ પર સ્થિત શ્રી ગણેશ મંદિર નજીકનો રાહદારી પુલ જોખમી અવસ્થામાં હોવાથી પહેલી એપ્રિલથી સમારકામ અર્થે આ પુલ બંધ કરવાનો નિર્ણય મધ્ય રેલવે પ્રશાસન દ્વારા લેવામાં આવ્યો છે. ડોમ્બિવલીના સેંકડો નાગરિકો દરરોજ આ પુલનો ઉપયોગ કરી પૂર્વ - પશ્ચિમ વિસ્તારમાં જતા હોય છે. મધ્ય રેલવે દ્વારા રેલવે વિસ્તારના અનેક રેલવે ઓવરબ્રિજ, રાહદારી પુલનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. એ સર્વેક્ષણમાં ડોમ્બિવલીના નહેરુ મેદાન નજીક આવેલો રાહદારી પુલ જોખમી અવસ્થામાં હોવાનો અહેવાલ મધ્ય રેલવેને આપવામાં આવ્યો છે. રેલવે પ્રશાસને એનું સમારકામ કરવાનો નિર્ણય તાત્કાલિક ધોરણે લીધો અને પહેલી એપ્રિલથી રાહદારીઓ માટે આ પુલ બંધ કરવામાં આવશે.

# અનુરૂપ ગુજરાતઃ સફળતાની એક વર્ષની ઉજવણી

મુંબઈઃ લગભગ પચાસ વર્ષોથી, અનુરૂપ વિવાહ મરાઠી સમુદાય માટે સમર્થનનો આધારસ્તંભ બની છે, જે અનુરૂપ જોડીઓ બનાવવામાં મદદરૂપ બની છે. અમને ખૂબ આનંદ થાય છે કે ગયા વર્ષથી અમે વાઇબ્રન્ટ ગુજરાતી સમુદાય સુધી અમારી સેવાઓનો વિસ્તાર કર્યો છે અને આજે આપણે એક સફળ વર્ષ સાથે અહીંયા છીએ.

અનુરૂપની નીતિઓનો હેતુ વ્યક્તિગત ધ્યાન, વિશ્વાસપાત્રતા અને પ્રોફાઇલ ચકાસણીના ઉચ્ચ ધોરણોને જાળવી રાખવાનો છે. અમે અધિકૃતતાના મહત્ત્વને સમજીએ છીએ, તેથી જ અમારો સતત પ્રયત્ન છે કે અમારા ડેટાબેઝમાં માત્ર અસલી ઉમેદવારો જ ઉમેરવામાં આવે.

અનુરૂપ ગુજરાતની પહેલી વર્ષગાંઠ અને અમદાવાદ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે અમે અનુરૂપ સ્નેહ સંમેલન - મીટ ઍન્ડ ગ્રીટ પ્રોગ્રામનું આયોજન કરી રહ્યા છીએ - અમારો અમદાવાદમાં પહેલી જ વખતનો કાર્યક્રમ ડેટાબેઝમાં સર્ચની પ્રક્રિયા અને રિસ્પોન્સ અંગેના પ્રશ્નો અને શંકાઓને દૂર કરવા માટે માતા-પિતા અને વર-કન્યા માટે આ એક ઈન્ટરેક્ટિવ ઇવેન્ટ હશે. આ ઇવેન્ટ તમામ ગુજરાતી જ્ઞાતિઓના અપરિણીત સ્નાતકો અને અનુસ્નાતક વર-કન્યાઓ માટે છે. કાર્યક્રમમાં પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન અને એપ્લિકેશનનો ડેમો બતાવવામાં આવશે. ત્યાર પછી નાસ્તો, ચા/કૉફી અને ચર્ચાઓ માટે ખુલ્લું મંચ હશે.

કલર્સ ગુજરાતીના શૉ રાશિ રિક્ષાવાળીની પ્રખ્યાત જોડી અરમાન અને રાશિ આ કાર્યક્રમના મુખ્ય અતિથિ હશે. આ ઇવેન્ટ માટે એન્ટ્રી મફત છે. 31મી માર્ચ, 2024, રવિવારે સવારે 11 વાગ્યે, પાલડી અમદાવાદના અમારા કાર્યક્રમમાં પધારજો. વધુ માહિતી માટે અમારી વેબસાઇટ www.anuroopwiwaha.comની મુલાકાત લો. ■

# થાણેમાં પાણીના બિલ નહીં ચૂકવનારા ૪,૪30 નળના જોડાણ કાપી નાંખ્યા

## બિલ ભરવા ત્રણ દિવસની મુદત

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ પાણીના બિલ ભરવા માટે ડિફોલ્ટરોને વખતોવખત રિમાઈન્ડર મોકલ્યા બાદ પણ પણ બિલ નહીં ભરનારા સામે થાણે મહાનગરપાલિકાએ છેલ્લા એક વર્ષમાં આકરી કાર્યવાહી કરી છે, જે અંતર્ગત એપ્રિલ- ૨૦૨૩-૨૪ દરમિયાન ૪,૪૩૦ નળના જોડાણ ખંડિત કરવામાં આવ્યા છે. પાણીના બિલ ભરવા માટેની અંતિમ મુદત ૩૧ માર્ચ, ૨૦૨૪ની છે. જે ગ્રાહકે બાકી રહેલા બિલ અને હાલના પાણીના બિલ નહીં ભર્યા તો તેમના નળના જોડાણ કાપી નાખવાની કાર્યવાહી પહેલી એપ્રિલથી ચાલુ કરવામાં આવશે એવી પાલિકાએ જાહેરાત કરી છે. થાણે મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૩-૨૪ના આર્થિક વર્ષમાં કુલ ૨૦૧ કરોડ રૂપિયાના પાણીના બિલ વસૂલ કરવા અપેક્ષિત હતા. અત્યાર સુધી ૧૧૪ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. જે ગ્રાહકે પોતાના અગાઉના બિલની રકમ તેમ જ ચાલુ વર્ષના પાણીના બિલ જમા નહીં કર્યા તેમને ૩૧ માર્ચ સુધી તમામ બિલ ચૂકવી દેવાની અપીલ થાણે પાલિકાએ કરી છે.થાણે પાલિકા પ્રશાસને એવી પણ જાહેરાત કરી છે કે રહેણાંક વિસ્તારમાં ઘરમાં નળ ધરાવતી વ્યક્તિએ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી પાણીના બાકી રહેલા બિલ (એરિયર્સ) અને ચાલુ વર્ષન બિલ એક સાથે જમા કરશે તેમને બાકી રહેલા બિલ પર જે દંડ લાગુ કરવામાં આવ્યો છે. ■

# સરકારી સંસ્થાઓના ₹ ૮.૫ કરોડનાં વીજ બિલ બાકી

વસઈઃ વસઈ વિરાર શહેર વિસ્તારમાં સરકારી હૉસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ગ્રામ પંચાયત, મહાપાલિકા શાળા તેમજ સાર્વજનિક સેવા જેવી સરકારી સંસ્થાઓને વીજ પુરવઠો કરતી મહાવિતરણને વીજ બિલ પેટે સાડા આઠ કરોડ રૂપિયાની ચૂકવણી બાકી રાખી છે. એનો આર્થિક ફટકો મહાવિતરણ વીજ કંપની સહન કરી રહી છે. વસઈ- વિરારમાં વસઈ મંડળ અંતર્ગત વીજ પુરવઠો કરવામાં આવે છે. એમાં સામાન્ય નાગરિક સહિત શહેરની સરકારી હૉસ્પિટલો, મહાપાલિકાની ગ્રામ પંચાયતની પાણી પુરવઠો જેવી સાર્વજનિક સેવા તેમજ અન્ય સરકારી સંસ્થાઓને મહાવિતરણ મારફત વીજ પુરવઠો કરવામાં આવે છે. જોકે, આ સરકારી સંસ્થાઓ અને સાર્વજનિક સંસ્થાઓએ વીજ બિલની લેણી નીકળતી રકમ ન ભરી હોવાથી સમસ્યા ઊભી થઈ છે. માહિતી અનુસાર જેના બિલ મોટા છે એમાં પોલીસ સ્ટેશન (૨૨ લાખ ૪૬ હજાર રૂપિયા) અને શાળા (૨૮ લાખ ૬૬ હજાર રૂપિયા)નો સમાવેશ થાય છે. વીજ બિલ નહીં ભરવામાં આવે તો વીજ પુરવઠો ખંડિત કરવામાં આવશે એમ મહાવિતરણ દ્વારા ચોખ્ખા શબ્દોમાં જણાવી દેવામાં આવ્યું છે. ■

## મુંબઈમાં જન્મેલાં મારવાડમાં દીક્ષિત પૂ. ભાવનાજી મહાસતીજી કાળધર્મ પામ્યાં



મુંબઈઃ મુંબઈ-માટુંગા સંઘના શ્રાવકવર્ય શ્રી જયંતીલાલ કસ્તૂરચંદ મશ્કરીયાએ ૧૯૭૩માં ધાર મુકામે પૂ. ચંપાલાલજી મ.સા.ના હસ્તે પટોધર શિષ્યરૂપે જૈન દીક્ષા અંગીકાર કર્યા બાદ ૧૯૮૧માં બ્યાવર (રાજસ્થાન) ખાતે શ્રી જયંતીભાઈના ધર્મપત્ની લાભુબેન અને પુત્રીરત્ના ભાવનાબેને ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ. પૂ. જયંતીલાલજી મ.સા. 'મહાત્માજી'ના નામથી સુપ્રસિદ્ધ થયા હતા.

પૂ. ભાવનાજી મ.સ. તા. ૨૬-૩-૨૪ના પાલી (રાજસ્થાન) સંઘમાં કાળધર્મ પામ્યાં છે. પૂ. મહાત્માજી મ.સા.ના સંસારી બહેન, ભાણેજી વગેરે સહિત ૨૦થી વધુ દીક્ષા પરિવારમાં થઈ છે. દિલ્હીમાં પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં ગુણાંજલિ અર્પણ કરવામાં આવેલ.

# મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ અંગે કડક માર્ગદર્શિકા

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી સમગ્ર રાજ્યમાં બાયો-મેડિકલ વેસ્ટનું સુરક્ષિત અને પર્યાવરણ દૃષ્ટિએ જવાબદાર વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે મુંબઈના સહયોગથી તાજેતરમાં રાજ્યમાં કોમ્યુનિટી બાયોમેડિકલ મેનેજમેન્ટ સેન્ટરનું સંયુક્ત નિરીક્ષણ અને તપાસ હાથ ધરવામાં આવેલ.

સામૂહિક બાયોમેડિકલ મેનેજમેન્ટ કેન્દ્રોના નિરીક્ષણ દરમિયાન IIT મુંબઈ દ્વારા આપવામાં આવેલા અહેવાલ મુજબ, એવું જાણવા મળ્યું હતું કે કેટલાક હોસ્પિટલો, ક્લિનિક્સ, નર્સિંગ હોમ્સ વિગેરે બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬નું યોગ્ય રીતે પાલન કરતા નથી. સામૂહિક બાયો-મેડિકલ મેનેજમેન્ટ સેન્ટરના સંચાલકોના જણાવ્યા અનુસાર, આ અધિનિયમ દ્વારા હોસ્પિટલ સાઇટ પર બાયો-મેડિકલ વેસ્ટનું વિભાજન, યોગ્ય સંગ્રહ અને બાર-કોડિંગ કરવામાં આવી રહ્યું નથી. આ મામલો મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ધ્યાને લાવ્યા બાદ હોસ્પિટલો, નર્સિંગ હોમ્સ, ક્લિનિક્સ, તબીબી પરીક્ષણ પ્રયોગશાળાઓ, જેવી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડતી તમામ સંસ્થાઓને નિર્દેશ આપ્યો છે કે અધિકૃત બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટરમાં નોંધણી કરાવવી ફરજિયાત છે, તેમજ અધિનિયમ મુજબ મેડિકલ વેસ્ટનું અલગીકરણ, સંગ્રહિત કચરાને બાર કોડિંગ મુજબ સામૂહિક સુવિધા કેન્દ્રમાં મોકલવો જરૂરી છે. રાજ્યમાં તબીબી સંસ્થાઓને વિનંતી કરવામાં આવે છે કે તે નોંધ લે કે આનો અમલ ન કરનાર તબીબી સંસ્થાઓ પર ૧લી એપ્રિલ ૨૦૨૪ થી કડક કાર્યવાહી કરવામાં આવશે.

## સંસ્થા સમાચાર

### સુશીલાબેન મહેતા અને સર કીકાભાઈ હૉસ્પિટલની ઉમદા સેવાની રજત જયંતી




મુંબઈમાં તીર્થંકર પાર્શ્વનાથ (કિંગ સર્કલ) રેલવે સ્ટેશન, ગાંધી માર્કેટ નજીક પાલનપુરવાળા શ્રીમતી સુશીલાબેન રમણીકલાલ મહેતા અને સર કીકાભાઈ પ્રેમચંદ કાર્ડિયાક સેન્ટ્રલી એસી હૉસ્પિટલ 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના સૂત્રને ચરિતાર્થ કરતાં ૨૫ વર્ષ ગરિમાપૂર્વક પૂર્ણ કરેલ છે. આ હૉસ્પિટલ સંલગ્ન અતિ આધુનિક શ્રી મનુભાઈ શાહ (વેકરીવાળા) ડાયગ્નોસ્ટીક સેન્ટર બૉમ્બે કૉટન મિલ્સ એસ્ટેટ, કાલાચોકી - લાલબાગમાં કાર્યરત છે. સંસ્થાના ચેરમેનપદે શ્રી હિરેનભાઈ મનુભાઈ શાહ (રૂબી મિલ્સવાળા) કાર્યરત છે. જાણીતા દાતા અને પ્રેરણાના તંત્રી અજયભાઈ અને બીનાબેન શેઠ પોતાની સેવા ઉપરાંત જરૂરિયાતમંદ દર્દીઓની સારવારમાં આર્થિક સહાયરૂપ બની રહ્યાં છે.૨૮થી ૩૦ માર્ચ સુધી તમામ દર્દીઓને ઓપીડી, કન્સલટન્ટ્સ અને ડાયગ્નોસ્ટિક નિદાનમાં ૨૫ ટકા ડિસ્કાઉન્ટ મળશે તેમ જ શહીદ જવાનોના નજીકના કુટુંબીજનોને નિઃશુલ્ક સારવાર અપાશે. ફાઉન્ડર શ્રી મનુભાઈ શાહની પ્રતિમાને ઋણાંજલિ અર્પણ કરતા શ્રી હિરેનભાઈ અને જયશ્રીબેન શાહ, શ્રી અજયભાઈ અને બીનાબેન શેઠ તસવીરમાં નજરે પડે છે. શ્રી અરવિંદભાઈ ગોડા, શ્રી રાજીવભાઈ શાહ, શ્રી પૂરવભાઈ શાહ વગેરે ટીમ કાર્યક્રમને સફળ બનાવવા કાર્યરત છે. શહીદ જવાનોના પરિવારને નિઃશુલ્ક સારવાર અપાશે.

# અટલ સેતુ નજીક 'ત્રીજું મુંબઈ'નો વિરોધ

ઉરણઃ અટલ સેતુ તરીકે વધુ જાણીતા મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (એમટીએચએલ) વિસ્તારની ફરતે વિકાસ કરી 'ત્રીજી મુંબઈ' ઊભું કરવાની રાજ્ય સરકારની દરખાસ્તનો આસપાસના ૧૨૪ ગામડાના રહેવાસીઓ વિરોધ કરી રહ્યા છે. મૂડીવાદીઓને લાભ કરાવવા ગામવાસીઓને જમીન વિહોણા કરવાનો આક્ષેપ તેમણે સરકાર પર કર્યો છે. ગામવાસીઓએ સરકાર સમક્ષ કેટલીક માગણીઓ રજૂ કરી છે અને ગામવાસીઓ તેમના વાંધાવચકા રજૂ કરે એ માટે જાગરુકતા લાવવા બેઠકોનું આયોજન કરી રહ્યા છે. ગ્રામ પંચાયતો સરકારની યોજનાના વિરોધમાં ઠરાવ પસાર કરવાની તૈયારી કરી રહી છે.

ચોથી માર્ચે રાજ્ય સરકારે વિકાસના હેતુ માટે એમટીએચએલની ફરતે આવેલા ૧૨૪ ગામ મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ ઓથોરિટી ડેવલપમેન્ટ (એમએમઆરડીએ)ના વડપણ હેઠળની ન્યુ ટાઉન ડેવલપમેન્ટ ઓથોરિટી (એનટીડીએ)ને સુપરત કરવા અંગે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ ગામડાં ઉરણ, પનવેલ અને પેણ વિસ્તારમાં આવેલા છે. ત્રીજા મુંબઈમાં જે ગામડાઓનો સમાવેશ કરવાની દરખાસ્ત છે એમાં ૮૦ ગામ નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફ્લુઅન્સ નોટીફાઈડ વિસ્તારના છે, ૩૩ ખોપટા ન્યુ ટાઉન નોટીફાઈડ વિસ્તારના છે, બે મુંબઈ મેટ્રોપોલિટન રિજન પ્લાનમાં છે અને બાકીના નવ રાયગઢ રિજનલ પ્લાનમાં છે. ■


**૪૯ મી પુણ્યતીથી**

**શ્રધ્ધાંજલી**

आई तुझा आर्शिवाद



ગં.સ્વ. માતાજી
ચાગબાઈ વેલજી ગણાત્રા
કચ્છ તેરાવાલા સ્વ.સં. ૨૦૩૧ ફાગણ વદી ૪
સ્વ. શ્રી પ્રેમજી વેલજી ગણાત્રાનો પરિવાર
www. chemicalsagar.com


# કાલાચોકીમાં બસે સ્કૂટરને અડફેટમાં લેતાં પિતા-પુત્રનાં મોત

મુંબઈઃ કાલાચોકી વિસ્તારમાં બસે સ્કૂટરને અડફેટમાં લેતાં પિતા-પુત્રનાં મોત થયા હોવાની ઘટના મંગળવારે બની હતી. કાલાચોકી પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી બસચાલક અરવિંદ રામચંદ્ર હુમણેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. કાલાચોકીમાં જી.ડી. અંબેકર માર્ગ પર જ્યોતિ ટાવર નજીક મંગળવારે થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા પિતા-પુત્રની ઓળખ પવનકુમાર સાહુ (૪૦) અને નીતિન સાહુ (૧૯) તરીકે થઇ હતી. તેઓ જીજામાતા નગરમાં રહેતા હતા.■

# ઉત્તરપત્રિકા બતાવવાનો ઇનકાર કરનારા વિદ્યાર્થી પર હુમલો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ૧૦મા ધોરણની લેખિત પરીક્ષા વખતે ઉત્તરપત્રિકા બતાવવાનો ઇનકાર કરનારા વિદ્યાર્થી પર તેના વર્ગના ત્રણ જણે શસ્ત્રથી હુમલો કર્યો હતો.

ભિવંડીની શાળામાં મંગળવારે આ ઘટના બની હતી અને પરીક્ષા પત્યા બાદ ઘાયલ વિદ્યાર્થીને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર બાદ તેને ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■
















‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| तह | ભોંયરું |
| तहकीकात | તળિયું |
| तहजीब | શોધ, તપાસ |
| तहखाना | દોષારોપણ |
| तोहमत | શિષ્ટાચાર |

## ઓળખાણ પડી?

૧૯૯૨માં ‘બેખુદી’ ફિલ્મથી અભિનયની શરૂઆત કરનાર તનુજાની સુપુત્રી કાજોલે કઈ ફિલ્મમાં ડબલ રોલ કર્યો હતો એની ઓળખાણ પડી?



અ) યે દિલ્લગી બ) ગુપ્ત ક) દુશ્મન ડ) ઇશ્ક

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ખિ | ૨ લા | ઇ | ■ | ૩ ભા | ૪ વ | ૫ ના | ૬ શી | લ |
| ક | ■ | ઇ | ■ | ૭ ન | ■ | ૮ ત | ર | ત | ■ |
| ૯ બં | ૧૦ ધ | ન | ■ | ૧૧ પા | ૧૨ લ | ન | ■ | ■ | ૧૩ ઉ |
| ૧૪ ધ | ડ | ■ | ૧૫ ગુ | ણિ | ત | ■ | ૧૬ ઝ | ડ | પ |
| ■ | ૧૭ ક | ૧૮ ર | મા | ચા | ■ | ૧૯ સા | ર | ■ | સ્થિ |
| ૨૦ અ | ન | શ | ન | ■ | ૨૧ વા | ર | ણા | ૨૨ વ | ત |
| ગ્રે | ■ | ના | ■ | ૨૩ મ | ળ | વા | ■ | ર | ■ |
| ૨૪ સ | દા | ■ | ૨૫ દો | હા | ■ | ૨૬ ર | ૨૭ કા | સ | ■ |
| ર | ■ | ૨૮ અ | રા | જ | ક | ■ | દ | ■ | ૨૯ ભ |
| ■ | ૩૦ વૃં | દા | વ | ન | ■ | ૩૧ અ | વ | ઢ | વ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | | ■ |
| ૭ | | | ■ | ૮ | | | | ■ | ૯ |
| | ■ | ■ | ૧૦ | | ■ | | ■ | ■ | |
| ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | |
| | ■ | ■ | ૧૫ | | | ■ | | ■ | |
| ■ | ૧૬ | | | | ■ | ૧૭ | | | |
| ૧૮ | | ■ | | ■ | ૧૯ | | | ■ | |
| | ■ | ૨૦ | | ૨૧ | ■ | | ■ | ૨૨ | |
| ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | | ■ |
| ૨૭ | | ■ | ૨૮ | | ■ | ૨૯ | | | |

**આડી ચાવી**

૧. મોટી સભા (૪)
૪. વ્યાખ્યાન, પ્રબોધન (૪)
૭. ખેલ, ક્રીડા (૩)
૮. પતંગ ચગાવવાનો તહેવાર (૪)
૧૦. વિવાદ એટલે ચર્ચા (૨)
૧૧. નોંધવાની ક્રિયા (૩)
૧૨. ભાર, વજન (૨)
૧૪. દિલ, તફાવત, અવકાશ (૩)
૧૫. ઉપકરણ, ઓજાર, સામગ્રી (૩)
૧૬. પડકાર (૪)
૧૭. પ્રદક્ષિણા (૪)
૧૮. સાથ (૨)
૧૯. પાછું આવવું તે (૩)
૨૦. ગળામાં આવેલી ગ્રંથિ (૩)
૨૨. ફાયદો (૨)
૨૩. ઉપાલંભ, વઢવું તે (૩)
૨૫. એક રોગ (૨)
૨૬. એક કઠોળ (૨)
૨૭. પુરુષ (૨)
૨૮. પરોઢિયું (૨)
૨૯. સાથે ફરનાર (૪)

**ઊભી ચાવી**

૧. છાપામાં મફતમાં નામ આવે (૫)
૨. હિંમત (૨)
૩. સચ્ચાઈનું જોમ (૨)
૪. નકલ (૨)
૫. બાષ્પ (૩)
૬. કબૂતરને નાખો (૨)
૮. પ્રવચન (૫)
૯. સત્કાર માટેનો સમારંભ (૭)
૧૩. લોક, ટોળું, સમૂહ (૨)
૧૪. જેને ફણગા ફૂટ્યા હોય તેવું (૪)
૧૫. હિંમતવાન, બહાદુર (૪)
૧૬. અગન (૨)
૧૭. પારખવું તે (૩)
૧૮. વિખરાયેલા ઘટકોને એકત્રિત કરવા (૪)
૨૦. બાપનો ભાઈ (૨)
૨૧. સડક બનાવવામાં વપરાય (૩)
૨૨. લોભ, લાંચ (૩)
૨૪. ઉપર, પોખ (૨)
૨૬. શાબાશીનો ઉદગાર (૨)

## ગુજરાત મોરી મોરી રે

૧૯૮૨માં રિલીઝ થયેલું ધાર્મિક ચિત્રપટ ‘ભગવાન સ્વામિનારાયણ’નું દિગ્દર્શન પ્રમુખપણે નાટ્યજગત સાથે સંકળાયેલા કયા લેખક, અભિનેતા અને દિગ્દર્શકે કર્યું હતું?

અ) કાંતિ મડિયા બ) જશવંત ઠાકર
ક) પ્રવીણ જોશી ડ) શૈલેષ દવે

## જાણવા જેવું

પાર્શ્વગાયન ક્ષેત્રમાં વોઇસ ઓફ રાજ કપૂર તરીકે ખ્યાતિ મેળવનાર ગાયક મુકેશ દસમું ધોરણ પાસ કર્યા પછી દિલ્હીમાં સરકારી નોકરી કરતા હતા. કુશળ અભિનેતા મોતીલાલે એક લગ્ન સમારંભમાં એમની ગાયન પ્રતિભા ઓળખી કાઢી અને ‘નિર્દોષ’ (૧૯૪૧)માં મુકેશજીએ તેમની કારકિર્દીનું પ્રથમ ગીત ગાયું જે યુગલગીત હતું. આ ફિલ્મમાં તેમણે અભિનય પણ કર્યો હતો અને દિગ્દર્શક હતા વીરેન્દ્ર દેસાઈ.

## સુડોકુ-૫૦૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | | | ૪ | | |
| ૫ | ૯ | | | | | | ૮ | ૧ |
| ૧ | | | ૯ | | ૫ | | | ૭ |
| ૩ | | ૯ | ૫ | | ૮ | ૭ | | ૨ |
| | | | | | | | | |
| ૭ | | ૫ | ૧ | | ૩ | ૬ | | ૪ |
| ૯ | | | ૭ | | ૬ | | | ૩ |
| ૬ | ૩ | | | | | | ૪ | ૫ |
| | | ૧ | | | | ૮ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૯ | ૫ | ૨ | ૪ | ૬ | ૮ | ૧ |
| ૫ | ૪ | ૬ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૭ |
| ૮ | ૨ | ૧ | ૩ | ૭ | ૬ | ૫ | ૯ | ૪ |
| ૬ | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૧ | ૭ | ૯ |
| ૯ | ૫ | ૪ | ૭ | ૮ | ૧ | ૩ | ૨ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૯ | ૬ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૪ | ૮ | ૫ | ૬ | ૩ | ૭ | ૯ | ૧ | ૨ |
| ૧ | ૯ | ૭ | ૮ | ૫ | ૨ | ૪ | ૬ | ૩ |
| ૨ | ૬ | ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ |

## ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

ચંદ્રકાન્ત સાંગાણીની ગુજરાતી ફિલ્મમાંથી પ્રેરણા લઈ બનેલી કઈ હિન્દી ફિલ્મમાં સંજીવ કુમારે પાગલનો રોલ કર્યો હતો? જીતેન્દ્ર અને મુમતાઝ સહ કલાકાર હતા.

અ) અંગુર બ) દેવી ક) ખિલૌના ડ) ઉલઝન

## નોંધી રાખો

કોઈ પણ બાબતે મતભેદ કે વિવાદ થાય એવા સમયે સમગ્ર વાતની જાણકારી ન હોય ત્યાં સુધી ચૂપ રહેવામાં માલ છે, કારણ કે અધૂરું સત્ય અસત્ય કરતાં પણ વધુ જોખમી હોય છે.

## માઈન્ડ ગેમ

૨૪ વર્ષ પહેલા અભિષેક બચ્ચન સાથે જે. પી. દત્તાની ‘રેફ્યુજી’થી કારકિર્દીની શરૂઆત કરનાર કરીના કપૂરે કઈ ફિલ્મમાં વેશ્યાનો રોલ કરી પ્રશંસા મેળવી હતી?

અ) અજનબી બ) ચમેલી
ક) ખુશી ડ) યુવા

## ગયા શુક્રવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| लफ्ज | શબ્દ |
| ऐतबार | ભરોસો |
| तन्हाई | એકલતા |
| मेहताब | ચંદ્ર |
| आफताब | સૂર્ય |

**ગુજરાત મોરી મોરી રે**
અરવિંદ પંડ્યા

**ઓળખાણ પડી?**
આઝાદ

**માઈન્ડ ગેમ**
કલ આજ ઔર કલ

**ચતુર આપો જવાબ / માથું ખંજવાળો**
ઇત્તફાક

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧)કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) નિતા દેસાઈ (૬) શ્રધ્ધા આશર (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) નિખીલ બંગાળી (૧૦) અમીષી બંગાળી (૧૧) ધીરેન્દ્ર શિલ્પા શ્રોફ (૧૫) જયોતી ખાંડવાલા (૧૬) મહેન્દ્ર લોઢાવીયા (૧૭) મીનળ કાપડિયા (૧૮) હર્ષા મહેતા (૧૯) પ્રવીણ વોરા (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) અબદુલ્લા એફ. મુનીમ (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) લજીતા ખોના (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) ભાવના કર્વે (૨૮) સુરેખા દેસાઈ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) વીણા સંપટ (૩૪) નિતીન જે. બજરીયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) દિલીપ પરીખ (૩૭) જગદીશ ઠક્કર (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) અરવિંદ કામદાર (૪૨) જગદીશ ઠક્કર (૪૩) નંદકિરશોર સંજાણવાળા (૪૪) અંજુ ટોલીયા (૪૫) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૪૬) અલકા વાણા

## ટૂંકી વાર્તા

(સાતમા પાનાનું ચાલુ)

થોડી પળો મૌન છવાઇ રહ્યું.

કાનજીભાઇ ધગધગતી નજરે અમારા તરફ તાકી રહ્યા. એમનો ઉકળાટ આખા ઓરડામાં વ્યાપી રહ્યો હોય એમ મને લાગ્યું. આથી આગળ જાણે કે કશું જ બાકી ન હોય એમ મને લાગ્યું. આથી આગળ જાણે કે કશું જ બાકી ન હોય એમ ગોકળ ખાટલી ખોડાઇ રહ્યો.

થોડીય ક્ષણો જવા દીધા પછી મેં ધીમેથી કહ્યું, અમે એટલા માટે તેડવા આવ્યા હતા કે... કે... કાંતિને લોહીનું કેન્સર થયું છે.

-ને - અણધારી રીતે ગોકળે અધીરાઇથી કહ્યું, એને બે-ત્રણ દી’માં મુંબઇ લઇ જવો પડે એમ છે. દાક્તર કહેતા હતા કે છૂટકો નથી.

એટલે?

‘સાચું કહું છું’ હું બોલ્યો, અને એમની આંખમાં જોયું. હવે આ ગઇગુજરી ભૂલી જવાનો ટાઇમ છે.

ફરી વાર શાંતિ છવાઇ ગઇ. ડોશી ખુલ્લા હોઠ કરીને અમારા અને કાનજીભાઇ તરફ જોવા માંડ્યા.

‘સુમે’ થોડીવારે કાનજીભાઇ જરા ઢીલા અવાજે બોલ્યા, તું અંદર જા.

સુમિત્રાએ અમારી સામે બોલતી નજરે જોયું... ને પછી બંગડીનો થોડો ખખડાટ કરતી અંદર ચાલી ગઇ. કાનજીભાઇએ અમારી તરફ જોયું. કશુંક કહેવા માગતા હોય એમ મોં કર્યું પણ કહ્યું નહીં. એમની ખાલી ઉધરસનો અવાજ ઓરડામાં પછડાઇ રહ્યો. પછી એ ધીમેથી બોલ્યા, - બોલતાંબોલતાં એ જાણે કે સાવ ખાલી થઇ ગયા હોય, છેલ્લું જ વાક્ય બોલતા હોય એમ બોલ્યા, કાંતિલાલની તબિયતની ખબર લખજો’- ને પછી નિઃસહાયની જેમ અમારી સામે તાકી રહ્યા.

મેં જોયું તો લબદા મૂછોવાળો દાંત ખોતરી રહ્યો હતો, અને ડોશી મડદાની જેમ નિષ્પલક ભોંય સામે જોઇ રહ્યાં હતાં.

એ એક લથડાતી દૃષ્ટિ મેં બારી તરફ ફેંકી. તરત સુમિત્રા છળી ગઇ હોય એમ બારી તરફ પીઠ કરીને ઊભી રહી ગઇ.

એકાએક મને લાગ્યું કે મોરચા સમેટાઇ ગયા હતા. અમે ખાટલીમાંથી ઊઠયા. ઉંબરા બહાર પગ દીધો પછી ડાઘુની માફક રસ્તા પર મૂંગા મૂંગા ચાલવા લાગ્યા. ■

## સાંપ્રત

ડી. જે. નંદન

# માયાનગરીનું મેજિકલ વર્લ્ડ છે ઓડિશન

**અહીં નવી વ્યક્તિને એમ કહેતા સાંભળશો કે તે સ્ટ્રગલ કરી રહ્યા છે. બોલીવૂડની ભાષામાં તેનો અર્થ એ થાય છે કે તે કામ મેળવવા માટે અલગ અલગ સ્ટુડિયોમાં ઓડિશન આપી રહ્યો છે.**

દેશની સૌથી મોટી ફિલ્મ ઇન્ડસ્ટ્રી બોલીવૂડમાં દરરોજ સેંકડો લોકો ગ્લેમરની દુનિયામાં પોતાનાં સપનાં પૂરાં કરવાં માટે આવે છે. દરરોજ ક્યાંક ને ક્યાં ઓડિશન આપી રહ્યા હોય છે. વાસ્તવમાં ઓડિશન બોલીવૂડમાં લોકો વચ્ચે સૌથી વધુ ઉપયોગમાં લેનાર શબ્દ છે. તમે અહીં નવા વ્યક્તિઓને વારંવાર એમ કહેતા સાંભળશો કે આજકાલ તે સ્ટ્રગલ કરી રહ્યા છે. બોલીવૂડની ભાષામાં તેનો અર્થ એ થાય છે કે તે હાલના દિવસોમાં કામ મેળવવા માટે અલગ અલગ પ્રોડક્શન હાઉસ અને સ્ટુડિયોમાં ઓડિશન આપી રહ્યો છે. વાસ્તવમાં ઓડિશન આપવું એ પણ એક કામ છે. જો તમે બોલીવૂડમાં નવા છો તો તમારે અહીં કામ મેળવવા માટે વિવિધ પ્રોડક્શન હાઉસમાં પોતાનો બાયોડેટા અને તસવીરો આપી આવો છે. તો ઓડિશન માટે ક્યાંક ને ક્યાંકથી ફોન આવતો રહેશે. જેનો અર્થ એ થયો કે જ્યાંથી તમને ઓડિશન માટે ફોન આવ્યો છે ત્યાં તમારો એક લાઇવ સ્ક્રીન ટેસ્ટ લેવા માંગે છે જેથી તે જાણી શકે કે તમે કેમેરાની સામે કેવા લાગો છે. તસવીરોમાં તમારી લાઇવ પ્રેઝન્સ કેવી છે એટલે કે તમારો સ્ક્રીન વ્યક્તિત્વ કેવું છે. વાસ્તવમાં આ ઓડિશન હોય છે, આ માટે તમારે અલગ અલગ પ્રોડક્શન હાઉસેસ તરફથી બોલાવવામાં આવે છે.

ઓડિશન દરમિયાન તમને કેટલીક લાઇનો આપવામાં આવે છે અને કહેવામાં આવે છે કે તમે પોતાની રીતે તેને બોલીને બતાવો. જ્યારે તમે કેમેરાની સામે કેટલીક લાઇનો બોલો છો તો તમારા હાવભાવને જોવામાં આવે છે કે તમે ખાસ કરીને તે પાત્રમાં ડાયલોગ બોલતા કેવા લાગો છો અને જો ડાયરેક્ટર જેવી કલ્પના કરે છે તેવા ડાયલોગ તમે બોલી બતાવો છો તો તે તમારી પસંદગી થઇ જશે. અનેકવાર તમને એક સ્ક્રીપ્ટ આપવામાં આવે છે અને કહેવામાં આવે છે કે તમે તેનું વિશ્લેષણ કરો. એટલા માટે તમને એ સ્ક્રીપ્ટના વિશેષ પાત્રો અંગે અલગ અલગ રીતે સવાલ પૂછવામાં આવે છે અને તમારા જવાબોથી એ અંદાજ લગાવવાનો પ્રયાસ કરવામાં આવે છે તમે સ્ક્રીપ્ટને કેવી રીતે અનુભવ કરો છો. ઓડિશન એક મુશ્કેલ, કંટાળાજનક અને થકવી દે તેવું કામ છે. અનેકવાર કોઇ અભિનેતા ડઝનેક જગ્યાએ ઓડિશન આપે છે અને કોઇ જગ્યાએથી તેને બોલાવવામાં આવતો નથી. એવામાં ફ્રસ્ટેશન થાય છે. પરંતુ જે ઓડિશન બાદ સારો રિસ્પોન્સ મળે છે તેઓ સામાન્ય રીતે રિકોલ કરવામાં આવે છે.

રિકોલ કાસ્ટિંગનો અર્થ એ છે કે તમે પ્રથમ તબક્કામાં પાસ થઇ ગયા છો. હવે તમારે બીજા તબક્કા માટે મહેનત કરવામાં લાગી જવું પડશે. અનેકવાર એવું હોય છે કે તમારું ઓડિશન ડાયરેક્ટે લીધું હોય છે અને તેણે પ્રોડ્યુસર સાથે વાત કરી હોય છે કે તમે યોગ્ય છો. એવી સ્થિતિમાં પ્રોડ્યુસર ઇચ્છે છે કે તે પણ જોઇ લે કે જે ડાયરેક્ટ તમારી પ્રશંસા કરી રહ્યા હોય છે યોગ્ય છે કે નહીં. એવામાં તમને બીજા તબક્કામાં ઓડિશન માટે બોલાવવામાં આવે છે. જો પ્રોડ્યુસરને લાગે છે કે ડાયરેક્ટર તમારી પ્રશંસા કરી રહ્યા હતા તે યોગ્ય હતી તો તમને તે રોલ માટે સાઇન કરી દેવામાં આવશે પરંતુ અનેકવાર પ્રથમ તબક્કામાં તમે પાસ થઇ ચૂક્યા હોવ છો અને બીજા તબક્કામાં નિષ્ફળ જાવ છો. એટલા માટે કાસ્ટિંગ રિકોલ માટે એટલે કે બીજી વખત જ્યારે તમને બોલાવવામાં આવે છે ત્યાં સુધી ૧૦૦ ટકા આશાઓ ના રાખો. જ્યાં સુધી તમને રોલ મળી ના જાય અને તમારી સાથે કરાર સાઇન કરવામાં ના આવે ત્યાં સુધી કાંઇ પણ થઇ શકે છે.

નવા અભિનેતાઓએ ઓડિશનના સમયગાળામાં કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. મતલબ કે જો તમે ક્યાંક કામ મળવાની આશાએ ઓડિશન આપો છો તો તમારામાં એટલો આત્મવિશ્વાસ હોવો જોઇએ કે તમે તે પાત્ર મેળવવા માટે યોગ્ય ઉમેદવાર છો.

જો તમારા વ્યક્તિત્વમાં એટલો આત્મવિશ્વાસ જોવા મળે છો તો વધુ ચાન્સ છે કે તમને એ ભૂમિકા મળી જશે. તે સિવાય ઓડિશન દરમિયાન કેટલીક સામાન્ય એટીકેટ હોય છે જેનું પાલન કરવું જરૂરી છે. જો કોઇ ડાયરેક્ટર કેટલાક વાક્યો આપે છે અને કહે છે કે તેને બોલીને બતાવો તો તમને એ વાક્યો મોઢે હોય તો પણ તમે એ અંદાજમાં રજૂ કરો જેમ તમને બોલવાનું કહેવામાં આવ્યું છે.

અગાઉથી જ કોઇ નિષ્કર્ષ કાઢવાનો પ્રયાસ ના કરો અને ભૂલથી પણ એમ બતાવવાનો પ્રયાસ ના કરો એ વાક્યો તમને અગાઉથી જ યાદ છે.

જ્યારે પણ ઓડિશન આપો છો તો તમારી એક્શનમાં સંપૂર્ણતા હોવી જોઇએ, જો તમારા કેરેક્ટરની શર્ટના ખિસ્સામાં પેન લાગેલી છે તો તમે ઓડિશન આપતા સમયે ખિસ્સામાં પેન લગાવવી જોઇએ. બાદમાં તમારા મનમાં કોઇ અફસોસ ના રહી જાય કે જો તમે થોડી તૈયારી કરી હોય તો વધુ સારી રીતે ઓડિશન આપી શકાયું હોત. તો તમે સિલેક્ટ થઇ ગયા હોત.

જ્યારે તમારા કોસ્ચ્યુમ ડિરેક્ટર કહે કે તમને યોગ્ય લાગે એ શર્ટ પસંદ કરી લો તો ધ્યાનમાં રાખો કે તમે હજુ સુધી ફિલ્મ માટે પસંદ થયા નથી અને ના તમને ફિલ્મમાં એક કે બે મિનિટના રોલ માટે લેવામાં આવી રહ્યા છે. એવામાં તમે જ્યારે પણ ઓડિશન આપવા જાવ તો એમ માનીને જાવ કે તમે આ ફિલ્મની મહત્વપૂર્ણ કડી છો. જ્યારે ઓડિશનને તમે ગંભીર થઇને લેશો તો ઓડિશન આપવાના ચક્કરમાંથી તમને મુક્તિ મળી જશે અને તમને બોલિવૂડનો ભાગ માની લેવામાં આવશે. ■

## ફોકસ

કૈલાશ સિંહ

# મંદિરની ઘંટડી જેવા અવાજની માલિક શમશાદ બેગમની ન સાંભળેલી વાતો

‘કજરા મોહબ્બત વાલા, આંખ મેં ઐસા ડાલા, કજરે ને લેલી મેરી જાન, હાય રે મે તેરે કુરબાન’, ‘મેરે પિયા ગયે રંગૂન, વહા સે કિયા હૈ ટેલિફોન’, ‘લેકે પહેલા પહેલા પ્યાર, ભરકે આંખો મેં ખુમાર’, ‘કભી આર કભી પાર’ જેવા સદાબહાર ગીતો તમે રવિવારની બપોરે તમારા ઘરની બાલ્કનીમાં આરામ કરતી વખતે સાંભળ્યા જ હશે, ભલે તેમના ગાયકનું નામ યુવા પેઢીને ખબર ન હોય. એ પણ શક્ય છે કે તમે આ ગીતોના રિમિક્સ સાંભળ્યા હશે. આ ગીતો શમશાદ બેગમે તેમના સૂરીલા અવાજથી ગાયા છે, જે હિન્દી સિનેમામાં પ્લેબેક આપનાર પ્રથમ મહિલાઓમાંની એક છે અને નૂરજહાં અને લતા મંગેશકર બંનેથી સિનિયર હતી. ઘણા મોટા સંગીતકારો જેમ કે ગુલામ હૈદર, ઓ.પી. નય્યર, એસ.ડી. બર્મન, નૌશાદ, સી રામચંદ્ર વગેરે તેના અવાજના દિવાના હતા. શમશાદ બેગમે માત્ર ઉર્દૂ અને હિન્દીમાં જ નહીં પણ ગુજરાતી, પંજાબી, મરાઠી, તમિલ અને બંગાળીમાં પણ સેંકડો ગીતો ગાયા હતા.

શમશાદ બેગમનો જન્મ ૧૪ એપ્રિલ ૧૯૧૯ ના રોજ લાહોરના એક ધાર્મિક પરિવારમાં થયો હતો, તેથી તેણે પાર્શ્વ ગાયિકા બનવા માટે સખત સંઘર્ષ કરવો પડ્યો અને ધર્મની દિવાલો તોડી નાખી અને ૧૫ વર્ષની ઉંમરે લગ્ન કરી લીધા. જો કે શમશાદ બેગમે ક્યારેય ગાયકીની ઔપચારિક તાલીમ લીધી ન હતી, તેમ છતાં તેમની પાસે જન્મજાત પ્રતિભા હતી, જેને ૧૯૨૪ માં તેમના પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા પ્રથમ વખત ઓળખવામાં આવી હતી. તેમને વર્ગખંડની પ્રાર્થનાની મુખ્ય ગાયિકા બનાવવામાં આવી હતી. જ્યારે તે દસ વર્ષની થઈ, ત્યારે તેણે ધાર્મિક કાર્યક્રમો અને પારિવારિક લગ્નોમાં ગાવાનું શરૂ કર્યું. ૧૯૩૧માં જ્યારે તે ૧૨ વર્ષની હતી, ત્યારે તેના એક કાકા તેને ઝેનોફોન મ્યુઝિક કંપની માટે ઓડિશન આપવા લઈ ગયા. લાહોર સ્થિત સંગીતકાર ગુલામ હૈદર તેના અવાજથી એટલા પ્રભાવિત થયા કે તેમણે શમશાદ બેગમને ૧૨ ગીતો માટે કોન્ટ્રાક્ટ આપ્યો. શમશાદ બેગમના પિતા મિયા હુસૈન બક્ષ રૂઢિચુસ્ત માનસ ધરાવતા માણસ હતા, તેમણે તેમની પુત્રીના ગીતોને એ શરતે રેકોર્ડ કરવાની મંજૂરી આપી હતી કે તે બુરખો પહેરીને ગાશે અને તેનો કોઈ ફોટો લેવામાં આવશે નહીં. નિર્માતા દિલસુખ પંચોલીએ શમશાદ બેગમને પોતાની ફિલ્મમાં રોલ ઓફર કર્યો હતો. પરંતુ શમશાદ બેગમના પિતાએ ધમકી આપી હતી કે જો તે કેમેરાની સામે જશે તો તેનું ગાવાનું પણ બંધ કરી દેવામાં આવશે.

કદાચ આ જ કારણ છે કે શમશાદ બેગમને તેમના જીવનના અંત સુધી તેમના ફોટોગ્રાફ્સ લેવાનું પસંદ નહોતું અને તેથી તેમના ફોટોગ્રાફ્સ ભાગ્યે જ ઉપલબ્ધ છે. તેને ક્યારેય ફોટોગ્રાફ્સ માટે પોઝ આપ્યો નથી. ૧૯૩૩ અને ૧૯૭૦ વચ્ચેના તેમના ફોટોગ્રાફ્સ બહુ ઓછા લોકોએ જોયા છે. તેમણે પોતાને પ્રચારથી દૂર રાખ્યા હતો. જોકે શમશાદ બેગમે શરૂઆતમાં ગાયનની કોઈ તાલીમ લીધી ન હતી, પરંતુ બાદમાં તેમણે સારંગી ઉસ્તાદ હુસૈન બક્ષવાલે સાહેબ અને ગુલામ હૈદર પાસેથી ૧૯૩૭ અને ૧૯૩૯ વચ્ચે તાલીમ મેળવી હતી. ગુલામ હૈદરે તેમની શરૂઆતની ફિલ્મોમાં શમશાદ બેગમના અવાજનો પૂરેપૂરો ઉપયોગ કર્યો અને જ્યારે તેઓ ૧૯૪૪માં બોમ્બે (હવે મુંબઈ) શિફ્ટ થયા ત્યારે શમશાદ બેગમ પણ તેમની ટીમ સાથે બોમ્બે શિફ્ટ થઈ ગયા, લાહોરમાં તેમના પરિવારને છોડીને એક કાકા સાથે રહેવાનું શરૂ કર્યું. વિભાજન સમયે, ગુલામ હૈદર (જેમણે નૂરજહાંની પણ શોધ કરી હતી) પાકિસ્તાન ગયા અને શમશાદ બેગમે અન્ય લોકો માટે પણ ગાવાનું શરૂ કર્યું.

નૌશાદ પોતાની સફળતાનો શ્રેય શમશાદ બેગમને આપતા હતા. તેમના મતે તે ખૂબ જ મૃદુભાષી, લાગણીશીલ સ્ત્રી હતી જેને પ્રસિદ્ધિની કોઈ ઈચ્છા નહોતી. શમશાદ બેગમને ૨૦૦૯માં ઓપી નૈયર એવોર્ડ અને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. જ્યારે તે રાષ્ટ્રપતિ ભવનમાં પોતાનો પુરસ્કાર પ્રાપ્ત કરી રહ્યા હતા ત્યારે તેણે ભાવનાત્મક રીતે કહ્યું હતું કે, ‘‘તમારી દુવાઓમાં મને યાદ રાખો... હું તમારા હૃદયમાં રહેવા માગુ છું.’’

પ્રચારની ઇચ્છા ન હોવા છતાં, શમશાદ બેગમ ૧૯૪૦ થી ૧૯૫૫ અને ફરીથી ૧૯૫૭ થી ૧૯૬૮ સુધી સૌથી વધુ કમાણી કરતી મહિલા ગાયિકા હતી. તેમના પતિ ગણપત લાલ બટ્ટોનું ૧૯૫૫માં એક અકસ્માતમાં અવસાન થયું, ત્યાર બાદ તેમણે ગાવાનું બંધ કરી દીધું. ઓ.પી.નય્યરે તેમને ફરીથી ગાવા માટે સમજાવ્યા. શમશાદ બેગમ નય્યરને લાહોરમાં મળ્યા હતા, જ્યારે તેણે ઓલ ઈન્ડિયા રેડિયો માટે ગાયું હતું અને નય્યર ઓફિસ બોય તરીકે કામ કરતા હતા અને મુખ્ય ગાયકોને કેક પીરસતા હતા. ૧૯૫૪માં જ્યારે નય્યરને સંગીતકાર તરીકે બ્રેક મળ્યો ત્યારે તેઓ ફિલ્મ ‘મંગુ’ માટે ગીતો રેકોર્ડ કરવા માટે તક મળી, ત્યારે સૌથી પહેલા તે શમશાદ માત્ર બેગમ પાસે જ ગયા હતા અને તેમને આ સંબંધને અંતિમ શ્વાસ સુધી જાળવી રાખ્યો હતો. નય્યરે કહ્યું કે શમશાદ બેગમનો અવાજ તેના સ્વરની સ્પષ્ટતાને કારણે ‘મંદિરની ઘંટડી’ જેવો હતો.

૧૯૪૦ના દાયકાના અંત ભાગમાં મદન મોહન અને કિશોર કુમાર શમશાદ બેગમના ગીતોમાં કોરસ ગાતા હતા. તે સમયે શમશાદ બેગમે મદન મોહનને વચન આપ્યું હતું કે જ્યારે તે સંગીત નિર્દેશક તરીકે તેની કારકિર્દીની શરૂઆત કરશે, ત્યારે તે તેના માટે ઓછી ફીમાં ગીત ગાશે. તેણે પોતાનું વચન પાળ્યું. તેણે કિશોર કુમાર વિશે ભવિષ્યવાણી કરી હતી કે તે એક મહાન ગાયક બનશે. આ વાત સાચી પડી અને બાદમાં તેણે કિશોર સાથે યુગલ ગીતો પણ ગાયા. લાંબી માંદગી પછી, શમશાદ બેગમનું ૯૪ વર્ષની વયે ૨૩ એપ્રિલ ૨૦૧૩ના રોજ મુંબઈમાં તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમના પરિવારમાં તેમની પુત્રી ઉષા રાત્રા છે. ■

# મેટિની



# અક્ષય-અજયની અથડામણ

## એક્શન ફિલ્મો કરી આગળ આવ્યા પછી કોમિક પાત્રોમાં પણ પોતાનો કસબ દેખાડનારા બે અભિનેતાની વધુ એક બોક્સ ઓફિસ ટક્કર આ વખતે કોનું પલડું ભારે કરશે?

કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

ચાર વર્ષ સુધી ગોટે ચડેલી અને ગોથા ખાઈ રહેલી અજય દેવગનની 'મૈદાન'ને રિલીઝ થવા માંડ મેદાન મળ્યું ખરું પણ મોકળાશ નથી મળી, કારણ કે આવતા મહિને ઈદના સપરમા દિવસે રિલીઝ થયેલી આ ફિલ્મ સાથે ટક્કર લેવા અક્ષય કુમારની 'બડે મિયાં છોટે મિયાં' પણ રિલીઝ થઈ રહી છે. અજયની ફિલ્મ ૧૯૫૧થી ૧૯૬૨ દરમિયાનના ભારતીય ફૂટબોલના શ્રેષ્ઠ સમયનું પ્રતિબિંબ ઝીલતી સ્પોર્ટ્સ બાયોપિક છે જ્યારે અક્ષયની ટાઇગર શ્રોફ સાથેની ફિલ્મ એક્શન થ્રિલર છે. ક્રિકેટની મોસમ પુરબહારમાં ખીલી છે એ સમયમાં ફૂટબોલ પર ફોકસ કરતી ફિલ્મ દર્શકોને થિયેટર સુધી ખેંચી લાવવાનું કૌવત ધરાવે છે કે કેમ એ મોટો સવાલ છે. બીજી તરફ એક્શનનો ઓવરડોઝ દર્શકો આવકારે છે એ ગયા વર્ષે અને આ વર્ષે એકથી વધુ વાર સાબિત થયું છે. અક્ષયની રિલીઝ થયેલી છેલ્લી ડઝન ફિલ્મમાંથી 'સૂર્યવંશી' અને 'ઓએમજી ૨'માં જમા પાસું ઉજળું હતું જ્યારે અજયની છેલ્લી ડઝનમાંથી પાંચનો બોક્સ ઓફિસ પરફોર્મન્સ ઉજળો (સૂર્યવંશી, ગંગુબાઈ કાઠિયાવાડી, આરઆરઆર, દ્રશ્યમ ૨ અને શૈતાન) રહ્યો છે. બોક્સ ઓફિસ પર બંને વચ્ચે આઠ ટક્કર થઈ છે જેમાં સ્કોર કાર્ડ ૪ - ૪ એમ બરાબરી પર છે. હવે નવમી રિલિઝમાં કોણ મેદાન મારી આગળ નીકળી જાય છે એ બન્ને એક્ટરના ચાહકોના રસનો વિષય ચોક્કસ હશે એમાં બેમત નથી.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દોસ્ત દુશ્મનમાં બદલાઈ જતા વાર નથી લાગતી અને રાતોરાત દુશ્મની દોસ્તીમાં પલટાઈ જાય એવું પણ બને છે. ૨૦૦૫ પછી અજય - અક્ષય વચ્ચે ખટરાગ પેદા થયો અને દોસ્તીમાં તિરાડ પડી હતી. જોકે, ૨૦૧૨માં રિલીઝ થયેલી 'સન ઓફ સરદાર' અને 'ખિલાડી ૭૮૬' ડહોળાયેલું પાણી સ્વચ્છ કરવામાં નિમિત્ત બની હતી. અજયની 'સન ઓફ સરદાર' ટાઈટલ અક્ષય કુમાર પાસે રજિસ્ટર થયેલું હતું પણ અજય સામે ચાલીને અક્ષયના સેટ પર ગયો, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું અચાનક ફૂટી નીકળ્યું અને અજયને એ ટાઇટલ મળી ગયું. ત્યારબાદ અજયએ રિટર્ન ગિફ્ટ આપી અને 'સન ઓફ સરદાર'ની રિલીઝ વખતે 'ખિલાડી ૭૮૬'નું ટ્રેલર રજૂ થવા દીધું. 'મૈદાન' વિરુદ્ધ 'બડે મિયાં છોટે મિયાં' અભિનેતાઓની આ નવમી ટક્કર છે. અગાઉની આઠ અથડામણના હિસાબ કિતાબ પર એક નજર નાખીએ.

અક્ષય - અજયની બોક્સ ઓફિસ અથડામણની શરૂઆત થઈ 'અંગારે - પ્યાર તો હોના હી થા' (૧૯૯૮)થી. 'અંગારે' તો બોક્સ ઓફિસ પર ઠરી ગઈ પણ અજય - કાજોલનો રોમેન્ટિક ડ્રામા એ વર્ષની 'કુછ કુછ હોતા હૈ' પછી બીજા નંબરની સફળ ફિલ્મ હતી. બીજી ટક્કર હતી 'ધડકન' - દીવાને' (૨૦૦૦). અક્ષયની ફિલ્મ રોમેન્ટિક ડ્રામા હતી જ્યારે અજયની ફિલ્મમાં રોમેન્સ સાથે એક્શનની સજાવટ હતી. 'ધડકન' દર્શકોની ધડકન બની ગઈ જ્યારે 'દીવાને' દર્શકોને દીવાના કરવામાં નિષ્ફળ રહી હતી. ૨૦૦૦ની સાલમાં જ થયેલા ત્રીજા મુકાબલા ('રાજુ ચાચા - ખિલાડી ૪૨૦')ની રસપ્રદ વાત એ છે કે બંને ફિલ્મ ફ્લોપ હતી, પણ અજયની 'રાજુ ચાચા'એ અક્ષયની ફિલ્મ કરતા ઓછો માર ખાધો હતો. 'અબ તુમ્હારે હવાલે વતન સાથિયો' અને 'રેઇનકોટ'ની ૨૦૦૪ની ચોથી અથડામણમાં પણ ઓછી નિષ્ફળતા કોની એવો હિસાબ હતો. રિતુપર્ણો ઘોષ દિગ્દર્શિત 'રેઇનકોટ'(અજય - ઐશ્વર્યા) માસ માટે નહીં ક્લાસ માટેની ફિલ્મ હતી પણ ક્લાસએ સુધ્ધાં થિયેટર સુધી પહોંચવાની ઝાઝી દરકાર ન કરી. ત્રણ એક્કા (અમિતાભ - અક્ષય - અનિલ શર્મા) સાથે હોવા છતાં 'અબ તુમ્હારે હવાલે વતન સાથિયો'ને બોક્સ ઓફિસ પર નિષ્ફળ. સરખામણીમાં 'રેઇનકોટ' વધુ નિષ્ફળ. ૨૦૧૦ના 'એક્શન રિપ્લે' - 'ગોલમાલ ૩' વખતે અજયની ફિલ્મ ધડાધડ ગોલ કરી માલામાલ થઈ જ્યારે અક્ષયની 'એક્શન રિપ્લે'નો ધબડકો થયો હતો. એ જ વર્ષે અક્ષયની 'તીસમારખાં' અને અજયની 'ટુનપુર કા સુપરહીરો'માં અક્ષયનો ઘોડો વિનમાં રહ્યો હતો. અજયની ફિલ્મની આવક તો પરચૂરણ જેવી રહી હતી. ત્યારબાદ બાર વર્ષ પછી બંને વચ્ચે 'રામ સેતુ' - 'થેન્ક ગોડ'માં ટક્કર થઈ. 'રામ સેતુ'માં પુરાણ અને વિજ્ઞાનનો સમન્વય દેખાડી એના ઢોલ પીટવામાં આવ્યા હતા પણ ફિલ્મ સફળ ન થઈ. દિવાળીમાં બંને બોમ્બ સુરસુરિયા થઈ ગયા. નિષ્ફળતાનો માર અજયની એક્શન - એનિમેશન ફિલ્મને વધુ પડ્યો હતો.

ત્રણ વર્ષ પહેલા આવેલી 'સૂર્યવંશી'ના ટ્રેલરની રજૂઆત વખતે અક્ષય કુમારએ તેની અજય દેવગન સાથેની 'દોસ્તી'નો કિસ્સો રજૂ કર્યો હતો. અક્ષયે જણાવ્યું હતું કે 'અજય અને મારું બહુ પુરાની યાર દોસ્તી છે. અમારા બંનેની કારકિર્દીની શરૂઆત સાથે જ થઈ હતી. એક ફિલ્મ માટે અમારા બંને વચ્ચે લડાઈ પણ થઈ હતી. વાત એમ હતી કે કુકુ કોહલી દિગ્દર્શિત ફિલ્મ 'ફૂલ ઔર કાંટે' (૧૯૯૧) માટે લીડ રોલમાં મને લેવાનું નક્કી થયું હતું. જોકે, પછી અજય (દેવગન) એવી કરામત કરી ગયો કે ફિલ્મમાંથી મારી હકાલપટ્ટી થઈ ગઈ અને એ હીરો બની ગયો.' અક્ષયે આ વાત મજાકમાં કીધી હતી, દાઢમાં બોલ્યો હતો કે પછી ગંભીરતાથી એ આપણે નથી જાણતા, પણ એ કાર્યક્રમમાં હાજર રહેલા અજયએ અક્ષયના આક્ષેપને રદિયો નહોતો આપ્યો. જોગાનુજોગ એ જ વર્ષે અક્ષયની પહેલી ફિલ્મ 'સૌગંધ' (દિગ્દર્શક રાજ સિપ્પી) રિલીઝ થઈ હતી. અજયની ફિલ્મ ૧૯૯૧ની કમાણીની દ્રષ્ટિએ પહેલી પાંચ ફિલ્મમાં સ્થાન ધરાવતી હતી જ્યારે 'સૌગંધ' એવરેજ (ફ્લોપ થતા બચી ગયેલી) સાબિત થઈ હતી. ■

### 'સુહાગ' પછી છૂટાછેડા...

અક્ષય - અજય એકબીજાના કટ્ટર હરીફ રહ્યા હોવા છતાં કેટલાક ફિલ્મમેકરોએ ડબલ એક્શનનો લાભ લેવા કે પછી તેમની હરીફાઈનો ફાયદો ઉઠાવવા તેમને સાથે સાઈન કર્યા હોય એવા એકથી વધુ ઉદાહરણ છે. બંને સાથે ચમક્યા હોય એવી પ્રથમ ફિલ્મ હતી 'સુહાગ' (૧૯૯૪) જેમાં બંને લીડ રોલમાં હતા. એક્શન અને રોમેન્સથી છલકાતી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. બની રહી હતી એ દરમિયાન નિર્માતા સાથે વિવાદ થવાથી અક્ષયએ અડધી ફિલ્મ પછી ડબિંગ પડતું મૂક્યું હતું અને એટલે બાકીનો હિસ્સો અન્ય વ્યક્તિના અવાજમાં ડબ કરી ફિલ્મ પૂરી કરવી પડી હતી. બીજો વિવાદ એ થયો હતો કે ફિલ્મનું સુપરહિટ સોંગ 'ગોરે ગોરે મુખડે પે કાલા કાલા ચશ્મા' કરિશ્મા કપૂર પર ફિલ્માવવાનું હતું પણ પછી બીજી હિરોઈન નગ્મા પર પિક્ચરાઇઝ થયું હતું. એ સમયે અક્ષય - કરીનાની નિકટતા જવાબદાર હોવાનું કહેવાતું હતું. 'સુહાગ' પછી બંને વચ્ચે જાણે કે છૂટાછેડા થયા હોય એવી પરિસ્થિતિ જોવા મળી. આખો એક દસકો વીતી ગયા પછી આવેલી 'ખાકી' (૨૦૦૪)માં સાથે નજરે પડ્યા પણ તેમના રોલમાં વિરોધાભાસ હતો. અક્ષય પોલીસ ઇન્સ્પેક્ટર અને અજય એક ગુનેગાર તરીકે જોવા મળ્યો. ફિલ્મનું સુકાન કાબેલ દિગ્દર્શક રાજકુમાર સંતોષીના હાથમાં હોવાથી બંનેના રોલનું વજન સરખું હતું. ૨૦૦૫માં અજય - અક્ષયની 'ઈન્સાન'માં પોલીસ થવાનો વારો મિસ્ટર દેવગનનો હતો અને અક્ષય રિક્ષા ડ્રાઈવર - 'નકલી ગુંડા'ના રોલમાં હતો. અલબત્ત આ ફિલ્મ ફ્લોપ થઈ હતી. ત્યારબાદ દોઢ દાયકા પછી રોહિત શેટ્ટીની 'સૂર્યવંશી' (૨૦૨૧)માં એક્શન ફિલ્મોના બે મહારથી સાથે નજરે પડ્યા. કોવિડ - ૧૯ની મહામારીના લોકડાઉન પછી રિલીઝ થયેલી આ એક્શન ફિલ્મ હિટ સાબિત થઈ હતી.

ફોકસ

મનીષા પી. શાહ

# પુરુષ પાત્રોની મનોરંજન એક્સપ્રેસ




બોલીવુડ માટે હળવી ગતિએ ચૂપચાપ કંઈક સારું થઈ રહ્યું છે. 'ટ્વેલ્થ ફેઇલ', 'આર્ટિકલ ૩૭૦', 'લાપતા લેડિઝ' બાદ 'મડગાંવ એક્સપ્રેસ'ને મળેલો પ્રતિસાદ કન્ટેન્ટની સર્વોપરીતા સાબિત કરે છે. સ્પષ્ટ અને ફેસવેલ્યુ વગરની સારી ફિલ્મો ચાલે છે એ આવકાર્ય સ્થિતિ ગણાય. ભલે મોટામાથા ૧૦૦-૨૦૦-૩૦૦ કરોડની બ્લાઈન્ડ ગેમ રમે, જીતે કે ઊંધા માથે પછડાય. ઉપર લખેલી ચાર ફિલ્મમાં કોઈ મોટા સ્ટાર નથી, પ્રમાણમાં નવા ચહેરા નથી અને ત્રણમાં તો નવા દિગ્દર્શક છે અચ્છે દિન આ રહે હૈ, સચમુચ?

'મડગાંવ એક્સપ્રેસ'ને સ્લીપર હિટ કહી શકાય. આથી સૌથી સરપ્રાઈઝ ગિફ્ટ છે કુણાલ ખેમુ. આ ફિલ્મમાં તે લેખક, દિગ્દર્શક, ગીતકાર અને અભિનેતા (પણ મહેમાન કલાકાર) તરીકે હાજર છે. કહી શકાય કે એના વ્યક્તિત્વના નવા પાસા સફળતા પૂર્વક સામે આવ્યા છે.

વાર્તા નથી છતાં લખાણ-માવજતમાં તાજગી છે. બાળપણના ત્રણ ગોઠિયાની વરસોથી ઈચ્છા છે કે એકવાર ગોવા જવું અને ખૂબ ધમાલ મસ્તી કરવી. વરસો બાદ આ સપનું પૂરું થવામાં છે, ત્યાં એક પછી એક વિઘ્ન આવે છે. એ ટર્ન-ટ્વીસ્ટ્સમાં ખૂબ વધી મસ્તી-રમૂજ એટલે 'મડગાંવ' એક્સપ્રેસ. સિનેમાના અભ્યાસુઓને આમાં કુણાલની જ વેબ-ફિલ્મ 'લૂંટકેસ' અને અંગ્રેજી ફિલ્મ 'પાઈનેપલ એક્સપ્રેસ'ની છાંટ દેખાઈ આવશે. આમ છતાં 'મડગાંવ એક્સપ્રેસ'નું મનોરંજન હોવાનું મહત્ત્વ લેશમાત્ર ઘટી જતું નથી.

આ ફિલ્મમાં દર્શાવાયેલા મેલ બોન્ડિંગ આમે ય ભૂતકાળમાં પસંદ કરાયું છે. આના શ્રેષ્ઠ ઉદાહરણ એટલે 'દિલ ચાહતા હૈ', 'અંદાજ અપના અપના' અને 'થ્રી ઈડિયટ્સ'. ત્રણ ભાઈલોગની કેમિસ્ટ્રી કેવી અફલાતૂન રીતે દર્શાવી આવી હતી કે પ્રેક્ષકો આજેય ભૂલી શક્યા નથી. કંઈ હદે ઑલ ટાઈમ ફિટ અને એવરગ્રીન 'શોલ' પણ એ શ્રેણીમાં મૂકી શકાય. વધુ વિચારીએ તો 'કુછ કુછ હોતા હૈ', 'જિંદગી ના મિલેગી દોબારા', 'કલ હો ના હો', 'રંગ દે બસંતી', 'વેક અપ સિડ', 'રોક ઓન', 'ઝંકાર બિટ્સ', 'મુન્નાભાઈ એમ.બી.બી.એસ.' 'દિલ્લી બેલી' અને જહોન-અભિષેકની 'દોસ્તાના' યાદ આવે. કંઈક અંશે 'ધૂમ' સિરીઝની પહેલી બે ફિલ્મ પણ આ બધાની સાથે મૂકવી ગમે.

આ બધી ફિલ્મોની વિશિષ્ટતા પાત્રો અને વાર્તામાં હતી. શું હતું વાર્તામાં? બાળપણથી યુવાનીની મુસાફરી, એમાં જોયેલાં સપનાં, જોયેલી ચાહત અને રાખેલી અપેક્ષા. આ બધી લાગણી-માગણીઓનું સાકર થતાં-થતાં તૂટવું. એક-એક માનવીના કોઈકને કોઇક સપના હોય, ઈચ્છા હોય, મહત્વાકાંક્ષા હોય ને હોય જ. એટલે નાયક સાથે પોતાને આઈડેન્ટીફાય કરે, એનામાં પોતાનું પ્રતિબિંબ જુએ. એકદમ ઊબડખાબડ રસ્તા પર થતી આ મુસાફરીમાં પકડાતી ગતિ, લાગતા આંચકા, અનુભવાતા આનંદ અને પછી આવતા આંસુ પ્રેક્ષકોને પોતીકા લાગે. ને એમાં જ ફિલ્મ લેખક દિગ્દર્શક અને આખી ટીમ બાજી જીતી જાય.

પહેલી નજરે મેલ બોન્ડિંગની ફિલ્મ બનાવવી સરળ લાગે, પણ એવું નથી. નહિતર તો બોલીવુડવાળા એની ફેક્ટરી શરૂ કરી દેતા અચકાયા નહોત. અહીં પણ પાત્રોની વિશિષ્ટતા, માનવ-સહજ નબળાઈ અને એના માટે પસંદ કરાતા કલાકારોનું ખૂબ મહત્ત્વ છે. આ બધુ એટલું ધીરજપૂર્વક કરવું પડે કે પ્રેક્ષકો એના પ્રેમમાં પડ્યા વગર ન રહે.

આમેય બદલા, જાસૂસી, પાકિસ્તાન-દ્વેષના બીબાઢાળ અને કાન ફાડી નાખતા ધૂમધડાકા વચ્ચે આવી નાની સારી ફિલ્મમાં બળબળતા રણમાં મળેલી વીરડી અને ઉપરથી થયેલા માવઠા જેવી હૈયાને ટાઢક આપે એ એની સૌથી મોટી અસર. ■

# આજના પ્રી-વેડિંગના જમાનામાં પ્રી-અંડરસ્ટેન્ડિંગની વધુ જરૂર છે!



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

પહેલું જી.આર. પૂરું થયું, પણ એ હજી વધુ સારું થાય એવી ઈચ્છા તો હતી. કહે છે ને કે ભિક્ષાપાત્ર ભરી શકાય, પરંતુ ઇચ્છાપાત્ર ક્યારેય ભરી શકાતું નથી. આ જાણવા છતા મને થતું હતું કે નાટક હજી વધુ સારી રીતે કરી શકાય એના બે કારણ પ્રબળ હતા. એક તો આજ કથાવસ્તુ સાથે રજૂ થયેલ 'છાનું છમકલું' ની નિષ્ફળતા જોઈ લીધી હતી, અને બીજું કે જી.આર.માં અનુભવી ભટ્ટસાહેબ આવ્યા હોત તો એમની પારખું નજરે નાટકમાં રહી જતી કોઈ ક્ષતિ પારખી લીધી હોત, કારણ હું તખ્તા પર મુખ્ય રોલ ભજવતો હોઉં ત્યારે અમુક ભૂલ મારાથી નજરઅંદાઝ થઈ પણ ગઈ હોય ! આ બધી કસર હવે કાલે ભટ્ટસાહેબ આવે ત્યારે કાઢીશ એવી વાત મગજમાં ફીટ કરી લીધી. હું તો રાજેન્દ્ર અને તુષારભાઈનાં પોઈન્ટ્સ, જે એમણે જી.આર. પછી કહેલા એ કલાકારો સાથે ડિસ્કસ કરી જોઈતી સલાહ એમને આપી દીધી હતી, પણ સમજવું એ સમજાવવા જેટલું સહેલું નથી હોતું.

બીજે દિવસે ઘરે હું સ્ક્રીપ્ટ લઈને બેસી ગયો. રિહર્સલમાં સાંજે ચાર વાગે હિન્દુજા પર પહોંચવાનું હતું. મોટી શાંતિ એ હતી કે 'કિશોર દવે બરાબર' રહેતા હતા. નાની=મોટી વાતો પર હું જાજું ધ્યાન નહોતો આપતો.આજના પ્રી-વેડિંગનાં જમાનામાં

પ્રી- અન્ડરસ્ટેન્ડિંગ ની વધુ જરૂર છે એ વાત મને સમજાય ગઈ હતી. 'મનમાં માત્ર નાટક' ની ગાંઠ વાળી મારું કામ કરતો રહેતો. છતાં

કબૂલ કરું છું કે છાનો ભય તો રહ્યાં જ કરતો. માણસ બે પ્રકારના હોય છે, એક એ જ્યાં જાય ત્યાં 'આનંદ', અને બીજો, માણસ જ્યાંથી જાય ત્યાં 'આનંદ'. હવે કિશોરભાઈને કયા ખાનામા મુકવા એ વિચાર ઘડીભર આવી જતો, પણ વળતો વિચાર એમની મહેનત અને એમની આવડત યાદ આવતા જ ખાનાની વાત ભૂલાય જતી અને અર્જુનના 'નિશાન' ની નજરથી માત્ર નાટક દેખાવા લાગતું. પારકા માટે પગથિયું ન બની શકો તો કંઈ નહિ, પણ ચાલનારા માટે ખાડા રૂપ તો ન જ બનવું જોઈએ. એની વે, હું ૩.૩૦ વાગે હિન્દુજા પર પહોંચી ગયો. આશ્ચર્ય વચ્ચે ભટ્ટસાહેબ અને તુષારભાઈ આવી ગયા હતા. વધારે નવાઈ એ લાગી કે કિશોર દવે અને કુમુદ બોલે તથા રજની અને સોહિલ વિરાણી પણ હાજર હતા.

ભટ્ટ સાહેબને આગલા દિવસના જી.આર. ની વાત વિસ્તૃતમા જણાવી. એક જ આશાએ કે પ્રેરણા, પ્રોત્સાહન અને સાથે આપણો પ્રયાસ ઘણું સારું પરિણામ આપી જાય છે.

પાંચેક વાગે તો રાજેન્દ્ર શુકલ પણ આવી ગયો. ત્યાં સુધીમાં લાઈટો અને મ્યુઝિક બંને સેટ થઇ ગયા. કુમુદ બોલે અને રજની મેક-અપ અને ડ્રેસ સાથે તૈયાર હતા. પહેલા સીનમાં હું, કિશોર દવે અને રાજેશ મહેતા હતા. થોડીવારમાં અમે પણ તૈયાર થઇ ગયા.

બધી તૈયારી થતા ભટ્ટ સાહેબે જી.આર. શરુ કરવા કહ્યું, ત્યારે લગભગ ૬ વાગવા આવ્યા હતા. રિહર્સલ, શો માફક જ શરૂ થતા, ભટ્ટ સાહેબ, રાજેન્દ્ર શુકલ અને તુષારભાઈ, હાથમાં પેન-પેડ લઇ ત્રીજી હરોળમાં ગોઠવાય ગયા. રિહર્સલ શરૂ થયા અને કોઈ પણ જાતની રુકાવટ કે રોકટોક વગર પહેલો અંક પૂરો પણ થઇ ગયો. માત્ર ભરત જોશીએ એન્ટ્રી થોડી મોડી કરી, એ કદાચ

પ્રોડક્શનનાં કોઈ કામમાં અટવાયો હશે પણ બહુ જાજો ફરક ન પડ્યો એ વાતનો આનંદ રહ્યો. ભટ્ટસાહેબે બધાની નાની-મોટી ભૂલો, કઈ જગ્યાએ કોણ રીએક્શન ચુક્યું એ બધું વિગતે સૌને સમજાવ્યું. થોડાં વ્યક્તિગત સૂચનો પણ મને કહ્યા. ચા-પાણીનાં બ્રેક પછી ફરી બીજા અંકના શ્રી ગણેશ કર્યા. બીજો અંક સ્મૂથ તો ગયો, પણ પહેલા સીનમાં 'સીન-ડ્રોપ' વખતે આવતો રતન અને બીજા અંકના અંતમાં પીઠમાં ખોસેલા ચપ્પુ સાથે આવતા કિશોર દવે, આ બે વખતે લાઈટ અને મ્યુઝિકનું સિંક્રોનાઈઝેશન ન થયું.

બીજો અંક પૂરો તો થયો પણ ભટ્ટસાહેબના હિસાબે પરફોર્મન્સને કારણે 'ગ્રીપ' થોડી છૂટી ગઈ હોય એવું લાગ્યું. ભટ્ટસાહેબે મને એ 'રીપેર' કરવાનું કહ્યું.એ પછી ત્રીજો અંક જે પ્રમાણમાં નાનો હતો, એ શરૂ કર્યો. એના છેલ્લા સીનમાં એવું હતું કે એક ગુંડો. જે નાનો રોલ મિત્રભાવે રાજેન્દ્ર શુકલ ભજવતો હતો- એ મને બેભાન કરી, ખુરસી પર બેસાડી બાંધી દે છે. ઘરમાં અંદરની રૂમમાં ચોરી કરવા જતા એનું ધ્યાન મારી પત્ની (કુમુદ બોલે) પર પડતા એ ચાકુ બતાવી 'રેપ' કરવા જાય છે અને ઝપાઝપીમાં ચાકુ મારી પત્નીના હાથમાં આવી જતા એ રણચંડી બની ચાકુ પેલા ગુંડાનાં પેટમાં હુલાવી દે છે.

બીજું, બીજા અંકના ડ્રોપ વખતે પીઠમાં ખંજર સાથે પ્રવેશતા કિશોર દવે, આ બંને સીન્સ ટેકનિકલ હોવાથી ભટ્ટસાહેબે એ બંને સીન્સ

પોલીશ્ડ કરવાનું કહ્યું. એ પછી ભટ્ટસાહેબ ઘરે જવા નીકળી ગયા. ત્યારે લગભગ રાતનો એક વાગ્યો હશે. અમે ડિનર-બ્રેક

લીધો. ભટ્ટસાહેબના સૂચને બધાના જીવ પડીકે બાંધી દીધા હતા. ફરી નિષ્ફળતા મળશે કે શું?. એ સંશય બધાના મોઢા ઉપર

દેખાય રહ્યો હતો. મેં ભટ્ટસાહેબે કરેલા સૂચન ફરી કરવાનો વિચાર થોડા સંકોચ સાથે બધા સામે મુક્યો. સમય જોતા મને

વિશ્વાસ નહોતો. આમ પણ લોકો કેલેન્ડરની જેમ જીવતા થઇ ગયા છે. જરાક વિચારીએ ત્યાં તો વાર અને વ્યવહાર બદલાય જાય, પણ સુખદ આશ્ચર્ય વચ્ચે બધા કલાકારોએ એક અવાજે કહ્યું, ભલે સવાર પડે, શો તો સાંજનો છે, થોડો આરામ કરી શો 'ઝક્કાસ' રીતે ભજવીશું.'.

એ રતનનો બીજા અંકનો પહેલા સીનનો ડ્રોપ, બીજા અંકના કિશોર દવેનું પીઠમાં ખંજર સાથે થતું મર્ડર અને ત્રીજા અંકનો 'રેપ' અને રાજેન્દ્રના મર્ડરનો સીન, આ બધા ફરી ભજવ્યા ત્યારે સંતોષ થયો. રાતના લગભગ ત્રણ વાગી ગયા હતા. બધા કલાકારોને ધનવંતભાઈ ટેક્ષીમાં મૂકી આવ્યા. થોડું મ્યુઝિક અને લાઈટ્સ માટે ડિસ્કસ કરવા હું અને રાજેન્દ્ર બંને બેઠા. તુષારભાઈ અને ભજો પણ નીકળ્યાં. ધનવંતભાઈ ટાઉનમા જ રહેતા હતા એટલે અમારી સાથે બેઠા. રાજેન્દ્રએ ગુંડા તરીકે પોતાના જ પેન્ટ-શર્ટ પહેરેલા. મેં પણ મારા નાટકના કોસ્ચ્યુમ કાઢી મારા પોતાના પેન્ટ-શર્ટ પહેરી ફરી સીન ભજવેલો એટલે અમારા બંનેનાં કપડાં ખરાબ ધૂળવાળા થઇ ગયાં હતાં, એમાં શર્ટ તો ખાસ. સવારે પ્રાર્થના સમાજ પાસે વહેલી સવારે દુકાન ખુલતા ઉપરના પહેરણ લીધા. એ પહેરી, શર્ટને બેગમા નાંખી પોતપોતાને ઘરે રવાના થયા. જતા જતા એ વાતનો સંતોષ હતો કે ભટ્ટસાહેબની સલાહને અમલમાં મૂકી શક્યા. જો હારવું જ પડે તો હિંમતથી હારજો પણ હિંમત ક્યારેય ન હારતા.... કોઈએ કહેલું આ વાક્ય મમળાવતો હું ટ્રેનમાં બેઠો.



***

*થોડો જાજો હિસાબ તો આપો,*
*ખોટો સાચો જવાબ તો આપો.*
*બાગમાં ભાગ છે અમારો પણ,*
*એક વાસી ગુલાબ તો આપો.*

-ઘાયલ

**ડબ્બલ રિચાર્જ**

*બાપુ સિંહનો શિકાર કરવા ગયા. બીજા દિવસે જંગલખાતામાંથી ફોન આવ્યો કે ''બાપુ મૃત્યુ પામ્યા છે. એમની બોડી મોકલી આપી છે.'' કોફિન ગામમાં આવ્યું. ખોલ્યું તો એમાં સિંહની લાશ હતી. જંગલખાતામાં ફોન કર્યોકે, ભાઈ. આ કોફીનમાં તો ભૂલથી સિંહની બોડી આવી છે. જંગલખાતાએ કહ્યું, ''કોઈ ભૂલ નથી થઇ, કોફીનમાં સિંહ છે અને સિંહમાં બાપુ છે.''*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બૅક

# પૃથ્વીરાજ કપૂરે લીલાવતી મુનશી સાથે જ્યારે રાજ્યસભામાં ચર્ચા કરી

## ફિલ્મસ્ટાર કંગના રનૌટ, અરુણ ગોવિલ આ વખતે લોકસભાની ચૂંટણીમાં નવા ચહેરા છે. ૧૯૫૨થી ચિત્રપટ અભિનેતાની હાજરી સંસદમાં જોવા મળે છે





લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે અને વિવિધ પક્ષો દ્વારા તેમના ઉમેદવારોની ઘોષણા વારાફરતી થઈ રહી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રાજકારણ તો વર્ષોથી રમાતું આવ્યું છે અને રાજકારણમાં પણ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના કલાકારોને ચૂંટણીમાં ઊભા રાખવાનો સિલસિલો અનેક વર્ષોથી ચાલતો આવ્યો છે. પૃથ્વીરાજ કપૂરથી શરૂ કરી હેમા માલિની સુધી અનેક ફિલ્મસ્ટારો સંસદ ભવન સુધી પહોંચ્યાં છે. જોકે, કેટલાક તો માત્ર શોભાના ગાંઠિયા જેવા હતા તો કેટલાકે અર્થપૂર્ણ યોગદાન આપ્યું છે. આ વર્ષની લોકસભા ચૂંટણી માટે કંગના રનૌટ, અરુણ ગોવિલ, હેમા માલિની, શત્રુઘ્ન સિંહા, રવિ કિશન વગેરેને ઉમેદવારી મળી છે. ૧૯૫૨માં પ્રથમ લોકસભા અસ્તિત્વમાં આવી એ સમયમાં ફિલ્મ કલાકારો રાજ્યસભામાં નોમિનેટ થતા હતા. ૧૯૮૦ના દાયકાથી ફિલ્મસ્ટારો વિવિધ પક્ષની ટિકિટ પર ચૂંટણી લડી લોકસભામાં નજરે પડવા લાગ્યા છે. આજે આપણે રાજ્યસભા માટે નોમિનેટ થયા હોય એવા અભિનેતા - અભિનેત્રીના કાર્યકાળની અને તેમના યોગદાન વિશે જાણીએ.

લોકસભાની ચૂંટણીમાં ફિલ્મસ્ટારની હાજરી નિયમિતપણે જોવા મળવા લાગી એ પહેલા રાજકારણમાં ફિલ્મ કલાકાર લાવવાની પ્રથા દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ શરૂ કરી હતી. તેમણે એ સમયના અગ્રણી અભિનેતા શ્રી પૃથ્વીરાજ કપૂર (રણબીર કપૂરના પર દાદા)ને રાજ્યસભાની ઉમેદવારી (નોમિનેટેડ) ઓફર કરી હતી. આ ઉમેદવારી કોઈ લ્હાણી નહોતી, બલકે પૃથ્વી થિયેટર્સમાં ભજવાતાં નાટકોમાં સમાજવાદ અને ધર્મનિરપેક્ષતાના આદર્શોને પ્રાથમિકતા આપવા બદલ આ સન્માન તેમને મળ્યું હતું.

આમ ભારતમાં પ્રથમ સંસદ સભ્ય બનવાનું બહુમાન શ્રીમાન કપૂરને ફાળે ગયું અને ૧૯૫૨થી ૧૯૬૦ દરમિયાન તેઓ રાજ્યસભામાં હતા. ઓકે, પણ એ આઠ વર્ષમાં તેઓ શોભાના ગાંઠિયા બની રહ્યા કે કશુંક નક્કર યોગદાન આપ્યું એ જાણવું જરૂરી છે. એ સમયમાં કોઈ રાજકારણીએ એવી કોમેન્ટ કરી હતી કે 'શ્રીમાન પૃથ્વીરાજ કપૂર રાજકારણી નહીં પણ અભિનેતા હોવાથી તેઓ તેમની નિમણૂંક રાજ્યસભામાં કરનારાના કાયમ ગુણગાન ગાશે.' નોમિનેટેડ સભ્ય કોઈની ભલામણથી આવ્યો હોવાથી તેણે ચીંધેલો માર્ગ અપનાવવો પડે એવો તેમનો ભાવાર્થ હતો. આ પ્રતિક્રિયા સાંભળી પૃથ્વીરાજ કપૂર એટલું જ બોલ્યા કે 'આવી કોમેન્ટ સાંભળી માઠું ન લાગ્યું પણ અસ્વસ્થ જરૂર થયો.' નોમિનેટેડ સભ્યોએ કોઈના બોલાવ્યા બોલવું પડે એ વાતનો ઈન્કાર કરી તેમણે જણાવ્યું હતું કે 'નોમિનેટેડ સભ્યોમાં વૈજ્ઞાનિકો, સાહિત્ય જગતના માણસો, પ્રતિષ્ઠિત ઈતિહાસકારો, કવિઓ, નર્તકો - નૃત્યાંગનાઓ, તેમજ મારા જેવા અભિનેતા પણ હોય છે. દેશના હિતને પ્રાથમિકતા આપવા રાજકારણીનું ધ્યાન દોરવાની જવાબદારી આ નોમિનેટેડ સભ્યોની છે.' પૃથ્વીરાજ કપૂરનો એક અનન્ય કિસ્સો સ્વર્ગીય રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે તેમના પુસ્તક 'ઈન્ડિયા ૨૦૨૦: અ વિઝન ફોર ધ ન્યૂ મિલેનિયમ'માં લખ્યો છે.

રાષ્ટ્રપતિપદની ઉમેદવારી નોંધાવતી વખતે શ્રી કલામે એ કિસ્સો ટાંક્યો હતો. તેમણે લખ્યું છે કે 'ભારતને આઝાદી મળી ત્યારે હું ૧૬ વર્ષનો હતો. એક દિવસે સવારે મારા વાંચવામાં એક અહેવાલ આવ્યો જેમાં લખ્યું હતું કે 'સ્વતંત્રતા મળ્યા પછી ઉત્સવનું વાતાવરણ હતું. દેશભરના નેતાઓ દિલ્હીમાં એકઠા થઈ હવે પછી શું કરવું એની ચર્ચા કરી રહ્યા હતા ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સત્તાના કેન્દ્ર સ્થાનેથી દૂર કોમી હુલ્લડમાં જખ્મીઓની સારવાર કરી તેમને સાંત્વના આપી રહ્યા હતા. પ્રજાના હૈયામાં બિરાજમાન હોય એવો કયો નેતા આવી હિંમત બતાવી શકે? દેશની સમગ્ર જનતાની સુખાકારી હૈયે અંકિત હોય એ જ વિકસિત રાષ્ટ્રની દિશામાં પહેલું પગલું છે.' આ કિસ્સો રાજ્યસભાના નોમિનેટેડ સભ્ય શ્રી પૃથ્વીરાજ કપૂરે ૧૯૫૩માં સંસદમાં ટાંક્યો હતો જે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પર યુવાનીમાં ઊંડો પ્રભાવ છોડી ગયો હતો. પૃથ્વીરાજ કપૂરના આ નિવેદને શ્રી કલામનું જીવન અનુકંપાભર્યું બનાવવામાં નિમિત્ત બન્યું એમ ચોક્કસ કહી શકાય. આ આખીય વાત પ્રેસિડેન્ટની વેબસાઈટમાં અંકિત છે. આ સિવાય તરછોડાયેલા કે અવગણનાં પામેલાં બાળકો માટેના ચિલ્ડ્રન્સ બિલ,૧૯૫૩ અંગે રાજ્યસભામાં થયેલી ચર્ચા દરમિયાન શ્રીમતી લીલાવતી મુનશીએ બાળકો પર પડતી ફિલ્મોની નકારાત્મક અસરનો મુદ્દો ઉખેળ્યો ત્યારે પૃથ્વીરાજ કપૂર ચર્ચામાં સહભાગી થયા હતા. તેમણે ઘણા મુદ્દા રજૂ કર્યા હતા જેમાં એક મુદ્દો એ પણ હતો કે 'બાળકોની સારસંભાળ કઈ રીતે રાખવી એની તાલીમ માતાપિતાને આપવી જોઈએ.' આ આખીય ચર્ચા રાજ્યસભાના ડેટાબેઝ પર ઉપલબ્ધ છે. આના પરથી સિદ્ધ થાય છે કે નોમિનેટેડ સભ્ય હોવા છતાં શ્રી પૃથ્વીરાજ કપૂરનું યોગદાન રચનાત્મક હતું.

પૃથ્વીરાજ કપૂરના ૨૦ વર્ષ બાદ 'મધર ઈન્ડિયા' શ્રીમતી નરગિસ દત્તને રાજ્યસભામાં નામાંકિત સભ્યપદ મળ્યું હતું. નરગિસજીનું સંસદ સભ્ય તરીકે કોઈ નોંધપાત્ર યોગદાન એટલા માટે નથી કે તેમનો કાર્યકાળ બહુ જ ટૂંકો હતો. ફિલ્મોને અલવિદા કર્યા પછી શ્રીમતી દત્ત સામાજિક કાર્યોમાં ગૂંથાઈ ગયાં હતાં. સિત્તેરના દાયકામાં સ્પાસ્ટિક સોસાયટી માટે તેમણે ઘણું કામ કર્યું હતું. ત્રીજી એપ્રિલ, ૧૯૮૦ના દિવસે તેમને રાજ્યસભામાં નોમિનેટ કરવામાં આવ્યાં હતાં. જોકે, બીજી ઓગસ્ટ, ૧૯૮૦ના દિવસે રાજ્યસભાનું સત્ર ચાલુ હતું ત્યારે અભિનેત્રી બીમાર પડ્યાં અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. કેન્સર થયું હોવાની જાણ થતા તેમને યુએસના ન્યૂયોર્ક શહેરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં ત્રીજી મે, ૧૯૮૧ના દિવસે તેમનું અવસાન થયું હતું. રાજ્યસભામાં કેટલાક મુદ્દા રજૂ કરવાની તેમની મનની મનમાં રહી ગઈ.

નરગિસ પછી રાજ્યસભામાં નામાંકન સભ્યપદ મેળવનારા અભિનેત્રી હતાં વૈજયંતીમાલા. ભરત નાટ્યમ અને ભારતીય શાસ્ત્રીય નૃત્યકલાનો ફેલાવો કરવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે. આ કારણસર જ ૧૯૯૩ - ૯૯ સુધી તેઓ રાજ્યસભામાં હતાં. એ પહેલા ૧૯૮૫માં કોંગ્રેસની ટિકિટ પર તેઓ જનતા પાર્ટીના અનુભવી ઉમેદવારને પરાજિત કરી લોકસભામાં ગયાં હતાં. જોકે, ૧૯૯૯માં કોંગ્રેસ સાથે છેડો ફાડી વૈજયંતીમાલા ભારતીય જનતા પક્ષમાં જોડાયા હતા. સોનિયા ગાંધીને આપેલા પત્રમાં અભિનેત્રીએ જણાવ્યું હતું કે 'રાજીવ ગાંધીના અવસાન પછી પક્ષ તેના સિદ્ધાંતોને ચાતરી આગળ વધી રહ્યો છે. પક્ષના મહેનતુ કાર્યકર્તાઓની અવગણના થઈ રહી છે. આવા વાતાવરણમાં પક્ષમાં મારો આત્મા ડંખે છે અને એટલે હું પક્ષ છોડી રહી છું.'

નૃત્યકલાના પ્રસાર સિવાય કોઈ રચનાત્મક કાર્ય તેમણે સંસદ સભ્ય તરીકે કરી હોવાની સત્તાવાર નોંધ ઉપલબ્ધ નથી. શબાના આઝમી ૧૯૯૭થી ૨૦૦૩ દરમિયાન રાજ્યસભામાં નોમિનેટેડ સભ્ય હતાં. વાચાળ વ્યક્તિત્વ ધરાવતાં શબાના આઝમીનો જેટલો ઘનિષ્ઠ સંબંધ ફિલ્મો સાથે રહ્યો છે એવો જ રચનાત્મક કાર્યો સાથે રહ્યો છે. વિવિધ મુદ્દા ઉઠાવતા તેઓ અચકાયાં નથી.

રાજ્યસભાની વેબસાઇટ પરની માહિતી અનુસાર 'નામાંકિત સભ્ય શ્રીમતી શબાના આઝમીએ રાજ્યસભાના શિયાળુ સત્ર (૨૦૦૨) દરમિયાન શાળાનાં બાળકો માટેના મધ્યાહ્ન ભોજન યોજનાના અમલીકરણ અંગે કરેલી રજૂઆત અત્યંત પ્રભાવી રહી હતી અને સમગ્ર ગૃહે તેમનું અભિવાદન કર્યું હતું. (ક્રમશઃ)■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# રિયલ લાઈફના રહસ્યનો સિનેમા ફિક્શન થકી ઉકેલ મળે ખરો?

## સિનેમામાં વાસ્તવિકતા અને કલ્પનાના મિશ્રણનો એક નવો પ્રકાર



સત્ય ઘટના પર આધારિત' કે પછી બેઝડ ઓન રિયલ લાઈફ ઈવેન્ટ્સ' એવું આપણે ઘણી મૂવીઝ માટે જોતા કે સાંભળતા હોઈએ છીએ, પણ આજે આપણે વાત કરવી છે એવી બે વાસ્તવિક ઘટનાની કે જેનો પ્રયોગ સિનેમામાં ખૂબ જ અલગ રીતે કરવામાં આવ્યો છે. એ વાસ્તવિક ઘટનાઓ અને સિનેમામાં એટલી રોચકતા છે કે સિનેમામાં વાસ્તવિકતા અને કલ્પનાના મિશ્રણનો એક નવો જ પ્રકાર જોવા મળ્યો છે.

ડીબી કૂપરનું નામ સાંભળ્યું છે? ડીબી કૂપર એટલે એક એવો ક્રિમિનલ માસ્ટરમાઈન્ડ કે જેને પકડી જ નથી શકાયો. તમે કહેશો કે અરે, એવા તો ઘણા ક્રિમિનલ્સ હશે કે જેમને પકડી નથી શકાયા ..

ડીબી કૂપરના ગુનાની સાલ છે ૧૯૭૧. જેમને ડીબી કૂપર અને એના ગુના વિશે ખબર હશે એ જાણતા હશે કે એના કિસ્સાનું રહસ્ય શું છે.

બન્યું હતું એવું કે ૨૪ નવેમ્બર ૧૯૭૧ની સાંજે ડીબી કૂપર નામના એક માણસે પોર્ટલેન્ડથી સિએટલ જતા બોઇંગ ૭૨૭ એરક્રાફ્ટને હોસ્ટેજ બનાવી લીધું હતું. જો કે સામાન્ય સંજોગોમાં જેમ હાઇજેક થાય છે એમ નહીં. પ્લેનન અન્ય પેસેન્જર્સને ખબર પણ નહોતી પડી કે એમને હોસ્ટેજ રાખવામાં આવ્યા છે. કારણ એ કે ડીબી કૂપરે માત્ર ફ્લાઇટ અટેન્ડન્ટ ફ્લોરેન્સ શાફનર સાથે જ ચિઠ્ઠીથી વાત કરી હતી કે એની પાસે બોમ્બ છે અને એની ડિમાન્ડ છે બે લાખ ડોલર્સ કેશ અને ચાર પેરાશૂટ્સ. પ્લેન સિએટલ ઊતર્યું ને એની ડિમાન્ડ પૂરી થઈ. પેસેન્જર્સ ઊતર્યા પછી વધારાનું ફ્યુઅલ ભરાવીને એણે પ્લેનને ફરી ફ્લાઈ કરવા કહ્યું. પ્લેન ઊડ્યું એ પછી કેબિન ક્રૂને કોકપીટમાં લોક કરીને એ વખતના પ્લેન્સમાં આવતા પાછળના ભાગના નીચેની સીડીવાળા દરવાજાથી રાતના અંધારામાં, ખરાબ હવામાનમાં અને એ પણ બરાબર જંગલ વિસ્તારની ઉપર જ એ કૂદીને ગાયબ થઈ ગયો હતો...!

જો કે, ઇન્વેસ્ટિગેશન ટીમનું દ્રઢપણે માનવું હતું કે આટલી ઊંચાઈથી પેરાશૂટ સાથે પણ તે જંગલ કે પાણીમાં પડીને જીવિત રહી શકે જ નહીં. એ પછી દાયકાઓ સુધી એની શોધખોળ ચાલી અને અનેક કહાનીઓ અને સમાચારો બનતા રહ્યા કે એનું શું થયું, પૈસાનું શું થયું, એ જીવિત રહ્યો કે મરી ગયો ..... હા, એને આપવામાં આવેલી ખંડણીની રકમમાંથી થોડીક કરન્સી મળી આવી હતી ખરી, પણ એ ખુદ ક્યારેય મળ્યો નહીં.

આજ દિન સુધી એ ઘટનાની પહેલાં કે પછી ડીબી કૂપર નામના એ માણસનું શું થયું એ વિશે એક પ્રશ્નાર્થ જ રહ્યો છે....

આવી રહસ્યમય ઘટનાને માર્વેલ સ્ટુડિયોઝે' વણી લીધી છે પોતાના શો લોકી'માં. થોડા સમય અગાઉ 'માર્વેલ સિનેમેટિક યુનિવર્સ'ના સુપરહીરો પાત્ર લોકીના વેબ -શોની બીજી સિરીઝન રિલીઝ થઈ છે. અને આ ડીબી કૂપરની ઘટના આવે છે તેની પહેલી સિઝનમાં. એના રહસ્યનો કઈ રીતે પરફેક્ટ પ્રયોગ આ શોમાં કરવામાં આવ્યો છે એ જાણવું રસપ્રદ છે.

લોકી' એટલે ગોડ ઓફ મિસચીફ' . એ લોકોને ભ્રમિત કરી શકવાનો સુપરપાવર ધરાવે છે. ૨૦૧૯માં રિલીઝ થયેલી એવેન્જર્સ: એન્ડગેમ'માં ૨૦૧૨ના લોકીને ટાઈમ ટ્રાવેલના એક દ્રશ્યમાં બતાવવામાં આવે છે , જ્યાંથી લોકી ભાગી છૂટવામાં સફળ થાય છે, પણ એને પકડી લે છે ટાઈમ વેરિઅન્સ ઓથોરિટી' (ટીવીએ૦. અને ટીવીએ અપરાધી લોકીની ઊલટતપાસમાં એના જીવનની અનેક ઘટનામાંથી ઓફિસર મોબિયસને જાણવા મળે છે કે લોકી એટલે જ ડીબી કૂપર....! કર્યું છે ને કમાલનું કનેક્શન?

એક કાલ્પનિક સુપરહીરો પાત્ર કે જે ગમે ત્યારે ગમે તે બની શકે. અને એક વાસ્તવિક અપરાધી કે જેના વિશે એક ગુના સિવાય દુનિયાને કોઈ જ નક્કર માહિતી નથી. અફકોર્સ, લોકી ડીબી કૂપર નથી, કેમ કે આપણને ખબર છે કે એક વાસ્તવિકતા છે ને બીજી કલ્પના એટલે કે ફિક્શન છે. આમ છતાં, સાથે એ પણ વિચારો કે જો બંને વાસ્તવિકતા કે બંને કલ્પના હોત તો?

ખેર, સિઝન એકમાં લોકી પણ ડીબી કૂપરની જેમ જ બોઇંગ ૭૨૭માં પેસેન્જર બને છે. ફ્લાઇટ અટેન્ડન્ટ ફ્લોરેન્સ સાથે ચિઠ્ઠીથી વાતચીત કરે છે અને પ્લેન હાઇજેક કરે છે ને એ પણ ખંડણી પણ વસૂલે છે અને પેરાશૂટની મદદથી કૂદકો મારે છે.... અને અહીં છે આ નવતર સિનેમા પ્રયોગની મહત્વની કડી. ડીબી કૂપરના વાસ્તવિક રહસ્ય સાથે જોડાય છે લોકીની કલ્પના. લોકી પોતાના પ્રદેશ એસગાર્ડના બાઇફ્રોસ્ટ એટલે કે ગમે ત્યારે ગમે ત્યાંથી ગમે ત્યાં પહોંચી શકવાની તાકાતથી આકાશમાંથી જ ગાયબ થઈ જાય છે. છે ને આ જોડાણ એક નવો જ પ્રકાર?!

મનોરંજન દેવની કૃપાથી આ જ સિલસિલાને ચાલુ રાખતાં માર્વેલે' હમણાં લોકી વેબ-શોની બીજી સિઝન રિલીઝ થઈ તેમાં પણ ડીબી કૂપર જેવી જ બીજી એક વાસ્તવિક ઘટનાને પણ ફિક્શન સાથે જોડીને દર્શકોને મજા કરાવી છે. સિઝન-૨માં પણ પહેલી સિઝન જેમ જ એક રહસ્યમય ઘટનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૧ જૂન ૧૯૬૨ની રાતે ફ્રેન્ક મોરિસ નામનો એક અપરાધી કેલિફોર્નિયા- અમેરિકાના અલ્કાટ્રાઝ ટાપુ પર આવેલી જેલમાંથી બે સાથીદાર સાથે બહુ જ ચતુરાઈપૂર્વક છટકી ગયો હતો. એણે અલગ-અલગ ચીજોની મદદથી અને કેટલાય દિવસોની મહેનતથી એમના જેવા જ ત્રણ ચહેરાઓ બનાવીને ચોકીદારોને ગફલત થાય એ માટે ત્રણેની પથારીમાં મૂક્યા હતા. હકીકતે જેલ વટાવ્યા પછી પણ એ ટાપુ પરથી ભાગવું અશક્ય છે કેમ કે ચારો તરફ ઊંડું અને ઠંડુ પાણી જ પાણી છે અને બહારની કોઈ જ મદદ વિના દૂર કિનારે પહોંચવું અશક્ય છે, છતાં ફ્રેન્ક અને એના સાથીદારો માત્ર ભાગી છૂટ્યા હતા એટલું જ નહીં, પણ ડીબી કૂપરની જેમ જ એમની પણ કદી કોઈ જ ભાળ મળી નથી. આ ઘટનામાં પણ ઇન્વેસ્ટિગેશન ટીમનું એ જ માનવું હતું કે એ ત્રણે ઠંડા પાણીમાં ડૂબી મર્યા હશે. જો કે એમની લાશ પણ આજ સુધી કોઈના હાથ આવી નથી. અને આ સિઝન- ૨માં આ જ વાસ્તવિક ઘટનામાં એન્ટ્રી થાય છે લોકીની. આ વખતે લોકી ફ્રેન્ક નહીં, પોતાના જ પાત્રમાં છે, પણ ફ્રેન્કને એ પોતાની સાથે ટીવીએ' પાસેથી મળેલા પાવરની મદદથી લઇ જાય છે અને ફ્રેન્ક ત્યાંથી ગાયબ થઈ જાય છે....

આ પણ વાસ્તવિકતા અને કલ્પનાનું નવા જ પ્રકારનું રસપ્રદ કનેક્શન છે. સિનેમા છે ત્યાં સુધી કલામાં આવું નાવીન્યભર્યું સર્જન થતું જ રહેવાનું!

**લાસ્ટ શોટ**

*ડીબી કૂપરનું પ્લેન ટિકિટમાં નામ ડેન કૂપર હતું, પણ અખબારમાં આ ઘટના વિશે લખતી વખતે એક પત્રકારે ભૂલમાં ડેનના બદલે ડીબી' લખી નાખ્યું. બસ, ત્યારથી એના વિશે આ જ નામે લખાતું રહ્યું છે.* ■

# અમિતજી- ઋષિ કપૂર- દાઉદ ઈબ્રાહિમ

## ત્રણ અજબ કિસ્સાનું ગજબ કોકટેલ



ફિલ્મનામા

નરેશ શાહ

અમિતાભ બચ્ચને થોડા સમય અગાઉ કરેલી એક ટ્વિટે ફિલ્મલાઈનમાં ખાસ્સા તરંગો સર્જ્યા હતા. એમણે લખેલું : પ્લીઝ, લાગતા-વળગતા લોકો સમજે અને પ્લીઝ , 'શૂ બાઈટ' ફિલ્મને રિલીઝ કરે.. ક્રિએટિવિટીનું ગળું ન ટૂંપો !

આ 'શૂ બાઈટ' ફિલ્મ અમિતાભજીની ફિલ્મ છે. એમાં સારિકા, જીમી શેરગીલ, નવાઝુીન સિદ્દીકી પણ છે 'વિકી ડોનર' અને 'પીકુ' જેવી નક્કર ફિલ્મ આપનારા સુજીત સરકાર 'શૂ બાઈટ'ના ડિરેક્ટર છે. અમિતાભ બચ્ચનની ટ્વિટ પછી સુજીત સરકારે પણ 'શૂ બાઈટ' રિલીઝ કરવા પોતાના ઘરબાર વેચી નાખવાની સરેઆમ જાહેરાત પણ કરી , પણ...

આ ફિલ્મ 'પર્સેપ્ટ પિક્ચર', 'યુટીવી' અને 'ડિઝની' વચ્ચે કાયદાકીય રીતે એવી ગૂંચવાણી છે કે કોકડું ઉકેલાતું નથી. હકીકતમાં તો સુજીત સરકારે 'પર્સેપ્ટ પિક્ચર' સાથે 'જોની વોકર' નામની ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતી, પરંતુ વાત શરૂઆતમાં જ ભાંગી પડી. એ ફિલ્મ મનોજ શ્યામ નાઈટલનની વાર્તા 'લેબર ઓફ લવ' પર આધારિત હતી. સાઈઠ વરસની ઉંમરે જિંદગીનો મકસદ શોધવા નીકળી પડતાં બુઝૂર્ગની કહાણી કહેતી 'જોની વોકર' પછી સુજીત સરકારે 'શૂ બાઈટ' નામથી બનાવી. બચ્ચનદાદાએ તેમાં લીડ રોલ કર્યો.

પણ પછી ત્રણેય પ્રોડકશન હાઉસ કોર્ટ ચડયા અને ૨૦૧૨માં બનીને તૈયાર થયેલી 'શૂ બાઈટ' હજુ ડબ્બામાં પડી છે અને બાર વરસ પછી પણ બધાને ડંખી રહી છે. જાહેરાત કે મુહૂત કે બે-ચાર રીલ પછી અટકી ગઈ હોય એવી અમિતાભ બચ્ચનની બે ડઝનથી વધુ ફિલ્મ છે , પરંતુ આખી શૂટ થઈ ગયા પછી પણ સ્ક્રિન સુધી પણ પહોંચી શકનારી બીગ બીની આ એક માત્ર ફિલ્મ છે.

***

'આનંદ' ફિલ્મની વાર્તા ઋષિકેશ મુખરજીએ રાજકપૂરને ધ્યાનમાં રાખીને લખેલી, પણ એ ફિલ્મનું ફલોર પર જવાનું ચોઘડિયું આવ્યું ત્યારે હીરો તરીકે મહેમૂદને લેવાની ઋષિદાની ઈચ્છા હતી. 'તીસરી કસમ' ફિલ્મમાં પણ પહેલાં હીરામન ગાડીવાળા તરીકે મહેમુદને પસંદ કરવામાં આવ્યા હતા. જો કે, એ પછી તીસરી કસમ' રાજકપૂર સાથે અને 'આનંદ' રાજેશ ખન્ના સાથે બની એ જ રીતે રાજકપૂર 'સત્યમ શિવમ સુંદરમ' ફિલ્મમાં અભિનેત્રી તરીકે લતા મંગેશકરને લેવા માગતા હતા, પણ લતાતાઈએ ના પાડી પછી ઝિન્નીબેબી (ઝિન્નત અમાન) હિરોઈન તરીકે સિલેકટ થયા, પણ સચ્ચાઈ એ છે કે ઝિન્નત અમાન સામે હીરો તરીકે રાજસાબ રાજેશ ખન્નાને જ લેવા માંગતા હતા. ખબર નહીં કેમ, આખું કપૂર ખાનદાન ઈચ્છતું હતું કે 'સત્યમ શિવમ સુંદરમ'માં લીડ હીરો તરીકે રાજેશ ખન્ના ન જ ચાલે. આવો ઢ વિચાર ઋષિકપૂરનો પણ હતો.


આખરે રાજજી ઝૂક્યા ને ફિલ્મમાં હીરો તરીકે એમણે સદા અતિ વ્યસ્ત રહેતા નાનાભાઈ શશી કપૂર (જેમને પોતે ટેક્સી જ કહેતાં) ને પસંદ કર્યા.

'કાકા' રાજેશનું પતું સત્યમ શિવમ સુંદરમ માં કાપવામાં પોતે નિમિત્ત હતા એ વાત ઋષિએ ખુદ વરસો પછી આ 'અબ લૌટ ચલે' ફિલ્મના સેટ પર રાજેશ ખન્નાને કરેલી. ઋષિની એ ફિલ્મમાં રાજેશ ચરિત્ર અભિનેતા તરીકે કામ કરતા હતા.

***

આ પણ એક કમાલનો જોગ-સંજોગ છે. ઋષિ કપૂરે 'રંગીલા રતન' નામની ફિલ્મ કરેલી, મટકા કિંગ રતન ખત્રીએ જ આ ફિલ્મનું નિર્માણ કર્યું હતું. એ ફિલ્મનું શૂટિંગ આર.કે. સ્ટૂડિયોમાં ચાલતું હતું ત્યારે એક-બે વખત રતન ખત્રીએ મટકાનો આંકડો પીઢ અભિનેતા અશોકકુમાર પાસે ખોલાવ્યો હતો. આ રતન ખત્રી ઉપરાંત ઋષિ કપૂર એક ડોનને પણ મળ્યા હતા અને ઓળખતા હતા. એ ડોનનું નામ : દાઉદ ઈબ્રાહિમ્

એ ૧૯૮૮ નું વરસ હતું. દુબઈમાં આયોજિત આશા ભોંસલે - આર.ડી. બર્મન નાઈટ માટે બિટ્ટુ આનંદ (દિગ્દર્શક ટીનુ આનંદના ભાઈ) સાથે ઋષિ દુબઈ જવા નીકળ્યા ત્યારે એરપોર્ટ પર જ એક અજાણી વ્યક્તિએ એમને ફોન પકડાવી દીધો. સામે છેડે દાઉદ ઈબ્રાહિમ હતો. દાઉદે બડા પ્રેમથી ઋષિનું દુબઈ આવવા માટે સ્વાગત કરીને (ફોનમાં જ) કહેલું કે, કોઈ પણ ચીજની જરૂર હોય તો મને જણાવી દેજો....



દુબઈમાં દાઉદે ઋષિ કપૂરને પોતાના ઘરે પણ આમંત્ર્યા હતા અને રોલ્સ રોયસ કાર લેવા માટે મોકલી હતી. એ કારમાં દાઉદના માણસો કચ્છી ભાષામાં વાત કરતા હતા, જે બિટ્ટુ આનંદ સમજતા હતા. એ લોકો આપસમાં વાત કરતા હતા કે દાઉદના ઘરે આ લોકોને ફેરવી ફેરવીને (જેથી પાકું સ્થળ સમજમાં ન આવે ) લઈ જવાના છે.

એ પછી ચાય-બિસ્કીટ સાથે વાતો કરતાં ચાર કલાક સુધી એ લોકો સાથે બેઠા હતા દાઉદે 'તવાયફ' ફિલ્મના રોલ માટે ઋષિની પ્રશંસા પણ કરી. એ પછી દુબઈમાં જ દાઉદ સાથે ઋષિની બીજી મુલાકત રેડ-શૂ કંપનીના શો રૂમમાં થઈ હતી. દાઉદ પણ શોપિંગ કરવા આવ્યો હતો. એના હાથમાં મોબાઈલ ફોન (૧૯૮૮માં) હતો. સાથે દશ બોડીગાર્ડ હતા.

'મનગમતી શૂની જોડી મારી તરફથી..' ખરીદવાનો આગ્રહ પણ એ વખતે દાઉદ ઈબ્રાહિમે કરેલો, પણ ઋષિએ પોતાના પૈસે જ જૂતાં ખરીદેલા. એ વખતે દાઉદે સામેથી ઋષિને પોતાનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો...

સંયોગ તો એ પણ કેવો કે, ૨૦૧૩માં આવેલી 'ડી-ડે ' નામની ફિલ્મમાં ઋષિએ દાઉદ ઈબ્રાહિમનો જ રોલ ભજવ્યો હતો, અને એ પણ એની રૂબરૂ મળ્યાના પચ્ચીસ વરસ પછી.....! ■

# સંકેલાયેલા મોરચા

ટૂંકી વાર્તા

રજનીકુમાર પંડ્યા



'અમે અમદાવાદથી આવીએ છીએ' - માટીના ભીંતડામાંથી પોપડું ખરે તેમ ગોકળના હોઠ વચ્ચેથી આ વાક્ય ખર્યું. તરત જ મને એમ થયું કે વાતની શરૂઆત તો હું જ વધારે સારી રીતે કરી શક્યો હોત. ગોકળના વાક્યને રદ કરતો હોઉં એવી રીતે હું બોલ્યો કે અમે કાંતિલાલના મિત્રો છીએ અને અમદાવાદથી આવીએ છીએ.

અત્યાર સુધી સામાન્ય દેખાતી કાનજીભાઇની આંખોમાં એક ચમક ઝબકી ને પછી ત્યાં જ સ્થિર થઇ ગઇ; આવો એમણે કહ્યું અને તરત જ એમની અને અમારી વચ્ચે સામસામા બે મોરચા મંડાઇ ચૂક્યાનું મને ભાન થયું. વાતચીતની શરૂઆત થયા પહેલાંની એખલાસ ભરેલી પરિસ્થિતિ ખોઇ બેઠાનો રંજ મેં અનુભવ્યો. ગમે તેમ પણ હવે આવ્યા જ છીએ તો અંદર જવું જોઇએ એમ વિચારીને ઉંબરાની અંદર પ્રવેશ્યો. બારણાંની સામે જ ઘરના અંદરના ભાગમાં જાળીવાળી નાનકડી બારીમાં એક ઝાંખી સ્ત્રી-આકૃતિ ઊભી હતી. તે જાણે કે અમારા આવવાનો ધક્કો લાગ્યો હોય તેમ અંદર સરી ગઇ. મેં ગોકળ સામે જોયું, પણ એ ભીંત પરના મોટા કેલેન્ડરની સુંદરીને જોતો હતો.

અમે ઢાળેલી એક ખાટલી પર બેઠા.

ઘણું કરીને કાંતિનો સાળો જ હશે- એવો એક છોકરો આવીને અમને છલોછલ પાણીના ગ્લાસ આપી ગયો. એના હોઠની માર્મિક મુદ્રા પરથી એ અંદર દરેક પરિસ્થિતિનો જાણકાર હોવો જોઇએ એમ મારા મનમાં એ જ પળે ઇર્ષ્યાપૂર્વક ઠસી ગયું. ગોકળ એના હાથમાંથી ગ્લાસ લઇને મોં ઊંચું કરીને ગળાનો નઢિયો ઉપર નીચે થાય એમ પાણી પીવા લાગ્યો. ના પાડીને મેં અતિ નમ્રતાપૂર્વક સ્મિત કર્યું. ગોકળ પછેડીથી મોં લૂછતાં લૂંછતાં ફરીથી ફાટી આંખે કેલેન્ડરમાંની સુંદર તરફ જોવા માંડ્યો.

'ટપાલ તો મળી હશે' મેં કહ્યું.

હા.

આમ તો અમારે સવારના મેલમાં જ નીકળવું હતું. પણ અમારે આ ગોકળભાઇનાં ભાભીને ગાયે પછાડ્યાં એમાં...

વાતમાં કંઇક પોતાને સ્પર્શતો તંતુ વણાયો એથી મારા ચાલુ વાક્ય દરમિયાન ગોકળે મારી વાતને સમર્થતી હા ભણી. ને પછી કાનજીભાઇ પછડાયેલી ભાભી વિશે કંઇક સમભાવપૂર્વકની પૂછપરછ કરશે એ અપેક્ષાએ એમના સામે જોયું. પણ કાનજીભાઇએ એકદમ મારા પર નજર ભોંકીને કહ્યુંઃ ઠીક ઠીક, જે હોય તે, પણ હવે તમારો શું વિચાર છે?

'કેમ છો, કેમ નહીં'ની મતલબના કેટલાક શબ્દો જે ગોકળે રસ્તામાં વિચારી રાખ્યા હતા તે આમ પત્તાંના ઘરની માફક ઢગલો થઇ જતાં જોઇને ગોકળ ક્ષુબ્ધ થઇ ગયો હતો. જોકે સ્ટેશનની ટિકિટ બારી આગળ જ મેં કાનજીભાઇ કાળઝાળ માણસ છે (અને કાંતિની ભૂલ તો થઇ જ છે) એ વાતની યાદી આપી હતી. પણ ગોકળનું કહેવાનું એમ હતું કે ઘડ દઇને અસલ વાત પર ન આવી જવું. મેં કહ્યું હતું કે જોઇશું હવે એ તો ત્યાં પહોંચ્યા પછી.

માટીના ભીંતડાવાળી બારીમાં ફરીથી ઝાંખી સ્ત્રી-આકૃતિ આવીને ગોઠવાઇ ગયેલી મને દેખાઇ. એની હાજરીનું મારી હાજરી સાથે જાણે કે સંધાન થયું હોય એમ હું જરા નરમ પડી ગયો. ડઘાઇ જઇને કાનજીભાઇ સામે જોઇ રહેલા ગોકળનું ધ્યાન હું એ તરફ દોરવા માગતો હતો, પણ કાનજીભાઇ મારી સામે તાકી રહ્યા હતા. એમણે ફરીથી કહ્યું, બોલો બોલો, મનમાં જે હોય એ બોલી નાખો એટલે નિકાલ આવે.

'નિકાલ' બોલીને કાનજીભાઇએ જાણે કે હવામાં એક ધ્રાસકો અમને સ્પર્શવા માટે તરતો મૂક્યો. મેં ઉધરસનું એક ઠસકું ખાધું. ગોકળની નજીક થોડો સર્યો અને કહ્યું, 'જુઓ મુરબ્બી, અમે અહીં કંઇ ઝઘડો કરવા નથી આવ્યા'- બોલ્યા પછી મને થયું કે હું અણધાર્યું જ સરસ વાક્ય બોલ્યો હતો.

ના ના; તો તમારું કહેવું એમ જ છે ને કે ઝઘડો તો અમે જ શરૂ કર્યો છે! -કાનજીભાઇ અવાજને ઘેરો બનાવીને બોલ્યા. ગોકળની આસપાસ એ અવાજે ભરડો લઇ લીધો હોય એમ એણે અભરાઇને મારી સામે જોયું. હું કંઇ એટલો બધો ગભરાયો નહોતો એથી એને જરા શાંતિ થઇ. મેં કહ્યું, એવું કંઇ અમે ક્યાં કહીએ છીએ? અમે તો તમારો વિચાર જાણવા માટે જ આવ્યા છીએ.

અમારો વિચાર તો એટલો જ કે... એમના ચહેરા પર એકદમ તપારો છવાઇ ગયો. અમે બન્ને એમની સામે જોઇ રહ્યા. એ પોતાનો વિચાર બોલવા માંડ્યા, એમના મોંમાંથી નીકળતા શબ્દો સીધેસીધા ઝીલી લેવા માટે અમે જાણે કે બેઠા હોઇએ એમ અમે કાન કરવા કર્યા. રખેને એમના કહેવામાંથી કોઇ અગત્યનો શબ્દ સાંભળવો ચૂકી જવાય! કાનજીભાઇએ કેટલીક વાર સુધી સતત કશુંક બોલ્યે રાખ્યું. ભૂતકાળની કેટલીક સિદ્ધિઓને એમણે પોતાની શક્તિઓ સાથે સંબંધિત બતાવી. એમણે એમ પણ કહ્યું કે અમુક કિસ્સાઓમાં પોતે વચ્ચે ન પડ્યા હોત તો ગામના માણસો સામેવાળાઓનાં હાડકાં ભાંગી નાખત, માથું રંગી નાખત અથવા દુનિયાના પટ પરથી ભૂંસી નાખત માથું રંગી નાખત અથવા દુનિયાના પટ પરથી ભૂંસી નાખત એવો એમનો છાકો હતો. હું (અને કદાચ ગોકળ પણ) ન ઓળખતો હોઉં એવા કોઇક ગિરધરભાઇ, કડવાભાઇ, ડાહ્યાભાઇ, ભનકી વગેરેના મામલાઓમાં એમના એક ઇશારે આવું બધું થઇ પણ ચૂક્યું હતું આવું બધું બોલાઇ ગયા બાદ એમની સમર્થતાનો સ્વીકાર કરતી હોય એવી દષ્ટિથી મેં એમની સામે જોયું. ત્યારે એમણે વાત સ્વીકારીને કહ્યું કે, બોલો, હવે શું કહેવું છે તમારે?

જાળિયામાં હવે બે સ્ત્રી-આકૃતિઓ ફ્રેમમાંના ચિત્રની માફક ગોઠવાઇ ગઇ હતી. ગોકળનું ધ્યાન પણ હવે એ તરફ ગયું હતું. એ બન્ને સ્ત્રીઓ હવે અમારા- મારા બોલવાની ઉપહાસ-ભૂખી રાહ જોઇ રહી એવું મેં મનમાં ધાર્યું.

હું જરા મૂંઝાયો અને પછી અત્યાર સુધી માત્ર ખાટલીમાં બરાબર ન બેસી શકવાને કારણે જ હું સામે હરફ ન ઉચ્ચારી શક્યો હોઉં એમ હું ખાટલીમાં બરાબર ભીંતને અઢેલી બેઠો... ને ઉધરસું કસકું ખાઇને બોલવાની શરૂઆત કરવા ગયો પણ ઘડી પહેલાં કાનજીભાઇએ ઉચ્ચારેલાં વાક્યો હજુ હવામાંથી વિલીન ન થઇ ગયાં હોય અને એ વાક્યોની બનેલી એક આભા કાનજીભાઇના લાલ થઇ ગયેલા ચહેરાની આસપાસ રચાઇ ગઇ હોય એવું મેં અનુભવ્યું. બોલ્યા તેનાથી પણ વધુ અસરકારક એવું કશુંક બોલવાનું હજુ બાકી હોય એવું એમનું મોં થઇ ગયું હતું. ગોકળ કંઇક બોલવા ગયો ત્યાં વળી કાનજીભાઇ બોલ્યા, ચા તો પિયો છો ને બેય?

અમારા ગામમાં અમે પણ કોઇક ચિમનભાઇ, મગનભાઇ કે દીપચંદભાઇના બનાવોમાં કેવો તટસ્થતાપૂર્વક ભાગ લીધો હતો અને મારામારીઓ અટકાવી હતી તે વિશે નમ્રતાપૂર્વક કેટલાંક વાક્યો બોલવાની મને અધીરાઇ ઊપડી આવી હતી, ત્યાં જ કાનજીભાઇનો ચા વિશેનો માત્ર હા અથવા ના માં જવાબ દેવો પડે તેવો સવાલ આવી પડવાથી હું જરા ગોટવાયો. મેં ગોકળની સામે જોયું. ત્યાં એણે બારણાંની દિશામાં જોઇને કોઇ સામે આવકારસૂચક હાથ ઊંચો કર્યો. મેં એ તરફ જોયું તો એક ડોશી અને પલળીને લબદો થઇ ગ્ રૃ હોય તેવી દેખાતી મૂછોવાળો એક માણસ અંદર પ્રવેશ્યો. કાનજીભાઇ આવો 'માસી' અને આવો 'કાકા' બોલ્યા પછી જાળી તરફ નજર લંબાવીને જરા જોરથી બોલ્યા કે સાંભળ્યું? બે-ત્રણ કપ ચા વધારે મૂકજો.

બાકીનીદ્ર ફ્રેમમાં ગોઠવાયેલી આકૃતિઓ ખળભળીને પાણીમાં ખોવાઇ જતા પ્રતિબિંબની માફક અદશ્ય થઇ ગઇ.

આવનારાં બંને અમારા આગમન વિશે ક્યાંકથી અગાઉથી વિગતવાર સાંભળીને આવ્યાં હોય તેમ અમારા તરફ જીવતી દષ્ટિથી જોઇ રહ્યાં. ધીરે ધીરે ડોશી કપાળે હાથનું નેજવું કરતાં નજીક આવ્યાં. ક્ષણેક ગોકળની તરફ ટીકીને જોયા પછી બોલ્યાં કે 'તું તો હંસરાજ ભાઇનો છોકરો ને?'

હા, હો, ગોકળ જરા હરખાયો, તમે ઓરખો માડી?

નો ઓરખું તયેં? ડોશી બોલ્યાં. તારો બાપો અને હંસરાજભાઇ...

એટલે તો... કાનજીભાઇનો અવાજ ફરી ઓરડા વચ્ચે ફંગોળાયો, એટલે તે આટલી માથાઝીંક કરી એમની હારે... નકર આવાં છોકરાંવ તો...

એકાએક જાણે કે ગોકળના મૃતપિતા અમારી વચ્ચે આવીને બેસી ગયા હોય એમ મને લાગ્યું. (કાનજીભાઇ જેવા સામે તો એ જ ઝીંક ઝીલી શકે.) હું જરા સંરક્ષાયો હોઉં એમ બોલ્યો, એમાં માથાઝીંકનો સવાલ જ નથી. કાનજીભાઇ, તમે અમારી વાત તો પૂરી સાંભળો.

સમજીને જ બેઠા છીએ આયાં તો. તમે શું કહેવા માગો છો ઇ કોની! -વચ્ચે જ લબદા મૂછોવાળો માણસ ઘોઘરા અવાજે બોલ્યો. બીડી સળગાવી ને પછી એ કાનજીભાઇ સામે કદરભૂખી નજરે જોઇ રહ્યો.

ચા આવી. પીવાતી હતી તે દરમિયાન કાનજીભાઇના હજુ પણ ન બોલાયા હોય એવા શબ્દો મારા પર ઝળૂંબી રહ્યા હોય એમ અનુભવ્યા કર્યું. ચા પી લીધા પછી ક્ષણિક આલંબન માટે મેં ગોકળ ભણી જોયું. પણ હજુ એના ચહેરા પરથી ઘડી પહેલાં સજીવન થયેલી ઓળખાણનો રાજીપો સુકાયો નહોતો. આખરે હવે મારા બોલવાની જ રાહ જોવાતી હોય એમ મને લાગ્યું. ધીરેધીરે, ડરતાંડરતાં, મેં કાનજીભાઇની સામે જોઇને કહ્યું. અમે તો એટલા માટે જ આવ્યા છીએ કે...

બોલો બોલો એમણે બીડી સળગાવતાં કહ્યું, કાંતિલાલે તમને શું પઢાવીને મોકલ્યા છે?'

'કંઇ નહીં' મેં કહ્યુંઃ અમે તો તેડવા...

તેડવા? ક્યારે?

મારાથી અચાનક બોલાઇ જવાયુંઃ તમે કહો ત્યારે.

કાનજીભાઇ ચમકયા. હોઠ તરફ બીડીને લઇ જતાં અટકીને એ બોલ્યા, હું તો કહું છું કે અબઘડી જ તેડી જાવ. બોલો છો તૈયાર?

હું મૂંઝાયો. ગોકળ તરફ જોયું તો એ મારા તરફ જોતો કે કાનજીભાઇવાળો સવાલ એ પોતે જ મને ફરીથી પૂછતો હોય...! ત્યાં ફરીથી કાનજીભાઇના શબ્દો મારા કાને અથડાયા તમ તમારે તેડી જાવ અત્યારે જ. પછી જોઉં છું કે તમે બધાય એને કેવીક દુઃખી કરો છો! આયાં કોઇ કાચી માટીના નથી એટલું યાદ રાખજો.

'હં' મૂછોવાળા માણસે બીડી ઓલવતાં કહ્યું, ઇ યાદ રાખજો.

'કાં તમારા મનમાં જે પાપ હોય ઇ કઇ દિયો' ડોશી સમજાવટ ભરેલા સ્વરે બોલ્યાં.

પાપ-બાપ કંઇ નથી. મેં કહ્યું, અમે તો તેડવા જ આવ્યા છીએ.

પણ ના કોણ પાડે છે? કાનજીભાઇ ઊછળીને બોલ્યા, અત્યારે જ તેડી જાવ, કહું છું. બોલાવું? ...પછી બારણાં તરફ જોઇને મોટે અવાજે બૂમ પાડી, સુમી... એ... સુમી... આંહીં આવ તો...

તરત જ બારણામાં સુમિત્રા પ્રગટ થઇ. અમે બન્ને ફાટી આંખે એની સામે જોઇ રહ્યા. એણે અછડતી અમારા તરફ જોઇને તરત જ કાનજીભાઇ તરફ આંખ માંડી. કાનજીભાઇ બોલ્યા. તારા સાસરેથી તને આ બેય તેડવા આવ્યા છે. જલદી તૈયાર થઇ જા. - પછી ઉમેર્યું. જોઉં છું હવે એ બધાંજ તને કેવીક દુઃખી કરી શકે છે.

જાઇશને માડી? ડોશી એની નજીક ગયાં અને પૂછ્યું. શું કામે નો જાઉં? સુમિત્રા ધીરેથી બોલી.

તયેં હાઉ. બાકી મૂંઝાવું નહીં, તારો બાપ બાર વરહનો બેઠો છે.

(જુઓ પાનું ૬) ▸▸

# રણદીપ હુડા ઉર્ફે આપણા પોતાના ક્રિશ્ચિયન બેલ

પ્રાસંગિક

ડી. જે. નંદન


પોતાના જીવનમાં સુષ્મિતા સેનના બોયફ્રેન્ડ તરીકે ઓળખ મેળવનાર રણદીપ હુડ્ડા, આ દિવસોમાં બોલીવુડના પોતાના ક્રિશ્ચિયન બેલ તરીકે એક નવી ઓળખથી ઘેરાયેલા છે. તેની તાજેતરની રિલીઝ થયેલી ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'માં તેણે પોતાની બોડી ટ્રાન્સફોર્મેશનનો એવો જાદુ બતાવ્યો છે કે તેના ચાહકો તેની અભિનય ક્ષમતાના પ્રશંસક બની ગયા છે. હાલના દિવસોમાં તેના લાખો ચાહકોએ સોશિયલ મીડિયા પર તેને 'ક્રિશ્ચિયન બેલ' કહેવાનું શરૂ કર્યું છે. ઉલ્લેખનીય છે કે ઈંગ્લિશ એક્ટર ક્રિશ્ચિયન બેલ બોડી ટ્રાન્સફોર્મેશનવાળી એક્ટિંગ માટે જાણીતો છે. મશિનિસ્ટ ફિલ્મમાં તેના જીવંત અભિનય માટે તેણે ૨૯ કિલોથી વધુ વજન ઘટાડ્યું હતું. તે એક ગંભીર સાયકો થ્રિલર હતી, જેમાં તેણે અનિદ્રાથી પીડિત એક ફેક્ટરી કામદારની ભૂમિકા ભજવી હતી. આજકાલ કંઈક આવી જ પ્રસિદ્ધી બોલિવૂડના ક્રિશ્ચિયન બેલ એટલે કે રણદીપ હુડ્ડાને મળી રહી છે.

જો કે તેમના દિગ્દર્શન હેઠળ બનેલી આ ફિલ્મ વ્યવસાયિક દષ્ટિકોણથી બહુ સફળ નથી, પરંતુ જે રીતે તેમણે સાવરકરના પાત્રમાં ઘુસીને પોતાને સાચા અર્થમાં પરિવર્તિત કર્યા છે, એ જોઈને માત્ર તેમના ચાહકો જ નહીં, વિવેચકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. રણદીપ હુડ્ડા, જે રોહતકના એક એવા પરિવારમાંથી આવે છે, જેમાં તેની માતા, પિતા અને બહેન બધા ડોક્ટર છે અને તેના પરિવાર તરફથી તેના પર પણ ડોક્ટર બનવાનું દબાણ હતું, પરંતુ પરિવારના તમામ દબાણ છતાં તેણે પહેલા રમત રમવાનું શરૂ કર્યું. સ્થાનિક કક્ષાએ તે પોતાની જાતને વ્યસ્ત રાખીને આ દબાણથી દૂર રહ્યો, પછી ઓસ્ટ્રેલિયાથી માર્કેટિંગમાં એમબીએ કર્યા પછી પણ તે માર્કેટિંગમાં પોતાનું દિલ લગાવી શક્યો નહીં. નાનપણથી જ, તેને એવી પ્રવૃત્તિઓ કરવામાં આનંદ આવતો હતો જે લોકોને તેની તરફ આકર્ષિત કરે છે અને રમતની જેમ, અભિનય પણ તેના માટે એક પ્રવૃત્તિ છે જેમાં તે લોકોને સંબોધિત કરી શકે છે.


દિલ્હીમાં ૨૦૦૧માં તેની પહેલી નોકરી દરમિયાન, જ્યારે તે પાર્ટ-ટાઈમ થિયેટર કરી રહ્યો હતો, ત્યારે મીરા નાયરની નજર તેના પર પડી અને તેમણે ૨૦૦૧માં આવેલી તેમની ફિલ્મ 'મોન્સૂન વેડિંગ'માં તેને એનઆરઆઈ પાત્ર તરીકે કાસ્ટ કર્યો. જો કે આ ફિલ્મમાં તેના અભિનયની વિવેચકોએ પ્રશંસા કરી, પરંતુ તેને તેની આગામી ફિલ્મ મેળવવામાં ચાર વર્ષ લાગી ગયા. ૨૦૦૫ માં, રામ ગોપાલ વર્માએ તેને ગેંગસ્ટર ફિલ્મ 'ડી'માં મુખ્ય ભૂમિકામાં કાસ્ટ કર્યો અને તે ફિલ્મમાં તેનો અભિનય એવો હતો કે વિવેચકોએ કહ્યું કે જો રણદીપ હુડાને કાસ્ટ ન કરવામાં આવ્યો હોત, તો જેવું તેનું પાત્ર ઉભરી આવ્યું, એવું ન આવત.

ફિલ્મ 'ડી' પછી હુડ્ડાને રાહ જોવી ન પડી. 'ડરના ઝરૂરી હૈ' (૨૦૦૬), 'રિસ્ક (૨૦૦૭), 'રુબરુ' (૨૦૦૮) અને 'લવ ખીચડી (૨૦૦૯). જો કે આ બધી ફિલ્મોને બિઝનેસમાં સફળતા ન મળી, પરંતુ આ બધામાં રણદીપ હુડ્ડાની એક્ટિંગે તેને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લાખો ચાહકો બનાવી દીધા. ૨૦૧૦નું વર્ષ તેમના માટે ટર્નિંગ પોઈન્ટ બનીને આવ્યું, જ્યારે તેણે મિલન લુથરિયાની ફિલ્મ 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ'માં એપિક રોલ કર્યો. પીરિયડ, એક્શન અને ડ્રામાવાળી આ ફિલ્મમાં રણદીપ હુડ્ડા મુંબઈમાં ઉભરી રહેલા સંગઠિત અપરાધની કલ્પનાને એક વિશેષ ઊંચાઈ સુધી લઈ ગયો. ફિલ્મમાં તેની એક્ટિંગના બધાએ વખાણ કર્યા. એટલું જ નહીં, 'ધ હિંદુ'ના સુદીશ કામથે તેને સ્ક્રીનનો નવો અભિતાભ બચ્ચન કહ્યો અને ફિલ્મ વિવેચક કોમલ નાહટાએ તેને સાક્ષાત્કાર ગણાવ્યા.

આવા ગુણો ધરાવતા રણદીપ હુડ્ડાની જ્યાં દરેક જગ્યાએ ક્રિશ્ચિયન બેલ તરીકે ધૂમ મચી છે, પરંતુ તેના માટે પ્રશંસાનું આ તોફાન નવું નથી. ૨૦ ઓગસ્ટ, ૧૯૭૬ના રોજ જન્મેલા રણદીપ હુડ્ડાએ થોડા મહિનાઓ પહેલા પરંપરાગત મણિપુરી મીતેઈ લગ્ન સમારોહમાં મણિપુરી અભિનેત્રી અને મોડલ લીન લેશરામ સાથે લગ્ન કરી પ્રશંસા મેળવી હતી. જોકે, આજકાલ તેની ચર્ચા તેના અભિનય કૌશલ્ય પર જ કેન્દ્રિત છે. એક હિસ્ટોરિકલ બાયોગ્રાફિકલ ફિલ્મમાં રણદીપ હુડ્ડાએ જે રીતે








ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકરના શરીરમાં પ્રવેશ કરી, તેમને મોટા પડદા પર પ્રગટ કર્યા છે, તે 'ન ભૂતો, ન ભવિષ્યતિ' છે. આ માટે તેણે પોતાનું ૧૮ કિલોથી વધુ વજન ઘટાડ્યું છે. થોડા દિવસો પહેલા તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ફિલ્મના શૂટિંગ દરમિયાનની પોતાની એક તસવીર શેર કરી હતી. આ શર્ટલેસ ચિત્રમાં તેના શરીરમાં માત્ર હાડકાં જ દેખાય છે. લોકોએ તેના સમર્પણની ખૂબ પ્રશંસા કરી. પરંતુ તેણે આ કમાલ પહેલીવાર નથી કર્યું.

૨૦૧૬માં તેણે ફિલ્મ 'સરબજીત'ના સેટ પરથી પણ પોતાની આવી જ એક તસવીર શેર કરી હતી, જેને જોઈને રુવાડા ઊભા થઈ ગયા હતાં. ફિલ્મમાં પણ તેણે જેલમાં નબળા પડી ગયેલા સરબજીતને પડદા પર જીવંત કરવા માટે ૧૮ કિલોથી વધુ વજન ઘટાડ્યું હતું. વારંવાર આ રીતે વજન ઘટાડવાની કળા અંગે પત્રકારો દ્વારા તેને પૂછવામાં આવતા તેણે કહ્યું કે તે તેના માટે શક્ય છે કારણ કે તે એક સ્પોટ્ર્સ પર્સન છે. સાવરકર ફિલ્મની વાર્તા અને પટકથા તેમણે લખી છે અને ફિલ્મ હિન્દી અને મરાઠી એમ બે ભાષામાં બની છે.

જો કે હિન્દીમાં ફિલ્મને સારો રિસ્પોન્સનથી મળ્યો, પરંતુ મરાઠીમાં તેને સારી ઓપનિંગ મળી છે અને આશા છે કે આ ફિલ્મ મરાઠીમાં સારો બિઝનેસ કરશે. આ ફિલ્મ ભલે બિઝનેસમાં બહુ કમલ ન કરી શકે, પરંતુ રણદીપ હુડ્ડાની ગતિશીલ અભિનયને કારણે ક્રિશ્ચિયન બેલ સાથે જે રીતે સરખામણી થઈ છે તે કોઈ ઓછી મોટી વાત નથી. એક અભિનેતા માટે જીવનની સૌથી મોટી સંપત્તિ એ છે કે લોકો તેને તેની અદભૂત અભિનય માટે જાણે છે, જે રણદીપ હુડ્ડાએ કરી દેખાડ્યું છે.

# 'સ્વાતંત્ર્યવીર સાવરકર' ફિલ્મ વાદ-વિવાદ-સંવાદ




વિશેષ

યશ રાવલ

'સરબજીત' હોય, 'હાઇ-વે' હોય કે પછી 'લાલ રંગ', રણદીપ હૂડા પોતાની આગવી શૈલીના અભિનયથી અને પોતાના પાત્ર પ્રત્યેના સમર્પણથી બધાનું જ દિલ જીતી લે છે. રણદીપ હુડાની ફિલ્મો રેગ્યુલર ચીલાચાલુ ફિલ્મો કરતાં હંમેશા હટકે હોય છે અને તેની ફિલ્મોની પટકથા પણ તદ્દન જુદી જ હોય છે. હાલમાં રણદીપ હુડાની આવી જ એક ફિલ્મ આવી જે ચર્ચાનું કેન્દ્ર બનેલી છે. ફક્ત સિનેમાપ્રેમીઓમાં કે ફિલ્મી જગતમાં જ નહીં, પણ રાજકીય વર્તુળોમાં પણ આ ફિલ્મની ખૂબ ચર્ચા છે. આપણે વાત કરી રહ્યા છીએ ભારતની આઝાદીની લડતમાં સિંહફાળો આપનારા વિનાયક દામોદર સાવરકર ઉર્ફે સ્વાતંત્ર્ય વીર સાવરકરના જીવન ઉપરથી બનેલી ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'ની.

આ ફિલ્મ બનાવવાની જાહેરાત થઇ ત્યારથી જ વિવાદોનો દોર શરૂ થયો હતો અને ચૂંટણી પહેલા જ આ ફિલ્મ રિલીઝ થતા હવે ફિલ્મ ઉપર પ્રોપોગેન્ડા ફેલાવવાનો અને એક ચોક્કસ પ્રકારની વિચારધારાને પ્રમોટ કરવા માટે ફિલ્મ બનાવવામાં આવી હોવાના આરોપો પણ થઇ રહ્યા છે. ખાસ કરીને ફિલ્મ રિલીઝ થવાના ટાઇમીંગને લઇને આ ફિલ્મ જે તે રાજકીય પક્ષની વિચારધારાને ફેલાવવા માટે અને તેમને ચૂંટણીમાં ફાયદો થાય એ માટે બનાવવામાં આવી હોવાની વાતો પણ થઇ રહી છે અને અંગ્રેજી અખબારોમાં આ વિશે મોટા મોટા લેખ પણ છપાઇ રહ્યા છે.

છેલ્લાં અમુક વર્ષોમાં કૉંગ્રેસે વીર સાવરકર વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે અને સાવરકરે અંગ્રેજોની માફી માગી હોવાના નિવેદન કૉંગ્રેસના નેતાઓ દ્વારા આપવામાં આવ્યા છે. રાહુલ ગાંધીએ તો 'મારું નામ રાહુલ ગાંધી છે રાહુલ સાવરકર નહીં, હું માફી નહીં જ માગુ', તેવું નિવેદન પણ આપ્યું હતું. આ ઉપરાંત સાવરકરને 'માફીવીર સાવરકર'ની ઉપાધી પણ નેતાઓએ આપી દીધી છે. જોકે, આ દરમિયાન આપણે ભૂતકાળમાં ડોકીયું કરીએ તો અમુક કૉંગ્રેસ અને સાવરકર વચ્ચેની અમુક રસપ્રદ વાતો ધ્યાનમાં આવે છે. હાલના કૉંગ્રેસના નેતાઓના નિવેદન ઉપર નજર નાંખીએ તો એવું જ લાગે કે કૉંગ્રેસને હંમેશાથી જ સાવરકર પ્રત્યે અણગમો હતો અને તેમની નિંદા કરતા આવ્યા હશે. જોકે, કૉંગ્રેસનો ભૂતકાળ વાગોળીએ તો કંઇક જુદા જ તથ્યો સામે આવે છે.

આપણે વાત કરી રહ્યા છીએ કૉંગ્રેસના અત્યાર સુધીના સૌથી લોખંડી નેતા તરીકે નામના પામેલા ઇન્દિરા ગાંધીની. ઇન્દિરા ગાંધી પોતે સાવરકર પ્રત્યે ખૂબ માન ધરાવતા હતા અને તેના પુરાવા પણ છે.

સૌથી પહેલું ઉદાહરણ છે જ્યારે સાવરકરનું મૃત્યુ થયું ત્યારનું. ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ સાવરકર મુંબઈ(એ વખતે બોમ્બે)માં મૃત્યુ પામ્યા ત્યારે ઇન્દિરા ગાંધીએ તેમના માનમાં અમુક શબ્દો કહ્યા હતા. ઇન્દિરા ગાંધીએ સાવરકર વિશે કહ્યું હતું કે ''સાવરકર એ દેશભક્તિ અને શૌર્યનું બીજું નામ છે. તેમનું ઘડતર એક પારંપારિક ક્રાંતિકારી તરીકે થયું હતું અને અસંખ્ય લોકો માટે તે પ્રેરણાસત્રોત હતા. મૃત્યુ એ સમકાલીન ભારતમાં આપણા વચ્ચેથી એક મહાન હસતીને છીનવી લીધી છે.'' ઇન્દિરા ગાંધીના આ શબ્દો પરથી તેમને સાવરકર પ્રત્યે કેટલું માન હતું તે સ્પષ્ટ થાય છે. ફક્ત એટલું જ નહીં, તેમના મૃત્યુ બાદ ઇન્દિરા ગાંધીએ સાવરકરના માનમાં તેમની તસવીર ધરાવતી ટપાલ ટિકિટો પણ બહાર પાડી હતી. જો એવું માનીએ કે કૉંગ્રેસ અને સાવરકરની વિચારધારા વિપરીત હતી, તો પણ ઇન્દિરા ગાંધીએ સાવરકરના મૃત્યુ વખતે કહેલા શબ્દો અને તેમની તસવીરવાળા સ્ટેમ્પ બહાર પાડ્યા તે તથ્યથી એક વાત સ્પષ્ટ થઇ જાય છે કે સાવરકરનું સન્માન તો તેઓ જાળવતા જ હતા.

જોકે, ઇન્દિરા ગાંધીનું સાવરકર પ્રત્યેનો આદર આટલે જ નથી અટકતો. સાવરકરનું સ્મારક ઊભું કરવા માટે તેમણે પોતે અંગત રીતે નાણાકીય મદદ પણ કરી હતી. તેમણે પોતાના અંગત ભંડોળમાંથી સાવરકરના સ્મારક માટે ૧૧,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું હતું. આ ઉપરાંત તેમણે સાવરકર ઉપર ડોક્યુમેન્ટરી બનાવવાની પરવાનગી પણ આપી હતી. ઇન્દિરા ગાંધીએ લખેલો એક પત્ર પણ દસ્તાવેજોમાં મળી આવે છે. જેમાં તે સાવરકરની બ્રિટીશ રાજ સામેની લડતની પ્રશંસા કરતા જોવા મળે છે. આ જ પત્રમાં તે સાવરકરને ભારત માતાના મહાન સંતાન તરીકે પણ વર્ણવે છે.

ઇતિહાસ વાગોળતા આ તથ્યો સામે આવે છે ત્યારે કૉંગ્રેસના હાલના સાવરકર પ્રત્યેના વલણ સામે પ્રશ્નાર્થ થાય છે અને અચાનક આ પ્રકારનો અભિગમ કેળવવા પાછળ શું કારણ હોય શકે તે રહસ્ય પણ આપણને વિચારતા કરી દે. ■

# હાર્દિકને હટાવી ફરી રોહિતને મુંબઈ ઈન્ડિયન્સનો કૅપ્ટન બનાવાશે?

મુંબઈ: આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સની વર્ષોની પરંપરા રહી છે કે શરૂઆતની કેટલીક મૅચોમાં મોટા ભાગે પરાજય જોયા પછી આ ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં ઉપર આવતી હોય છે. ચેન્નઈની જેમ સૌથી વધુ પાંચ ટાઇટલ જીતી ચૂકેલી આ ટીમે ચૅમ્પિયનપદવાળી કેટલીક સીઝનમાં પણ પ્રારંભમાં પરાજયની હારમાળા જોઈ હતી. મુંબઈની ટીમની આ જ ખૂબી છે જે એના કરોડો ચાહકોને પહેલા મૂંઝવે છે અને પછી ખુશ કરી દે છે. જોકે આ વખતે મામલો થોડો ગૂંચવાડાભર્યો છે જેને લીધે આ ટીમના અસંખ્ય ચાહકોમાં થોડો ક્રોધ છે. હાર્દિક પંડ્યા ગુજરાત ટાઇટન્સની ચૅમ્પિયન અને રનર-અપ ટીમ છોડીને મુંબઈ પાછો આવી ગયો જે ગુજરાત-તરફી અનેક ક્રિકેટ ચાહકોને નથી જ ગમ્યું, તે મુંબઈ પાછો આવી જતાં રોહિતને કૅપ્ટનપદેથી હટાવાયો એ મુંબઈ-તરફી ઘણા ક્રિકેટલવર્સને નથી પસંદ પડ્યું.

ક્રિકેટ વર્તુળમાં ચર્ચા છે કે મુંબઈ ઇન્ડિયન્સના કૅપ્ટનપદે રોહિતને પાછો બિરાજમાન કરી દેવાશે અને હાર્દિક માત્ર પ્લેયર તરીકે રમશે. અગાઉ ચેન્નઈની ટીમમાં રવીન્દ્ર જાડેજાએ થોડી મૅચો સુકાન સંભાળ્યા બાદ એમએસ ધોનીને ફરી કૅપ્ટન્સી સોંપી દેવાઈ હતી. ■


## ક્લાસિફાઇડ

### ૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરન વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963 (દહેજ નહીં). (૧૪૩૧૨-એ)

### ૧૪. નોકરી ખાલી છે

**REQUIRED**

Field Sales Executive (Local & Outstation) for a Leading Import Firm of Premium Decorative Hardware and Laminates. Candidates should possess sufficient relevant experience. Age limit 25-40 yrs. Candidates may WhatsApp CV on Mob: 9594930001. (14298-A)

### ૧૭. જગ્યા આપવી છે

**સાન્તાક્રુઝ (ઈસ્ટ)**

સ્ટેશનથી 2 મિનિટ ચાલતા નવા ટાવરમાં 1 બેડરૂમ તથા 1 બેડરૂમની JODI ઉપલબ્ધ ભાવિન રાઠોડ - 9867756747. (બી-૧૩૮૮૧)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી મહંત રોડ, રૂઈયા સ્કૂલની પાસે, 4 BHK, 2200 કારપેટ, 4th ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ લેવીશ ફ્લેટ, 2 ગાડીની પાર્કિંગ, રજીસ્ટર્ડ સોસાયટી વિથ OC. "નવકાર એસ્ટેટ" ધીરેન ગડા - 9594925992. (જેપી/૪૯૦૬-એફ)

**દેવલાલી માં**

આધુનિક બંગલા તથા રુમો વીકએન્ડ અથવા લાંબા સમય માટે ભાડા થી મળશે.

ટીવી અને એસી નોન એસી રુમો સાથે નેચરોપથી ટ્રિટમેન્ટ મસાજ સ્ટીમબાથ ની પણ સુવિધા પણ ઉપલબ્ધ છે. 24 કલાક ગરમ ઠંડુ પાણી, ચાલવા માટે વિશાળ ટ્રેક,મનોહર ગાર્ડન અને નજીક માં આધુનિક રસોડા રેસ્ટોરન્ટ.

સિંગલ ઓક્યુપન્સી 700/-
ડબલ ઓક્યુપન્સી 1000/-

બુકિંગ માટે સંપર્ક:
કોરલ ગાર્ડન
લામ રોડ, દેવલાલી.
બિના શાહ - 9860730303

(બી-૧૪૦૩૦)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી મહંત રોડ 3 BHK, 1150 કારપેટ હાયર ફ્લોર, 1 પાર્કિંગ ફુલ્લી ફર્નિશ્ડ રજીસ્ટર્ડ સોસાયટી વિથ OC. "નવકાર એસ્ટેટ" ધીરેન ગડા - 9594925992. (જેપી/૪૯૦૬-જી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી બ્રાન્ડ ન્યુ નવા ટાવરમાં, 3 BHK, 1037 કારપેટ, હાયર ફ્લોર, 1 ગાડીની પાર્કિંગ, પોડિયમ વોકવે વિથ ગાર્ડન, દેરાસર અને માર્કેટ નજીક, "નવકાર એસ્ટેટ" ધીરેન ગડા - 9594925992. (જેપી/૪૯૦૬-એચ)

**અંધેરી વેસ્ટ**

**ઇરલા બ્રીજ, દેરાસર નજીક 1 BHK લીઝથી / અન્ય શોપર્સ સ્ટોપ નજીક Flats - Office લેવા - આપવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૧૮૨૮)**

**॥"બોરીવલી વેસ્ટ"॥**

**L. T. રોડ - પોશ એરિયામાં હેવી ડિપોઝીટથી 1 BHK કન્વર્ટેડ ભાડેથી આપવાનો છે. : 9323180130. (૧૪૩૧૩-એ)**

### ૧૭. જગ્યા આપવી છે

**3 BEDROOM KITCHEN 950 sqft, 6th Flr Flat for Rent, One Car Parking, Off. Orlem Church, Malad (W). (B-14036)**

### ૧૮. જગ્યા જોઈએ છે

**જોઈએ છે**

**Outright or Rental 1500- 1800 Sq Ft. Office for CA ફાઉન્ટન અથવા નરીમાન પોઈન્ટમાં ફોન: 7045179637. (૧૬૯)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાનો - શોરૂમ**

નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)

**મસ્જિદ બંદર**

ઈન્દુ ચેમ્બર્સ ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ, ફ્રન્ટરોડ સાઈડ, રેડી ટુ મુવ, તુરંત પજેશન ઓનરશિપથી વેચવાનું છે. ઓનર શાહ - 9821054179. (જી-૨૪૯૧-સી)

### ૩૩. ધંધાદારી

■ દર મહિને 6% -7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાયિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**

48 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

**GIFTS/STATIONERY PURses, Batwas, Diyas, Candles, Show Pieces, Envelopes, Sattin Ribbons etc. Contact Mihir Jhaveri 9322590819. (B-14022)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટકંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 /9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૨૭૮-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**

આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૪૦૩૧)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com





# હૈદરાબાદ-મુંબઈની તૂફાની મૅચમાં વિક્રમોની વણજાર

## બુધવારના અભૂતપૂર્વ મુકાબલામાં કુલ ૧૪ રેકૉર્ડ બન્યા, કેટલાક તો મજા પડી જાય એવા અનોખા છે!

હૈદરાબાદ: બુધવારે હૈદરાબાદમાં આઇપીએલ સામે નવા વિક્રમો ધરી દેનાર અને ટી-૨૦ ક્રિકેટને નવી દિશા અપાવનાર સનરાઇઝર્સ હૈદરાબાદ તથા મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચેની મૅચમાં કેટલાક એવા સ્કોર્સ અને અન્ય આંકડા અસ્તિત્વમાં આવ્યા જે જાણીને દરેક ક્રિકેટપ્રેમીને મજા પડી જાય.

તમે નહીં માનો, પણ હૈદરાબાદના બૅટર્સે મુંબઈના બોલર્સની ધુલાઈ કરી એમાં કેટલાક નવા રેકૉર્ડ બની જ ગયા હતા, મુંબઈના બૅટર્સે પણ ઘણી મહેનત કરીને જીતવાના નિષ્ફળ પ્રયાસમાં કેટલાક રસપ્રદ વિક્રમ રચી દીધા હતા.

હૈદરાબાદે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૭૭ રન બનાવ્યા એ આઇપીએલનો નવો ટીમ-સ્કોર્સનો રેકૉર્ડ છે એ આપણે બધા જાણીએ જ છીએ. એની સાથે આપણે બીજા રસપ્રદ વિક્રમો પર પણ નજર કરી લઈએ:

(૧) હૈદરાબાદે ૨૦ ઓવરમાં નોંધાવેલો ૨૭૭/૩નો સ્કોર હવે આઇપીએલનો નવો હાઈએસ્ટ ટીમ-સ્કોર છે. એ સાથે, ૨૦૧૩માં (૧૧ વર્ષ પહેલાં) પુણે વૉરિયર્સ સામે બેન્ગલૂરુની ટીમ આરસીબીએ નોંધાવેલો ૨૬૩/૫નો રેકૉર્ડ હવે સેકન્ડ-બેસ્ટ થઈ ગયો છે.

(૨) બુધવારની આખી મૅચમાં કુલ ૫૨૩ રન બન્યા હતા. માત્ર આઇપીએલ નહીં, ટી-૨૦ના ફૉર્મેટની કોઈ પણ મૅચ માટેનો આ નવો વર્લ્ડ રેકૉર્ડ છે. ૨૦૨૩માં સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે સેન્ચુરિયનમાં બનેલા કુલ ૫૧૭ રનનો વર્લ્ડ રેકૉર્ડ તૂટી ગયો છે.

(૩) હૈદરાબાદ-મુંબઈની મૅચમાં કુલ ૩૮ સિક્સર ફટકારવામાં આવી જે કોઈ પણ ટી-૨૦ મૅચ માટેનો હાઈએસ્ટ સિક્સર્સનો નવો રેકૉર્ડ છે. ૨૦૧૮ની સાલમાં અફઘાનિસ્તાન પ્રીમિયર લીગમાં બલ્ખ લેજન્ડ્સ અને કાબુલ ઝવનાન વચ્ચેની શારજાહ ખાતેની મૅચમાં તેમ જ ૨૦૧૯ની કૅરિબિયન લીગમાં સેન્ટ કિટ્સ-જમૈકા વચ્ચેની મૅચમાં કુલ ૩૭ સિક્સર ફટકારાઈ હતી જે વિક્રમ હૈદરાબાદ-મુંબઈની મૅચે તોડ્યો છે.



અભિષેક (૬૩) અને હેડ (૬૨) વચ્ચે ૬૮ રનની અને ક્લાસેન (અણનમ ૮૦) તથા માર્કરમ (અણનમ ૪૨) વચ્ચે ૧૧૬ રનની ભાગીદારી થઈ હતી.

(૪) આઇપીએલની એક ટીમે એક ઇનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા ફટકાર્યા હોય એવી રેકૉર્ડ-બુકમાં બેન્ગલૂરુ (૨૦૧૩માં પુણે સામે ૨૧ સિક્સર) મોખરે છે. જોકે મુંબઈ ઇન્ડિયન્સે બુધવારે હારી જવા છતાં પણ સિક્સર ફટકારવાની બાબતમાં પોતાનો નવો વિક્રમ સ્થાપિત કર્યો. મુંબઈની ટીમે કુલ ૨૦ છગ્ગા ફટકાર્યા હતા જે એનો નવો વિક્રમ છે. આ પહેલાં એના એક દાવમાં ૧૮ છગ્ગા પણ નહોતા.

(૫) હૈદરાબાદે બુધવારે ૧૮ સિક્સર ફટકારી જે એનો નવો રેકૉર્ડ છે. આ પહેલાં, હૈદરાબાદે વધુમાં વધુ ૧૫ સિક્સર (૨૦૨૪ની ૨૩મી માર્ચે કોલકાતા સામે) ફટકારી હતી.

(૬) બુધવારે મુંબઈની ટીમે ૩૧ રનથી હારતાં પહેલાં ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૪૬ રન બનાવ્યા હતા. આઇપીએલમાં ટાર્ગેટ ચેઝ કરી રહેલી જેટલી પણ ટીમોએ સ્કોર નોંધાવ્યા છે એમાં મુંબઈના ૨૪૬/૫ હાઈએસ્ટ છે.

(૭) આઇપીએલમાં પરાજિત થયેલી જેટલી પણ ટીમોના સ્કોર્સ ૧૭ વર્ષમાં નોંધાયા છે એમાં મુંબઈનો બુધવારનો ૨૪૬/૫નો સ્કોર હાઈએસ્ટ છે.

(૮) આઇપીએલની મૅચની બીજી ઇનિંગ્સમાં હવે મુંબઈના ૨૪૬/૫ નવો હાઈએસ્ટ સ્કોર છે. એ સાથે, રાજસ્થાનનો ૨૦૨૦ની સાલનો પંજાબ સામેનો ૨૨૬/૬ના સ્કોરનો વિક્રમ તૂટ્યો છે.

(૯) હૈદરાબાદ વતી અગાઉ ડેવિડ વૉર્નરનો ૨૦ બૉલમાં હાફ સેન્ચુરી (૨૦૧૫માં ચેન્નઈ સામે અને ૨૦૧૭માં કોલકાતા સામે) ફટકારવાનો વિક્રમ હતો જે બુધવારે તૂટ્યો અને એ સાથે નવો રેકૉર્ડ પણ તૂટી ગયો હતો. પહેલાં તો ટ્રેવિસ હેડે ૧૮ બૉલમાં ૫૦ રન પૂરા કરીને વૉર્નરના વિક્રમને ઝાંખો પાડ્યો હતો અને થોડી વાર પછી હેડના આ રેકૉર્ડને અભિષેક શર્માએ તોડી નાખ્યો. અભિષેકે ૧૬ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી.

(૧૦) ટ્રેવિસ હેડ અને અભિષેક શર્મા આઇપીએલની એક જ મૅચમાં એક જ ટીમ વતી ૨૦ કરતાં ઓછા બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરનાર બૅટર્સની પ્રથમ જોડી બની હતી.

(૧૧) આઇપીએલની એક મૅચમાં પહેલી ૧૦ ઓવરમાં સૌથી વધુ રન બનાવવાની બાબતમાં હૈદરાબાદે પોતાનો જ વિક્રમ તોડ્યો છે. બુધવારે હૈદરાબાદે પ્રથમ ૧૦ ઓવરમાં ૧૪૮ રન બનાવ્યા હતા. ૨૦૨૧માં અબુ ધાબીમાં હૈદરાબાદની ટીમે મુંબઈ સામે પહેલી ૧૦ ઓવરમાં ૧૩૧ રન બનાવ્યા હતા. જોકે બુધવારે મુંબઈની ટીમે હૈદરાબાદ સામે પ્રથમ ૧૦ ઓવરમાં ૧૪૧ રન બનાવ્યા હતા જે આ યાદીમાં બીજા નંબર પર છે.

(૧૨) મુંબઈ ઇન્ડિયન્સના ૧૭ વર્ષીય સાઉથ આફ્રિકન લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર ક્વેના મફાકાની ચાર ઓવરમાં કુલ ૬૬ રન બન્યા હતા. આઇપીએલમાં ડેબ્યૂ કરનાર બોલર્સમાં તે સૌથી મોંઘો બન્યો છે. તેણે માઇકલ નેસરનો ખરાબ રેકૉર્ડ તોડ્યો છે. ૨૦૧૩માં બેન્ગલૂરુ સામે નેસરની ચાર ઓવરમાં ૬૨ રન બન્યા હતા.

(૧૩) બુધવારે પાવરપ્લેમાં હૈદરાબાદના બૅટર્સે કુલ ૮૧ રન બનાવ્યા હતા જે આઇપીએલમાં નવો વિક્રમ છે. ૨૦૧૭માં હૈદરાબાદે કોલકાતા સામે પાવરપ્લેમાં ૭૯ રન બનાવ્યા હતા.

(૧૪) આઇપીએલની એક મૅચમાં સૌથી વધુ બાઉન્ડરીઝ (સિક્સર+ફોર)ના વિક્રમની બુધવારે બરાબરી થઈ હતી. હૈદરાબાદ-મુંબઈની મૅચમાં કુલ ૬૯ બાઉન્ડરીઝ ફટકારાઈ હતી. ૨૦૧૦માં ચેન્નઈ-રાજસ્થાન મૅચમાં પણ ૬૯ બાઉન્ડરીઝ નોંધાઈ હતી. ■

# પરાગનો પરચો

જયપુર: બુધવારે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદના બૅટર્સ ક્લાસેન, અભિષેક, ટ્રેવિસ હેડ અને માર્કરમે તૂફાની બૅટિંગ કરી એના પરથી કદાચ પ્રેરણા લઈને જયપુરમાં રાજસ્થાન રૉયલ્સના રિયાન પરાગે (૮૪ અણનમ, ૪૫ બૉલ, છ સિક્સર, સાત ફોર) દિલ્હી કૅપિટલ્સ સામે જોરદાર ફટકાબાજી કરી હતી. ખાસ કરીને તેણે એન્રિક નોર્કિયાની ૨૦મી ઓવરમાં પચીસ રન (૪, ૪, ૬, ૪, ૬, ૧) ખડકી દીધા હતા. એક સમયે ૧૦ ઓવરમાં સ્કોર ૫૮/૩ હતો. શરૂઆતની મિડલ ઓવર્સમાં એણે ધીમી ગતિએ રન બનાવ્યા હોવાથી એવું લાગતું હતું કે માંડ ૧૫૦થી ૧૬૦નો સ્કોર જોવા મળશે. જોકે છેલ્લે ૧૮૫/૫ના સ્કોર સાથે રાજસ્થાનનો દાવ પૂરો થયો હતો. ■

# ચેન્નઈ-બેન્ગલૂરુની પહેલી મૅચ ૧૬.૮૦ કરોડ ક્રિકેટપ્રેમીઓએ માણી

મુંબઈ: આ વખતની આઇપીએલમાં ૨૨ માર્ચના પ્રારંભિક દિવસે દર્શકોની સંખ્યાના સંબંધમાં જે વિક્રમી આંકડા નોંધાયા એ કાબિલેદાદ છે. એ દિવસે અક્ષય કુમાર, ટાઇગર શ્રોફ, સોનુ નિગમ, એઆર રહમાન તેમ જ કેટલીક અભિનેત્રીઓ અને ડાન્સરો સાથેની ઓપનિંગ સેરેમની બાદ પ્રથમ મૅચ ચેન્નઈ-બેન્ગલૂરુ વચ્ચે રમાઈ હતી જે ટીવી પર ૧૬.૮૦ કરોડ દર્શકોએ જોઈ હોવાનું ટૂર્નામેન્ટના સત્તાવાર બ્રૉડકાસ્ટરે જણાવ્યું છે. એ પ્રારંભિક દિવસે ૧,૨૭૬ કરોડ મિનિટના વૉચ-ટાઇમનો રેકૉર્ડ પણ નોંધાયો હતો. આઇપીએલની કોઈ પણ સીઝનના પ્રારંભિક દિવસનો આ રેકૉર્ડ છે. વૉચ-ટાઇમ મિનિટો એટલે પ્રત્યેક દર્શકે એ મૅચ જેટલા સમય સુધી જોઈ એની મિનિટોનો (તમામ દર્શકોની કુલ મિનિટોનો) સરવાળો. ઓપનિંગ દિવસે એક સાથે ૬.૧૦ કરોડ દર્શકોએ જીવંત પ્રસારણ માણ્યું હતું અને એ પણ નવો વિક્રમ છે. પીટીઆઇના અહેવાલ અનુસાર ડિજિટલ સ્પેસમાં જિયોસિનેમા પર આઇપીએલની ૧૭મી સીઝનના પ્રથમ દિવસની પળો ૧૧.૩૦ કરોડ દર્શકોએ માણી હતી. આ આંકડો ૨૦૨૩ની આઇપીએલના પ્રારંભિક દિવસની તુલનામાં ૫૧ ટકા વધુ છે. જિયોસિનેમા પર આ વખતે પહેલા દિવસે ૬૬૦ કરોડ મિનિટનો વૉચ-ટાઇમ હતો. ■

# હૈદરાબાદ ટીમની માલિક ચિયર-અપ કરતી ગઈ અને ખેલાડીઓએ રનનો વિક્રમજનક ઢગલો કરી દીધો

હૈદરાબાદ: બુધવારનો દિવસ ૧૭ વર્ષ જૂની આઇપીએલ માટે અભૂતપૂર્વ હતો, કારણકે એમાં ટીમ-સ્કોરનો નવો રેકૉર્ડ રચાયો હતો. આ વિક્રમ આ ટૂર્નામેન્ટની ભૂતપૂર્વ ટીમ અને ૨૦૦૯ની સીઝનની ચૅમ્પિયન ડેક્કન ચાર્જર્સ (ડીસી)ના નવા અવતારવાળી સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ની ટીમે નોંધાવ્યો હતો. બધાએ આ ટીમના બૅટર્સની જબરદસ્ત ફટકાબાજી જોઈ, પણ આ ખેલાડીઓને ખરીદનાર ટીમનાં માલિકો કોણ છે એ વિશે બહુ ઓછા લોકોને જાણ હશે.

'એસઆરએચ ઑરેન્જ આર્મી' અને 'ઇગલ્સ' તરીકે જાણીતી આ ટીમનો કૅપ્ટન આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો છેલ્લા બે વર્ષનો સૌથી સફળ સુકાની પૅટ કમિન્સ છે, જ્યારે કોચ ડેનિયલ વેટોરી છે.

હૈદરાબાદની ટીમના ફ્રેન્ચાઇઝીની માલિકી સન ગ્રૂપ પાસે છે. એના ચૅરમૅન અને સ્થાપક કલાનિધિ મારને ૨૦૧૨ની સાલમાં આ ટીમ ખરીદી હતી. કલાનિધિ મારન દેશના ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન મુરાસોલી મારનના પુત્ર છે. તેઓ તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એમ. કરુણાનિધિના પણ નજીકના સંબંધી છે. કલાનિધિ મારનના નાના ભાઈ દયાનિધિ મારન પણ પ્રધાન હતા.

કલાનિધિ મારનની પત્નીનું નામ કાવેરી મારન છે અને તેમને એક પુત્રી છે જેનું નામ કાવ્યા મારન છે. ૩૩ વર્ષની કાવ્યા મારન પિતાના બિઝનેસમાં ખાસ કરીને સ્પોર્ટ્સનો અખત્યાર સંભાળે છે. આઇપીએલના પ્લેયર્સ-ઑક્શન વખતે પણ કાવ્યા મારનની જ હાજરી હોય છે અને હૈદરાબાદની મૅચ વખતે પણ મોટા ભાગે કાવ્યા જ ટીમના માલિકો તરફથી પ્રતિનિધિત્વ કરે છે.

કાવ્યા મારને સાઉથ આફ્રિકાની ટી-૨૦ લીગમાં સનરાઇઝર્સ ઈસ્ટર્ન કેપ નામની ટીમ ખરીદી છે અને એઇડન માર્કરમ એ ટીમનો કૅપ્ટન છે.



તમને જાણીને નવાઈ લાગશે કે કાવ્યા મારનની આ સનરાઇઝર્સ ઈસ્ટર્ન કેપ ટીમ સાઉથ આફ્રિકાની ટી-૨૦ લીગમાં પહેલા બન્ને વર્ષ (૨૦૨૩, ૨૦૨૪)થી ચૅમ્પિયન બને છે.

બુધવારે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમના બૅટર્સ મુંબઈના બોલર્સની ધુલાઈ કરી રહ્યા હતા ત્યારે વીઆઇપી સ્ટૅન્ડમાં કાવ્યા મારન બેહદ ખુશ નજરે પડી હતી. ખાસ કરીને તે અભિષેક શર્મા (૬૩ રન, સાત સિક્સર, ત્રણ ફોર), ટ્રેવિસ હેડ (૬૨ રન, ત્રણ સિક્સર, નવ ફોર), હિન્રિચ ક્લાસેન (અણનમ ૮૦, સાત સિક્સર, ચાર ફોર) અને એઇડન માર્કરમ (અણનમ ૪૨, એક સિક્સર, બે ફોર)ના છગ્ગા-ચોક્કા વખતે એકદમ રોમાંચિત થઈ જતી હતી. તે વારંવાર પોતાના બૅટર્સને અને પછી મુંબઈની બૅટિંગ દરમ્યાન પોતાના બોલર્સ અને ફીલ્ડર્સને ચિયર-અપ કરતી જોવા મળી હતી. ક્લાસેન ૨૩મી માર્ચે કોલકાતામાં કેકેઆર સામે આઠ સિક્સર સાથેની ૬૩ રનની તૂફાની ઇનિંગ્સ રમ્યો હતો છતાં જિતાડી નહોતો શક્યો અને કેકેઆરનો હૈદરાબાદ સામે છેલ્લા બૉલે ફક્ત ચાર રનથી વિજય થયો હતો.

બુધવારે હૈદરાબાદમાં ક્લાસેન ફરી ફુલ ફૉર્મમાં હતો અને તેની એક સિક્સર વખતે ટીમની માલિક કાવ્યા મારન બેહદ ખુશ થઈ ગઈ હતી. તે વારંવાર ઊભી થઈને તાળી પાડતી હતી અને એ મેગા સ્ક્રીન પર એ તો બતાવાયું જ હતું, એનો વીડિયો પણ વાયરલ થયો છે. ટ્વિટરના એક યુઝરે ટ્વીટમાં લખ્યું, 'કાવ્યા મારન ઇઝ ધ હૅપીએસ્ટ પર્સન ઇન ધ વર્લ્ડ.' ■

# મુંબઈ ઈન્ડિયન્સને વધુ એક ફટકો: 'મિસ્ટર ૩૬૦ ડિગ્રી' હજુ પણ ફિટ નથી



મુંબઈ: સનરાઈઝર્સ હૈદરાબાદ સામે પરાજયનો સામનો કર્યા બાદ મુંબઈ ઈન્ડિયન્સ માટે વધુ એક માઠા સમાચાર જાણવા મળ્યા છે. ટીમના સ્ટાર બેટ્ર અને 'મિસ્ટર ૩૬૦ ડિગ્રી' તરીકે જાણીતો સૂર્ય કુમાર યાદવ હજુ સુધી સંપૂર્ણ ફિટ થયો નથી. જેના કારણે હાલમાં સૂર્ય કુમાર યાદવ હજુ આગામી કેટલીક મેચ રમી શકશે નહીં. આ સમાચારથી મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાના ટેન્શનમાં વધારો થવાની સાથે ચાહકોને મોટી નિરાશા મળી છે.

હજુ મુંબઈ ઈન્ડિયન્સ હરીફ ટીમ એક પણ જીત મેળવી શકી નથી, ત્યારે આ સમાચાર મુંબઈ ઈન્ડિયન્સ માટે મોટા ઝટકા સમાન છે. હમણાં સુધીના સૌથી મોટા સ્કોર સામે ઝઝૂમ્યા સાથે મુંબઈએ આઈપીએલ ૨૦૨૪ની પોતાની બંન્ને મેચોમાં પરાજય જોવો પડ્યો છે. ■

# રોહિત પર હાર્દિક હુકમ ચલાવ્યો, હિટ મૅને કૅપ્ટનને દોડાવ્યો





અમદાવાદ/હૈદરાબાદ: મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)નો સુકાની હાર્દિક પંડ્યા રવિવારે અમદાવાદમાં પોતાની ભૂતપૂર્વ ટીમ ગુજરાત ટાઇટન્સ (જીટી)ના કૅપ્ટન શુભમન ગિલ સામે હારી ગયો અને બુધવારે સનરાઇઝર્સ હૈદરાબાદના પૅટ કમિન્સ સામે હાર સ્વીકારવી પડી. એક રીતે હાર્દિકના જાણે 'બાવાનાં બેઉ બગડ્યા'. જીટી સામેની મૅચ દરમ્યાનનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં હાર્દિક એમઆઇના પૂર્વ કૅપ્ટન રોહિત શર્મા પર હુકમ ચલાવતો હોય એવી મુદ્રામાં જોવા મળ્યો હતો. હિટ મૅનને હાર્દિકે ફીલ્ડ પ્લેસમેન્ટના ભાગરૂપે બાઉન્ડરી લાઇન પર જઈને ઊભા રહેવા કહ્યું હતું. વાયરલ થયેલા વીડિયોમાં ક્રિકેટપ્રેમીઓ હાર્દિકના વ્યવહારથી ખૂબ હેરાન-પરેશાન હતા. જોકે હૈદરાબાદ સામેની મૅચ ચાલી રહી હતી ત્યારે રોહિતે પોતાની સિનિયોરિટીનો પાવર વાપરીને હાર્દિકને બાઉન્ડરી લાઇન પર ઊભા રહેવા કહ્યું હતું. જોકે રોહિતે તેને એ ખૂબ વિનમ્રતાથી કહ્યું હતું અને હાર્દિક ત્યાં પહોંચ્યો ત્યારે રોહિતે તેને થમ્બની નિશાની બતાવી હતી. એ વીડિયો પણ વાયરલ થયો છે. એમઆઇનો પરાજય થયો ત્યાર પછી રોહિત ટીમના માલિક આકાશ અંબાણી અને હાર્દિક સાથે ઘણી વાર સુધી વાતચીત કરી રહેલો પણ જોવા મળ્યો હતો. એક અહેવાલ મુજબ હૈદરાબાદમાં હાર્દિકે જ એક તબક્કે રોહિતને ફીલ્ડિંગ ગોઠવવામાં મદદ કરવા કહ્યું હતું અને તેનું માનીને હાર્દિક બાઉન્ડરી લાઇન પાસે ગયો હતો. ■

# નાણાં વર્ષના અંતિમ સત્રમાં જોરદાર તેજીઃ સેન્સેક્સ ૬૫૫ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૨,૩૦૦ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણ વચ્ચે પાવર, ઓટો અને બેન્કિંગ શેરોમાં ભારે લાવલાવ વચ્ચે બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના કામકાજના અંતિમ દિવસે જબરો તેજીનો ટોન નોંધાવ્યો હતો.

આગલા દિવસની તેજીને લંબાવીને બીએસઇનો ત્રીસ શેર ધરાવતો બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ ૬૫૫.૦૪ પોઇન્ટ અથવા ૦.૯૦ ટકાના ઉછાળા સાથે ૭૩,૬૫૧.૩૫ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન આ બેન્ચમાર્ક ૧,૧૯૪ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકા વધીને ૭૪,૧૯૦.૩૧ સુધી પહોંચ્યો પહોંચ્યો હતો. એ જ રીતે, એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૦૩.૨૫ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા વધીને ૨૨,૩૨૬.૯૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. એ બાબત નોંધવી રહી કે, ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં, બીએસઇ બેન્ચમાર્ક ૧૪,૬૫૯.૮૩ પોઈન્ટ અથવા ૨૪.૮૫ ટકા ઉછળ્યો હતો અને નિફ્ટી ૪,૯૬૭.૧૫ પોઈન્ટ અથવા ૨૮.૬૧ ટકા ઉછળ્યો હતો.

સેન્સેક્સ બાસ્કેટમાંથી, બજાજ ફિનસર્વ લગભગ ચારેક ટકા અને બજાજ ફાઇનાન્સ લગભગ ત્રણેક ટકા સુધી ઊછળ્યા હતા. સબસિડિયરી બજાજ હાઉસિંગ ફાઇનાન્સ જાહેર ભરણું લાવવાની યોજના બનાવી રહી હોવાના મીડિયા અહેવાલો વચ્ચે બજાજ ફાઇનાન્સ અને બજાજ ફિનસર્વના શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો.

સૌથી વધુ વધનારા ટોચના શેરોમાં નેસ્લે, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, પાવર ગ્રીડ, ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટુબ્રો અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ હતો. તેનાથી વિપરીત, ટેક મહિન્દ્રા, એક્સિસ બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લુઝરમાં સામેલ હતા. બજારનો અંડરટોન મજબૂત હતો, સેન્સેક્સના ૩૦માંથી માત્ર ચાર શેર નેગેટીવ ઝોનમાં બંધ થયા હતા.

નાણાકીય વર્ષના અંતિમ દિવસે શેરબજારમાં જોરદાર ઉછાળાનો માહોલ જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીએ સત્રની શરૂઆત ઉછાળા સાથે કરી હતી. સવારે સેન્સેક્સ ૧૫૩ પોઈન્ટના ઉછાળા સાથે ૭૩,૧૪૯ પર ખુલ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૯ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨,૧૬૩ના સ્તર પર ટ્રેડિંગની શરૂઆત કરી હતી.

આ પછી સવારના જ સત્રમાં સેન્સેક્સ ૮૦૦ પોઇન્ટ ઉછળીને ૭૪૦૦૦ની સપાટી તરફ ધસમસતો આગળ વધી ને બપોરના સત્રમાં ૧૦૦૦ પોઇન્ટની છલાંગ સાથે ૭૪૦૦૦ની સપાટી પાર કરી ગયો હતો. એ જ રીતે નિફ્ટી પણ સવારના સત્રમાં ૨૪૦ના ઉછાળા સાથે ૨૨,૩૭૦ને વટાવી બપોરના સત્રમાં ૩૪૦ પોઇન્ટના તોતિંગ ઉછાળા સાથે ૨૨,૫૦૦ની સપાટી તરફ આગળ વધી રહ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં તેજી જોવા મળી હતી. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીએ અગાઉના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. ટ્રેડિંગ દરમિયાન એક સમયે સેન્સેક્સ લગભગ ૧૨૦૦ પોઈન્ટ ઉછળીને ૭૪,૧૯૦ પોઈન્ટની સપાટીએ પહોંચી ગયો હતો, જ્યારે નિફ્ટીમાં પણ ૪૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો અને ટ્રેડિંગ સમયે ૨૨,૫૧૬ પોઈન્ટ્સ પર પહોંચી ગયો હતો. આ ઉછાળા વચ્ચે બીએસઇ પર તમામ લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪.૭૮ લાખ કરોડ વધીને રૂ ૩૮૮.૪ લાખ કરોડ સુધી પહોંચ્યું હતું.

મિડકેપ શેરમાં પણ તેજી જોવા મળી હતી. બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સ ઉછાળા સાથે બંધ થયા છે. મિડકેપ શેરમાં ખરીદી જોવા મળી છે. પીએસસી અને ફાર્મા, ઓટો શેરોમાં પણ ખરીદી જોવા મળી છે. મેટલ, ઈન્ફ્રા, એફએમસીજી ઈન્ડેક્સ પણ વધીને બંધ થયા છે. ઉલ્લેખનીય છે કે હવે શેરબજારમાં ટ્રેડિંગ નવા નાણાકીય વર્ષના પહેલા દિવસે એટલે કે પહેલી એપ્રિલે થશે. ૨૯ માર્ચે ગુડ ફ્રાઈડે અને ૩૦ અને ૩૧ માર્ચે સાપ્તાહિક રજાઓને કારણે બજારો બંધ રહેશે.

એશિયન બજારોમાં, શાંઘાઈ અને હોંગકોંગ પોઝિટીવ ક્ષેત્રમાં સ્થિર થયા હતા, જ્યારે ટોક્યો અને સિઓલ નેગેટીવ ઝોનમાં લપસ્યા હતા. યુરોપિયન બજારો મોટાભાગે ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ બુધવારે ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. એસએન્ડપી-૫૦૦ ઇન્ડેક્સ ૨૧ માર્ચે તેની છેલ્લી ઓલ-ટાઇમ હાઈ સપાટી સેટ કર્યા પછીના પહેલી વખત વધુ ૦.૯ ટકા વધીને ૫,૨૪૮.૪૯ના નવા વિક્રમી સ્તર પર સ્થિર થયો હતો.

એક્સચેન્જના ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ બુધવારે રૂ. ૨,૧૭૦.૩૨ કરોડની ઇક્વિટી ખરીદી હતી. બજારના પીઢ અભ્યાસુએ જણાવ્યું હતું કે, ભારતીય ઇક્વિટીએ આ સત્ર અને નાણાકીય વર્ષ આશાવાદી નોંધ સાથે સમાપ્ત કર્યું છે, સત્રના અંત સુધીમાં અસ્થિરતા વચ્ચે રિટેલ, ડીઆઇઆઇ અને એફઆઇઆઇ દ્વારા તમામ શ્રેણીઓમાં ખરીદી વધતી જોવા મળી હતી. દરમિયાન, વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૨ ટકા વધીને ૮૬.૪૦ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

# ડૉલર સામે રૂપિયો છ પૈસા નરમ

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં અન્ય ચલણો સામે મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે છ પૈસા નબળો પડીને ૮૩.૩૯ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૧૭૦.૩૨ કરોડની ચોખ્ખી લેવાલીનો ટેકો મળ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના સુધારા સાથે ૮૩.૩૩ના મથાળે બંધ રહ્યા બાદ આજે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૩.૩૨ના મથાળે ખૂલ્યા બાદ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૦ અને ઉપરમાં ૮૩.૩૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે છ પૈસાના ઘટાડા સાથે ૮૩.૩૯ના મથાળે બંધ રહ્યો હતો. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૪ ટકા ઉછળીને ૧૦૪.૪૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૨ ટકા વધીને બેરલદીઠ ૮૬.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. તેમ છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં જોવા મળેલા અનુક્રમે ૬૫૫.૦૪ પૉઈન્ટ અને ૨૦૩.૨૫ પૉઈન્ટના સુધારા તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૧૭૦.૩૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં પડતરોમાં વધારો થવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારો આવ્યાના અહેવાલોને ધ્યાનમાં લેતાં આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮ અને રૂ. ૧૦ વધી આવ્યા હતા. આ સિવાય કોપરની અમુક વેરાઈટી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. બે ઘટી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૨૪૭૪ અને રૂ. ૧૦ વધીને રૂ. ૧૪૩૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું

પશ્ચિમ રેલવે
સ્ટેનલેસ સ્ટીલ ડસ્ટબીનની ઈન્સ્ટોલેશન
Sr.DMM/MMCT ઈ-ટેન્ડર નં.: ૮૧૨૪૫૦૭૮B મંગાવે છે. ૧૭.૦૪.૨૦૨૪ના પાકે છે. કામ અને સ્થળ: પર્ફોરેટેડ સ્ટેનલેસ સ્ટીલ ડસ્ટબીનની ફેબ્રિકેશન, સપ્લાય અને ઈન્સ્ટોલેશનનું કામ. જથ્થો: ૬૫૩ નંગ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૪૧,૬૦,૯૧૬/- બાના રકમ ડિપોઝિટઃ રૂ. ૮૩,૨૨૦/- ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટેની બંધ થવાની તારીખ અને સમયઃ ૧૭.૦૪.૨૦૨૪ના ૧૧.૦૦ કલાકે. ઈ-ટેન્ડરની ખોલવા માટેની તારીખ અને સમય: ૧૭.૦૪.૨૦૨૪ના ૧૧.૦૦ કલાકે ટેન્ડર વેબસાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 1312
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
બાંધકામ કાર્ય
ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) II, પશ્ચિમ રેલવે, ઈન્દોર ઈ-ટેન્ડર ઈ-ટેન્ડર નોટીસ નં. IND/DINL/Dy.CE/C/II/ ૧૨૬ મંગાવે છે. કામનું નામઃ પશ્ચિમ રેલવેના દાહોદથી ઈન્દોર નવા BG લાઈન પ્રોજેક્ટના બાંધકામના સંબંધમાં તમામ અન્ય આનુષાંગિક કામો સાથે ટનલ નંબર ૧ (ટનલની આશરે લંબાઈ ૨.૯૬૭ કીમી, BLT ની આશરે લંબાઈ ૩.૧૦ કીમી.)માં તિહી - પિથમપુર સ્ટેશન વચ્ચે ચેકિંગ, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ સહિત બ્રોડગેજ બૅલાસ્ટલેસ ટ્રેકની ડિઝાઈન અને બાંધકામ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૧૯,૭૪,૬૬,૨૫૦.૬૨/- બીડ સુરક્ષાઃ રૂ. ૧૧,૩૭,૩૦૦/- બીડની સુપ્રતિની તારીખ અને સમયઃ ૨૩-૦૪-૨૦૨૪ના ૧૫.૦૦ કલાક સુધી. ટેક્નિકલ બીડની ખોલવાની તારીખ અને સમયઃ ૨૩-૦૪-૨૦૨૪ના ૧૫.૩૦ કલાકે. વેબસાઈટ વિગતો જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે. www.ireps.gov.in 1310
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
હાલના OHE માં ફેરફાર
ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલા કામ માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. અનું. નં.1: ટેન્ડર નં. EL/TRD/Tender/23-24/22R3. કામનું નામઃ વડોદરા ડિવિઝનના સુરત-ગેરતપુર, વડોદરા-ગોધરા અને વડોદરા ડભોઈ સેક્શનમાં રોડ અન્ડર બ્રિજ (RUB) ની જોગવાઈ અને પોર્ટલ/TTC ના ડ્રોપ આર્મ (DA/બુમ) પર નંબર પ્લેટ્સની જોગવાઈના કારણે હાલના OHE માં ફેરફાર. કામની અંદાજીત પડતર (રૂા.માં): ₹ 1,26,31,886/- બિડ સિક્યુરીટી (રૂા.માં): ₹ 2,13,200/- ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળોઃ પૂર્ણ કરવાનો સમયગાળો 12 મહિના, ટેન્ડરનું સમયપત્રકઃ ટેન્ડર બંધ થવાની તારીખઃ 29-04-2024 અને સમય એજ તારીખે 15:00 કલાકે. વેબ પેજ વિગતો અને નોટીસ સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-363
અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
વિવિધ એન્જીનિયરીંગ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં.
DRM-BRC 142 TO 143 OF 2023-24
ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 142 of 2023-24. કામનું નામઃ Sr. DEN (South) BRC ના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક રિન્યુઅલ કામ માટે કોન્ટ્રાક્ટરની પોતાની વેલ્ડિંગ સામગ્રી, મજૂરી વગેરે સહિત ઈન સીટુ 60Kg/90UTS અને R-260 રેલ જોઈન્ટ્સની આપૂર્તિ અને અમલીકરણ કરવાનું કામ. કામની અંદાજીત પડતર (રૂા. માં): ₹ 2,74,69,037.06, જમા કરાવવાની બીડ સિક્યુરીટી (રૂા. માં): ₹ 2,87,400.00. ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.15-04-2024 ના 15:00 કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. અનું. નં.2: ટેન્ડર નં. DRM BRC 143 of 2023-24. કામનું નામઃ એકતા નગર : EKNR ખાતે સ્ટેશન બિલ્ડીંગના હાલના કવર શેડનું સમારકામ કરવાનું કામ. કામની અંદાજીત પડતર (રૂા.માં): ₹ 24,93,720.38, જમા કરાવવાની બીડ સિક્યુરીટી (રૂા.માં): ₹ 49,900.00. ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.16-04-2024 ના 15:00 કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. બંને ટેન્ડરો માટેઃ- વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. BRC-362
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# શુદ્ધ સોનું ₹ ૪૧૮ વધીને ₹ ૬૭,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૩૦ વધી

મુંબઈઃ આવતીકાલે મોડી સાંજે અમેરિકાનાં પીસીઆઈ (પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર) ડેટાની થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હોવા છતાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે આજે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં અનુક્રમે ૦.૮ ટકાનો અને ૦.૯ ટકાનો ઉછાળો આવ્યો હતો.

ચાંદીના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યાના જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં નરમાઈને કારણે સોનામાં વધેલી આયાત પડતર અને વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૭થી ૪૧૮નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૬૭,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. જોકે, ચાંદીમાં વૈશ્વિક સ્તરે મક્કમ વલણ રહ્યું હોવાથી ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૦ વધી આવ્યા હતા. આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક સ્તરે સાંકડી વધઘટના નિર્દેશ હોવાથી સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હોવા છતાં વપરાશકાર ઉદ્યોગ તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૦ વધીને રૂ. ૭૪,૧૨૭ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર સામે રૂપિયો નબળો પડવાથી આયાત પડતરોમાં વધારો થવાથી ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૭ વધીને રૂ. ૬૬,૯૮૩ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૧૮ વધીને રૂ. ૬૭,૨૫૨ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાના અહેવાલ હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાતના નિર્ણયમાં મુખ્ય ભૂમિકા ભજવનાર પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની આવતીકાલે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે રોકાણકારોના સાવચેતીના અભિગમ જોવા મળ્યો હતો. તેમ છતાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી તેમ જ ભૌગોલિક તણાવને કારણે સલામતી માટેની માગને ટેકે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૨૨૧૨.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આવતીકાલે ગુડ ફ્રાઈડે નિમિત્તે બજારો બંધ રહેવાની હોવાથી આ મહિનાનું છેલ્લું સત્ર છે અને અત્યાર સુધીમાં માસિક ધોરણે સોનાના ભાવમાં એક વર્ષનો સૌથી મોટો આઠ ટકાનો ઉછાળો નોંધાયો છે. વધુમાં આજે વાયદામાં ભાવ ૦.૯ ટકા વધીને ૨૨૩૨.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૪.૬૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એક તરફ ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં કપાતના સંકેત આપ્યા છે. તેમ જ ઈઝરાયલ-હમાસ અને રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધ અને રાતા સમુદ્રની કટોકટીની બજાર પર થઈ રહેલી માઠી અસર જેવાં પરિબળો સોનાની તેજીની તરફેણમાં હોવાનું ટેસ્ટીલિવનાં ગ્લોબલ માઈક્રો વિભાગના હેડ લ્યા સ્પિવકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થિતિ જોતા આ મહિનામાં સોનાના વૈશ્વિક ભાવ રેન્જ બાઉન્ડ રહેશે અને જો ભાવ ઔંસદીઠ ૨૨૨૫ની પ્રતિકારક સપાટી તોડશે તો ભાવ વધીને ૨૩૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. ગઈકાલે ફેડ ગવર્નર વૉલરે ગઈકાલે જણાવ્યું હતું કે તાજેતરનાં અમેરિકાના ફુગાવાના નિરુત્સાહી ડેટાને ધ્યાનમાં લેતાં ફેડરલ રિઝર્વ આગામી ટૂંકા સમયગાળા દરમિયાન વ્યાજદર જાળવી રાખે તેવી શક્યતા છે. જોકે, સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ૬૨ ટકા બજાર વર્તુળો ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કપાતની શરૂઆતની ધારણા મૂકી રહ્યા છે.

## અંબાણી અને અદાણીએ પ્રથમ વખત સહયોગ સાધ્યો

# અદાણી પાવર પ્રોજેક્ટમાં રિલાયન્સે ૨૬ ટકા હિસ્સો ખરીદ્યો

નવી દિલ્હીઃ પ્રતિસ્પર્ધી અબજોપતિઓ વચ્ચેના પ્રથમ સહયોગમાં, મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ગૌતમ અદાણીના મધ્યપ્રદેશના પાવર પ્રોજેક્ટમાં ૨૬ ટકા હિસ્સો ખરીદ્યો છે અને વીજ પ્લાન્ટના ૫૦૦ મેગાવોટનો સ્વવપરાશ માટે ઉપયોગ કરવા સંદર્ભે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

રિલાયન્સ અદાણી પાવર લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની મહાન એનર્જન લિમિટેડમાં રૂ. ૧૦ની ફેસ વેલ્યૂ (રૂ. ૫૦ કરોડ) ધરાવતા પાંચ કરોડ ઇક્વિટી શેર ખરીદશે અને સ્વવપરાશ ઉપયોગ માટે ૫૦૦ મેગાવોટ ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ કરશે, એમ બંને કંપનીઓએ સ્ટોક એક્સચેન્જના અલગ અલગ ફાઇલિંગમાં જણાવ્યું હતું. .

અદાણી ૨૦૩૦ સુધીમાં વિશ્વની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી ઉત્પાદક બનવાની ઈચ્છા ધરાવે છે જ્યારે રિલાયન્સ ગુજરાતના જામનગર ખાતે ચાર ગીગા ફેક્ટરીઓનું નિર્માણ કરી રહી છે, જેમાં એક એક સોલાર પેનલ, બેટરી, ગ્રીન હાઈડ્રોજન અને ફ્યુઅલ સેલ માટેની ફેક્ચરી હશે. અદાણી સોલાર મોડ્યુલ, વિન્ડ ટર્બાઈન અને હાઈડ્રોજન ઈલેક્ટ્રોલાઈઝરના ઉત્પાદન માટે ત્રણ ગીગા ફેક્ટરીઓ પણ બનાવી રહી છે.

# ખાંડમાં મથકો પાછળ ₹ ૧૦થી ૪૦ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તથા દેશાવરોની માગ જળવાઈ રહી હોવા છતાં સરકારે એપ્રિલ મહિનાનો મુક્ત વેચાણ માટે ૨૫ લાખ ટનનો પર્યાપ્ત ક્વૉટા જાહેર કરવાની સાથે વેચવાલીનું દબાણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૪૦૦થી ૩૪૫૦માં થયાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૪૦ અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. વધુમાં આજે મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૪૨થી ૩૬૩૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૫૫થી ૩૭૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૧૦થી ૩૬૬૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

PUBLIC NOTICE
C.R.A. CIV No. C0900372/2024
Dated: 13th day of March, 2024
IN THE HIGH COURT OF JUDICATURE AT BOMBAY
APPELLATE SIDE, CIVIL JURISDICTION
CIVIL REVISION APPLICATION NO. 124 OF 2022,
The District Judge 5, Kalyan,Order below Exh. 16 In Regular Civil Appeal No.249 of 2012.
Mangalaben Narayandas Thakkar (Deceased),
1 Smt. Hansaben Jayantilal Thakkar & Ors ..........Applicants
Through Advocate Mr. Sandeep M. Phatak.
Versus
Dilipkumar Pranjeevan Thakkar. ...........Respondent
To,
Dilipkumar Pranjeevan Thakkar.
Res./at: 1st Floor, D.V. Building, Opp. Post Office, Station Road, Kalyan (W), District - Thane.
WHEREAS the Applicants, above named have presented aforesaid Civil Revision Application No. 124 of 2022 through Advocate Mr. Sandeep M. Phatak and this Court has on 06th December, 2022 ordered to issue Notice. Accordingly, notice issued to sole Respondent on new address is received unserved, with remarks "Not residing at the given address".
THEREAFTER, the Interim Application No. 16106 of 2023 (For Substitute Service) in Civil Revision Application No. 124 of 2022 was placed before the Court on 04.03.2024 and same was allowed & ordered to issue publication notice to sole Respondent.
TAKE NOTICE THAT the hearing of Civil Revision Application No. 124 of 2022 will take place on (FOURTEEN DAYS) or on any subsequent date which to this Court may seem convenient and that, if no appearance is made on your behalf either in person or by an Advocate of this Court duly authorized and instructed by you, it will be heard finally and determined in your absence.
Witness Shri S. V. Gangapurwala, The Hon'ble Acting Chief Justice And Witness Shri Devendra Kumar Upadhyaya, The Hon'ble Chief Justice at Bombay aforesaid this 06/12/2022 & 04/03/2024 respectively.
Dated: 12/03/2024
Sd/- (Shri. Sailani Y. Shekh) Clerk
SEAL
Sd/- (Mrs. Manisha M. Temburkar) Section Officer
By the Court (Shri Madhusudan R. Parab) Assistant Registrar (Civil)

PUBLIC NOTICE
C.R.A. CIV No. (0900371/2024
Dated: 13th day of March, 2024
IN THE HIGH COURT OF JUDICATURE AT BOMBAY
APPELLATE SIDE, CIVIL JURISDICTION
CIVIL REVISION APPLICATION NO. 125 OF 2022,
The District Judge 5, Kalyan,Order below Exh. 22 In Regular Civil Appeal No.248 of 2012.
Mangalaben Narayandas Thakkar (Deceased),
1 Smt. Hansaben Jayantilal Thakkar & Ors ..........Applicants
Through Advocate Mr. Sandeep M. Phatak.
Versus
Dilipkumar Pranjeevan Thakkar. ...........Respondent
To,
Dilipkumar Pranjeevan Thakkar.
Res./at: 1st Floor, D.V. Building, Opp. Post Office, Station Road, Kalyan (W), District - Thane.
WHEREAS the Applicants, above named have presented aforesaid Civil Revision Application No. 125 of 2022 through Advocate Mr. Sandeep M. Phatak and this Court has on 06th December, 2022 ordered to issue Notice. Accordingly, notice issued to sole Respondent on new address is received unserved, with remarks "Not residing at the given address".
THEREAFTER, the Interim Application No. 17828 of 2023 (For Substitute Service) in Civil Revision Application No. 125 of 2022 was placed before the Court on 04.03.2024 and same was allowed & ordered to issue publication notice to sole Respondent.
TAKE NOTICE THAT the hearing of Civil Revision Application No. 125 of 2022 will take place on (FOURTEEN DAYS) or on any subsequent date which to this Court may seem convenient and that, if no appearance is made on your behalf either in person or by an Advocate of this Court duly authorized and instructed by you, it will be heard finally and determined in your absence.
Witness Shri S. V. Gangapurwala, The Hon'ble Acting Chief Justice And Witness Shri Devendra Kumar Upadhyaya, The Hon'ble Chief Justice at Bombay aforesaid this 06/12/2022 & 04/03/2024 respectively.
Dated: 12/03/2024
Sd/- (Shri. Sailani Y. Shekh) Clerk
SEAL
Sd/- (Mrs. Manisha M. Temburkar) Section Officer
By the Court (Shri Madhusudan R. Parab) Assistant Registrar (Civil)

પબ્લિક નોટિસ
જાહેર જનતા માટે વર્તમાન પબ્લિક નોટિસ દ્વારા આ જાણ અને પ્રસિદ્ધ કરવામાં આવે છે કે અમો મે. સોહમ ઈન્ફ્રા, ૧૦૬, ૧લો માળ, આશર મિલેનીઆ, કપૂરબાવડી જંકશન, વિજય સેલ્સની બાજુમાં, જી. બી. રોડ, થાણા (પ.) ૪૦૦૬૦૭ ખાતે અમારી ઓફિસ ધરાવનાર એક નોંધાયેલ ભાગીદારી પેઢી છીએ અને મુંબઈ ખાતે સબ-રજિસ્ટ્રાર ઓફ એસ્યોરન્સીઝની ઓફિસમાં અ. નં. BBE-૨-18013-2022 ખાતે યોગ્યપણે નોંધાયેલ તા. ૩૦/૧૧/૨૦૨૨ના ડીડ ઓફ એસાઇનમેન્ટની દ્વારા, તેની પર ઊભેલા 'કૃષ્ણકુંજ' તરીકે જાણીતા બિલ્ડિંગ સાથે, માટુંગા ડીવીજનના પ્લોટ નં. ૨૪, શિવરી વડાલા (નોર્થ) એસ્ટેટ, સી.એસ. નં. ૫૮૨ના સંપૂર્ણપણે માલિકો છીએ જે વિવિધ ભોગવટેદારો દ્વારા ઓક્યુપાઈડ છે (ટૂંકાણ માટે 'સદર મિલકત').
જાહેર જનતાને વધુમાં આ જાણ કરવામાં આવે છે કે શ્રી પરેશ શાંતિલાલ દેઢિયા અને શ્રી જયેશ શાંતિલાલ દેઢિયાએ તા. ૨૩મી સપ્ટે. ૨૦૨૩ના ડીડ ઓફ રિટાયરમેન્ટમાં રેકોર્ડ થયા મુજબ ૧લી ઓગસ્ટ ૨૦૨૩ના અમલથી મે. સોહમ ઈન્ફ્રાના ભાગીદારો તરીકે કામ કરવાનું બંધ કરી દીધેલ છે. જે પાર્ટીઓ દ્વારા યોગ્ય રીતે કાર્યવાહી કરાયેલ છે અને પેઢીઓના રજીસ્ટ્રાર સાથે નોંધાયેલ છે.
જાહેર જનતાને વધુમાં આ જાણ કરવામાં આવે છે કે કોઈપણ વ્યક્તિએ મે. સોહમ ઇન્ફ્રાના ભાગીદારો તરીકે શ્રી પરેશ શાંતિલાલ દેઢિયા અને શ્રી જયેશ શાંતિલાલ દેઢિયા સાથે વ્યવહાર કરવો નહીં અને જો કોઈપણ વ્યક્તિ મે. સોહમ ઇન્ફ્રાના ઉપર જણાવેલા નિવૃત્ત થયેલ કે સીઝ થયેલ ભાગીદારોના કોઈપણ સાથે વ્યવહાર કરશે તો તેમના પોતાના જોખમે તેમ કરશે અને મે. સોહમ ઇન્ફ્રાની વર્તમાન પેઢી અને વર્તમાન ભાગીદારો શ્રી ચંદ્રકાન્ત ભગવાન ભોઇર & શ્રી ભાવિક જીતેન્દ્ર શેઠ, ઉપર જણાવેલ તારીખથી મે. સોહમ ઇન્ફ્રાના નિવૃત્ત થયેલ કે સીઝ થયેલ ભાગીદારો દ્વારા કરાયેલ કોઈપણ પ્રવૃત્તિ કે તેમની દ્વારા કથિત કરાયેલ, કરવામાં આવનાર પ્રવૃત્તિ માટે જવાબદાર રહેશે નહીં, કારણ કે સદર ગેરકાયદેસર પ્રવૃત્તિ છે અને ગણાશે. આ પબ્લિક નોટિસ સદર મિલકતમાં અમારી પેઢીના હક્ક, ટાઈટલ અને હિત તથા અમારી પેઢીના હિત અને મિલકતનું રક્ષણ કરવા માટે છે કારણ કે મે. સોહમ ઇન્ફ્રાના નિવૃત્ત થયેલ કે સીઝ થયેલ, બંધ થયેલ ભાગીદારો તરીકે તેમને સદર મિલકતમાં કોઈપણ હક્ક, ટાઈટલ કે હિત નથી.
આજ તા. ૨૫મી માર્ચ, ૨૦૨૪
મે. સોહમ ઇન્ફ્રા માટે
ભાગીદાર.

# આરબીડી પામોલિનમાં સાધારણ નરમાઈ, અંદાજે ૪૦૦-૫૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૫ સેન્ટનો ઘટાડો આવ્યા બાદ આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં સાત પૉઈન્ટનો સુધારો દર્શાવાઈ રહ્યો હતો. જોકે, આજે મલયેશિયા ખાતે જાહેર રજા હોવાથી બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ બંધ રહ્યું હતું. આમ વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. બેથી ત્રણનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

વધુમાં આજે ચાલુ નાણાકીય વર્ષનાં અંતિમ દિવસો હોવાથી બજારમાં લિબર્ટી, રૂચી, અલાના કે ગોલ્ડન એગ્રીએ ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ભાવ નહોંતા ક્વૉટ કર્યા અને એકમાત્ર ગ્લેન્ટેક નજીકની ડિલિવરી શરતે વેચવાલ હોવાથી અંદાજે ૪૦૦થી ૫૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૦ના મથાળે ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોકુલના સન રિફાઈન્ડ અને સન ક્રૂડના ભાવ અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૫ અને રૂ. ૮૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોંતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૩૦, ક્રૂડ પામતેલના રૂ. ૯૦૫, સોયા રિફાઈન્ડના રૂ. ૯૫૦, સોયા ડિગમના રૂ. ૯૧૦, સન રિફાઈન્ડના રૂ. ૯૪૫, સન ક્રૂડના રૂ. ૮૮૦, સિંગતેલના રૂ. ૧૫૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૪૦ અને સરસવના રૂ. ૧૦૩૦ આસપાસના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૮૮૫થી ૮૯૦માં અને રૂ. ૧૪૭૫માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦થી ૨૩૬૦માં થયા હતા. આ સિવાય ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૫થી ૯૪૦માં થયાના અહેવાલ હતા.

આજે રાજસ્થાનનાં મથકો પર ૪.૫૦ લાખ ગૂણી સરસવની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૫૦થી ૫૪૭૫માં, એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૧૬થી ૧૦૧૭માં અને કચ્ચી ઘાણીના વેપાર રૂ. ૧૦૨૬થી ૧૦૨૭માં થયા હતા.

# ફેબ્રુઆરીમાં મુખ્ય માળખાકીય ક્ષેત્રની વૃદ્ધિ ઘટીને ૬.૭ ટકા

નવી દિલ્હીઃ ગત ફેબ્રુઆરી મહિનામાં મુખ્ય માળખાકીય ક્ષેત્રમાં ખાસ કરીને ફર્ટિલાઈઝર જેવાં અમુક ક્ષેત્રમાં વૃદ્ધિ મંદ પડતાં વૃદ્ધિદર ફેબ્રુઆરી, ૨૦૨૩નાં ૭.૪ ટકા સામે ધીમો પડીને ૬.૭ ટકાના સ્તરે રહ્યો હોવાનું એક અધિકૃત આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. એકંદરે ગત ફેબ્રુઆરીમાં દેશનાં કોલસા, ક્રૂડતેલ, કુદરતી ગૅસ, રિફાઈનરી ઉત્પાદન, સ્ટીલ, સિમેન્ટ અને ઈલેક્ટ્રિસિટી જેવાં મુખ્ય માળખાકીય ક્ષેત્રનો વૃદ્ધિદર ફેબ્રુઆરી ૨૦૨૩ના ૭.૪ ટકા સામે ઘટીને ૬.૭ ટકાના સ્તરે રહ્યો હતો. તેમ છતાં જાન્યુઆરી, ૨૦૨૪ના ૪.૧ ટકાના વૃદ્ધિદરની સરખામણીમાં વધારો થયો હોવાનું યાદીમાં જણાવ્યું છે.

વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ફેબ્રુઆરી સુધીનો મુખ્ય માળખાકીય ક્ષેત્રનો વૃદ્ધિદર પણ ગત સાલના સમાનગાળાના ૮.૨ ટકા સામે ઘટીને ૭.૭ ટકાના સ્તરે રહ્યો છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ફર્ટિલાઈઝરની ઉત્પાદન વૃદ્ધિ નકારાત્મક રહી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દેશનાં ઔદ્યોગિક ઉત્પાદનનાં આંકમાં આઠ મુખ્ય ક્ષેત્રનો ૪૦.૨૭ ટકા જેટલો બહોળો હિસ્સો હોય છે.

એકનાથ શિંદેની શિવસેનાના ટ્રમ્પ કાર્ડ ઉમેદવારોની પહેલી યાદી જાહેર

# દક્ષિણ-મધ્ય મુંબઈની બેઠક રાહુલ શેવાળેને સોંપવામાં આવી: પુત્ર શ્રીકાંતનું નામ ગાયબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાયુતિના મુખ્ય પક્ષમાંના એક એવા એકનાથ શિંદે જૂથની શિવસેના દ્વારા લોકસભાની ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં મુંબઈની એક બેઠક ઉપર શિંદે જૂથે પોતાનો ઉમેદવાર જાહેર કર્યો છે.

દક્ષિણ મધ્ય મુંબઈ ખાતેથી શિવસેનાએ રાહુલ શેવાળેને ઉમેદવારી સોંપી છે. જોકે આ યાદીમાં આંખે ઊડીને વળગતી વાત એ હતી કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેનું નામ સામેલ કરવામાં આવ્યું નહોતું. શ્રીકાંત શિંદે હાલ કલ્યાણ બેઠકથી સાંસદ છે.

એકનાથ શિંદે જૂથની શિવસેના દ્વારા લોકસભાની ચૂંટણી માટે જાહેર કરવામાં આવેલી ઉમેદવારીની આ પહેલી જ યાદી છે અને પહેલી યાદીમાં અમુક નામોનો સમાવેશ ન થતા ખરેખર આશ્ચર્ય સાથે રહસ્યનો માહોલ સર્જાયો છે. ■

### પહેલી યાદીના ૮ ખેલાડીઓ

રાહુલ શેવાળે - દક્ષિણ-મધ્ય મુંબઈ
સંજય મંડલિક - કોલ્હાપુર
સદાશિવ લોખંડે - શિર્ડી (અનૂસૂચિત જાતિ)
પ્રતાપરાવ જાધવ - બુલઢાણા
હેમંત પાટીલ - હિંગોલી
શ્રીરંગ બારણે - માવળ
રાજૂ પારવે - રામટેક (અનૂસૂચિત જાતિ)
ધૈર્યશિલ માને - હાતકણંગલે ■

### રામટેકથી કૃપાલ તુમાનેની ઉમેદવારી ગઇ

રામટેક બેઠક ઉપરથી હાલના શિંદે જૂથના સાંસદ કૃપાલ તુમાને શિંદેનું પત્તું કપાયું છે. કૃપાલ તુમાને શિવસેનાના બે ફાંટા પડ્યા ત્યારબાદ શિંદે જૂથમાં આવ્યા હતા. જોકે, (જુઓ પાનું ૪) ▸▸

### નાશિક, વાશીમ અને યવતમાળ કેમ બાકાત?

સિવાય વાશીમ અને યવતમાળ બેઠક ઉપરથી પણ કોઇ ઉમેદવારની જાહેરાત પહેલી યાદીમાં શિંદે જૂથની શિવસેના દ્વારા કરવામાં આવી નથી. થાણે ઉપરાંત કલ્યાણ, યવતમાળ અને વાશિમ એ એકનાથ શિંદેના ગઢ માનવામાં આવે છે. આ ઉપરાંત નાશિક બેઠક પણ શિંદેની શિવસેનાના ફાળે જશે તે લગભગ નક્કી છે. શ્રીકાંત શિંદે દ્વારા થોડા દિવસ પૂર્વે જ નાશિક બેઠક ઉપરથી હાલના સાંસદ હેમંત ગોડસેની ઉમેદવારી જાહેર કરી હતી. જોકે પહેલી યાદીમાં શિંદે દ્વારા આ બેઠકો ઉપર કોઇ ઉમેદવાર જાહેર ન કરવામાં આવતા આશ્ચર્ય સર્જાયું છે. આ બેઠક ભાજપ અથવા તો રાષ્ટ્રવાદીના ભાગે ગઇ હોવાની ચર્ચા પણ તેના કારણે થઇ રહી છે. ■

દક્ષિણ મુંબઈના રહેવાસીઓની માર્ગની મુશ્કેલીઓ થઇ દૂર

# ઉરણવાલા સ્ટ્રીટ અને અલીભાઈ પ્રેમજી માર્ગના જંક્શનનું થશે વિસ્તારીકરણ

મુંબઈ: ઉરણવાલા સ્ટ્રીટ અને અલીભાઈ પ્રેમજી માર્ગના જંક્શન પર થઇ રહેલા અડચણવાળા ભાગ (બોટલનેક)ને ૯.૧૫ મીટર પહોળો કરવા માટેના માર્ગને હાઈ કોર્ટે સરળ કરી દીધો છે. કોર્ટના આ નિર્ણયને કારણે આ વિસ્તારના ૭૦૦થી ૮૦૦ નાગરિકને રાહત મળશે. કોર્ટે એ પણ કહ્યું હતું કે આ મામલે રેલવેનો રવૈયો પરેશાન કરનારો છે. જે એવો સંકેત આપી રહ્યો છે કે એ શહેરના પ્લાનિંગ પર વર્ચસ્વ થઇ શકે છે અને રેલવેની જરૂરિયાત ક્યારે પણ નહીં બદલાય. તાડદેવ સ્થિત ડી વોર્ડમાં આવતા જંક્શન પાસેના આ હિસ્સાથી પરેશાન દક્ષિણ મુંબઈ સ્થિત ગ્રાંટ રોડના ૭ રહેવાસીઓએ હાઈ કોર્ટમાં અરજી કર્યા બાદ આ મામલો સામે આવ્યો હતો.

આ અરજીમાં મુખ્ય રૂપે પશ્ચિમ રેલવેના અધિકારીઓ દ્વારા ૧૧ ઓક્ટોબર, ૨૦૨૩ના આદેશને પડકારવામાં આવ્યો હતો. આ આદેશ હેઠળ રેલવેએ રસ્તાથી જોડાયેલી (જુઓ પાનું ૪) ▸▸

ભાજપનો યુવાનોને આકર્ષવાનો નવો કિમિયો

# 'ચાય પે ચર્ચા'ના બદલે 'કૉફી વિથ યુથ'

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જનતા સાથેનો સંવાદ 'ચાય પે ચર્ચા' સામાન્ય રીતે ચર્ચામાં રહેતો હોય છે, પરંતુ યુવાનો તેમાં વધુ પડતો રસ દાખવતા ન હોવાનું જણાતા ભાજપે યુવાનોને સાથે જોડવા માટે અને પોતાની વાત દેશના યુવા ધન સુધી પહોંચાડવા માટે નવો કિમીયો શોધી કાઢ્યો છે. ચૂંટણી યોજાય તે પહેલા મહારાષ્ટ્રમાં ભાજપ દ્વારા યુવાનોને આકર્ષવા માટે નકોફી વિથ યુથથનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

શહેરી વિસ્તારના યુવાનો સુધી પહોંચવા માટે મહારાષ્ટ્ર ઉપરાંત દેશભરમાં આ કાર્યક્રમ (જુઓ પાનું ૪) ▸▸

# ગઢચિરોલીમાં નક્સલવાદીઓ સાથેની અથડામણ બાદ વિસ્ફોટકો, માઓવાદી સાહિત્ય જપ્ત

ગઢચિરોલી: ગઢચિરોલી જિલ્લામાં નક્સલવાદીઓ સાથેની અથડામણ બાદ સુરક્ષા દળોએ ઘણી બધી જિલેટીન સ્ટિક્સ, વાયર, બેટરી તથા માઓવાદીઓનું સાહિત્ય જપ્ત કર્યું હતું.

મહારાષ્ટ્ર-છત્તીસગઢ સીમા પર નક્સલવાદીઓની હાજરી અંગે માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ બુધવારે ભૂમકન ગામ નજીક ઑપરેશન હાથ ધર્યું હતું.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ નિલોત્પલે જણાવ્યું હતું કે છત્તીસગઢના કાસનસુર છટગાંવ દાલમ અને ઔંધી દાલમના સશસ્ત્ર નક્સવાદીઓ આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે ભાંગફોડ પ્રવૃત્તિ કરવા માગતા હતા. રાજ્યમાં ગઢચિરોલી-ચિમુર (એસટી) લોકસભા મતવિસ્તારમાં ૧૯ એપ્રિલે મતદાન થવાનું છે. રાજ્ય પોલીસના નક્સલ (જુઓ પાનું ૪) ▸▸

નવનીત રાણા સામે બચ્ચુ કડુ બાદ વધુ એક અવરોધ

# એકનાથ શિંદે જૂથના દિગ્ગજ નેતાએ રાણા વિરુદ્ધ મોરચો ખોલ્યો

અમરાવતી: હાલ અમરાવતીના અપક્ષ સાંસદ તરીકે દબદબો ધરાવતા નવનીત રાણાને ભાજપે અમરાવતી ખાતેથી ટિકીટ આપી છે અને ભાજપના આ નિર્ણય બાદ અમરાવતીમાં મોટો રાજકીય જુવાળ ફાટી નીકળ્યો છે, જેના કારણે ભાજપ માટે કપરી પરિસ્થિતિ ઊભી થઇ છે.

પહેલાથી જ મહાયુતિને ટેકો આપી રહેલા પ્રહાર જનશક્તિ પાર્ટીના બચ્ચુ કડુએ રાણાની ઉમેદવારીનો અસ્વીકાર કરી તેમનો પ્રચાર ન કરવાની જાહેરાત કરી છે ત્યારે હવે એકનાથ શિંદે જૂથના દિગ્ગજ નેતા તેમ જ ભૂતપૂર્વ પ્રધાન રહી ચૂકેલા આનંદરાવ (જુઓ પાનું ૪) ▸▸

# હવે આઠવલેએ નારાજગી વ્યક્ત કરી

### ટૂંક સમયમાં નિર્ણય લેવાનો આપ્યો ઈશારો

પુણે: લોકસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધન (ભારતીય જનતાં પાર્ટી, એકનાથ શિંદે જૂથ, એનસીપી શરદ પવાર જૂથ) વચ્ચે બેઠકોની વહેંચણીનું કોકડું ઉકેલાતું જણાઇ રહ્યું છે, એવામાં કેન્દ્રિય સામાજિક ન્યાય ખાતાના રાજ્ય પ્રધાન રામદાસ આઠવલેએ મહાયુતિમાં હોવા છતાં તેમના પક્ષને મહારાષ્ટ્રમાં પ્રધાન પદ સાથે ચૂંટણીમાં બે બેઠક ન આપવાની સાથે મહાયુતિની બેઠકમાં પણ સામેલ નહીં કરવાની બાબતે નારાજગી વ્યક્ત કરી હતી.

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આરપીઆઇ)ના અધ્યક્ષ રામદાસ આઠવલે મહાયુતિ ગઠબંધન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી અને બે-ત્રણ દિવસમાં તેમની ભૂમિકા સ્પષ્ટ કરશે, એવો ઈશારો પણ આપ્યો હતો. પુણેમાં ગુરુવારે એક સભા દરમિયાન રામદાસ આઠવલે એ કહ્યું હતું કે રાજ્ય સરકારના પ્રશાસકીય કાર્યક્રમમાં મારો ફોટો ક્યાક લગાવવામાં આવતો નથી. અમારા કાર્યકરોને કાર્યક્રમમાં પણ સામેલ કરવામાં આવતા નથી, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને આસામમાં અમારો પક્ષ સ્વતંત્ર રીતે લડે છે. અમારી સાથે રહેનાર સત્તામાં આવે છે અને મહારાષ્ટ્રમાં અમને સોલાપુરની સીટ આપવામાં આવે એ બાબતે અમે બેઠકમાં અરજી કરી હતી.

ભાજપે તેમના ઉમેદવાર જાહેર કર્યા. મને વિરોધી પક્ષ મહાવિકાસ (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈથી પુણે-નાશિકની શેરિંગ ટેક્સીના ભાડાંમાં વધારો થશે

મુંબઈ: આર્થિક પાટનગરમાં સરળ ટ્રાન્સપોર્ટેશનનો મુદ્દો હંમેશાં સરકાર માટે પડકારજનક રહ્યો છે. જોકે પાટનગર નજીકના પરાં વિસ્તારો જ નહીં, પણ શહેરોમાં અવરજવર કરનારા લોકોને શેરિંગ ટેક્સીમાં પ્રવાસ કરવો પડે છે, ત્યારે આગામી દિવસોમાં આ સર્વિસ પણ મોંઘી થવાના એંધાણ છે.

હવે મુંબઈથી નાશિક, પુણે, શિરડી અને પુણેના અન્ય રૂટ્સ પર શેરિંગ ટેક્સીના ભાડાંમાં રૂપિયા ૫૦થી ૨૦૦નો વધારો થવાનો છે. આ મહિનાની શરૂઆતમાં યોજાયેલી બેઠકમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એમએમઆરટીએ)એ આ ત્રણ રૂટ્સ ઉપર કાળી-પીળી, નોન-એસી ટેક્સી (જુઓ પાનું ૪) ▸▸

# પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા 'મુંબઈ મેટ્રો રેલ'ના કૉન્ટ્રેક્ટરને પાલિકાની નોટિસ

### ૩૭૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાણાકીય વર્ષ પૂરું થવાનું છે ત્યારે જાગેલી મુંબઈ મહાનગર પાલિકા પ્રોપર્ટી ટેક્સનો પોતાનો લક્ષ્યાંક પૂરો કરવા માટે હવાતિયા મારી રહી છે. અત્યાર સુધી માંડ ૫૦ ટકા સુધી પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરનારી પાલિકાએ 'મુંબઈ મેટ્રો રેલ'ના કૉન્ટ્રેક્ટરોને પ્રોપર્ટી ટેક્સ નહીં ભરવા બદલ નોટિસ ફટકારી છે. આ રકમ લગભગ ૩૭૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

મુંબઈ શહેર અને ઉપનગરમાં મેટ્રો રેલવેના મોટા પ્રમાણમાં કામ ચાલી રહ્યા હોઈ સંબંધિત કૉન્ટ્રેક્ટરોએ પ્રોપર્ટી ટેક્સ ચૂકવ્યો ન હોવાથી મુંબઈ મહાનગરપાલિકાએ તેમને ૧૯ માર્ચ, ૨૦૨૪ના નોટિસ ફટકારી હતી અને આપેલી મુદતમાં ટેક્સ ભરી દેવા માટે કહ્યું (જુઓ પાનું ૪) ▸▸

# બારામતીનો બબાલ શાંત: શિવતારે મળ્યા મુખ્ય પ્રધાન શિંદેને

મુંબઈ: ભૂતપૂર્વ પ્રધાન રહી ચૂકેલા શિવેસનાના નેતા વિજય શિવતારેએ બારામતી ખાતેથી અપક્ષ ચૂંટણી લડવાની જાહેરાત કરી અને બંડ પોકાર્યું ત્યાર બાદ મામલો થાળે પડતો દેખાઇ રહ્યો છે. શિવતારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને તેમના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે મળ્યા હતા. શિવતારેએ શિંદે સાથે (જુઓ પાનું ૪) ▸▸

પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w), Since 2003
PANKAJ CHHEDA
9869559938

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**